Date of Publication 10th Posted on Every Month

# પરબ

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

તંત્રી : યોગેશ જોષી

જૂન : ૨૦૨૦
વર્ષ : ૧૪, અંક : ૧૨



# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો



**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧**
**(ઈ. ૧૧૫૦-૧૪૫૦) પ્રાચીનકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૪+૩૧૨, કિંમત રૂ. ૨૧૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૧**
**(ઈ. ૧૪૫૦-૧૬૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૪૯૨, કિંમત રૂ. ૨૮૦/-



---



**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૨**
**(ઈ. ૧૬૫૦-૧૮૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૩૯૫, કિંમત રૂ. ૨૫૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩**
**(દલપતરામથી કલાપી)**
પ્રથમ આવૃત્તિ : સંપા : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. : રમણ સોની
પાકું પૂઠું : પૃ. ૧૬+૬૫૬, કિંમત રૂ. ૫૦૦/-



---



**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૪**
પ્રથમ આવૃત્તિ સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ સહાયક સંપાદક ચિમનલાલ ત્રિવેદી
શોધિત વર્ધિત આવત્તિ સંપાદક : રમણ સોની
પાકું પૂંઠું પૃ. ૧૬ + ૬૦૦ કિંમત રૂ. ૫૫૦/-

समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૪ જૂન : 2020 અંક : ૧૨

પરામર્શનસમિતિ

**સિતાંશુ યશશ્ચંદ્ર**
પ્રમુખ

**કીર્તિદા શાહ**
પ્રકાશનમંત્રી

તંત્રી
**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭ • Email : gspamd123@gmail.com

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

♦ ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

♦ ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.

♦ ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.

♦ વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.

♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.

♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.

♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)

♦ ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

♦ ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.

♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**

♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**Parishad Email : gspamd123@gmail.com**

E-mail : **parabgsp@gmail.com** vruttparabgsp2018@gmail.com

Web-site : www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭

www.gujaratisahityaparishad.com

પરબ ISSN : 0250-9747 છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : કીર્તિદા શાહ (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૦૬

# અ નુ ક્ર મ


**પ્રમુખીય :** સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે, સિતાંશુ યશશ્ચન્દ્ર 6

**કવિતા :** પાંચ ગીતો, ચંદ્રકાન્ત શેઠ 12 બે કાવ્યો, રાજેશ પંડ્યા 14 એક શૂન્ય કવિતા, અનિલ રમાનાથ 16 મારી નિદ્રાના પહેરેદારો, મનીષા જોષી 19 પંખી અને તકડો, રમણીક સોમેશ્વર 21 બે ગઝલ, અનિલ ચાવડા 22 જાદુ શું કીધું ગરમાળે !, યામિની વ્યાસ 23 એક કાવ્ય, વિપાશા 23

**વાર્તા :** ઓઠું, રવીન્દ્ર પારેખ 24 બસ, એટલું જ, દેવયાની દવે 27

**અનુવાદ :** જડાઉ પિન, આઈજેક બાશોવિસ સિંગર - ભાવાનુવાદ - બકુલ દવે 33

**નિબંધ :** લેખણ, હર્ષદ ત્રિવેદી 46

**આસ્વાદ :** શોષણ અને શાસકના મનોસંઘર્ષનું નિરૂપણ કરતી કલાત્મક વાર્તા - ‘અચરજ’, ડૉ. રાજેશ વણકર 53

**અભ્યાસ :** કવિતા નિષ્પન્ન કરતી ગીતરચનાઓ, વિનોદ જોશી 56

**સમીક્ષા/ગ્રંથાવલોકન :** ‘કથાવિશ્વ’ની સ્મૃદ્ધિ, હિમાંશી શેલત 61 નિષેધોને ઉલ્લંઘી જતી કવિતાનો ‘ળ’ સિદ્ધ કરતો ધ્યાનાર્હ સંગ્રહ... : એક વિહંગાવલોકન, રાધેશ્યામ શર્મા 68 ચેખોવનો સર્વાંગી પરિચય કરાવતો ગ્રંથ, અભિજિત વ્યાસ 71 સૌંદર્ય અને સંસ્કૃતિનો વિરલ યોગ : ‘પરિક્રમા નર્મદા મૈયાની’, ડૉ. વિપુલ પુરોહિત 74 અનુભવોનું ઐશ્વર્યવાન પ્રવાસરૂપ, જનક રાવલ 78

**શ્રદ્ધાંજલિ :** પરિષદ પરિવારની શોકાંજલિ, સિતાંશુ યશશ્ચન્દ્ર 82 સહુના આત્મીય પારુબહેન ચૌધરીની ચિરવિદાય, પ્રફુલ્લ રાવલ 83

**આપણી વાત :** સંકલન : પ્રફુલ્લ રાવલ 84

**આવરણચિત્ર સંદર્ભનોંધ :** પીયૂષ ઠક્કર 89

**આ અંકના લેખકો :** 91

## પ્રમુખીય

# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

### લેખાંક-૨૬

### પુ. શિ. રેગે : કવિતાની ભીતરી ભૂગોળના સાહસસફરી

**સાં**પ્રત ભારતીય કવિતાના એક વિરલ સૂરને સાધતી, પોતપોતાની રીતે એ સૂર લગાડતી કેટલીક કૃતિઓની વાત છેલ્લા કેટલાક મહિનાઓથી અહીં આરંભી છે. અસમિયા કવિ નીલમણિ ફૂકનની વિરલ-સુંદર કાવ્યરચનાઓની વાતથી માંડેલી આ કહાણી ભારતીય-આંગ્લ કવિ કેશવ મલિકની નિસ્પૃહતાના રંગે રંગાયેલી કવિતાની પહેચાન કરાવતી આગળ વધી છે. મરાઠી કવિ પુ. શિ. રેગેની એકદમ ઓછાબોલી કવિતાનો પરિચય આ અંકથી આરંભાય છે. છેવટે, ભારતના ઉત્તમ ઇતિહાસપ્રજ્ઞ સર્જકોમાંયે અગ્રણી એવા બંગાળી કવિ શંખો ઘોષની કવિતાના પરિચયમાં 'ભારતીય કવિતાના ત્રીજા સૂર' વિશેનું, ચાર કવિઓની સર્જકતાનો મર્મ મેળવવા મથતું આ લેખ-ગુચ્છ પરિણતિ પામશે.

ભારતીય કવિતાનો આ ત્રીજો સૂર એટલે શું? આગળ કહ્યું હતું એમ ટી. એસ. એલિયટે તારવેલા કવિતાના નાટ્યાત્મક સૂરની આ વાત નથી. અહીં શોધ છે સાંપ્રત ભારતીય કવિતાના એવા સૂરની જે પ્રગટપણે સામાજિક નિસ્બત ધરાવતી, સાહિત્યના દાયિત્વના ખ્યાલથી દોરવાતી કાવ્યધારાથી અલગ હોય; છતાં ન હોય કેવળ સૌંદર્યલુબ્ધ રૂમાની ધારાને સમરૂપ; કે ન હોય સમરૂપ આજેયે ભારતીય કવિતામાં વહેતી મધ્યકાલીન ભક્તિ અને અધ્યાત્મની કવિતાની ધારા સાથે. ફૂકન, મલિક, રેગે અને શંખો ઘોષની કવિતા ભારતીય કવિતાની એક અનન્ય મોકળી અને વિશાળ જગ્યાની શોધનો ભાગ છે.

ભારતીય કવિતાનો પોતાનો એ અનોખો ત્રીજો સૂર રેલાવવા માટેનો વિશાળ અવકાશ આજની આ ભારે ભીડભાડવાળી સાંકડમુકડ જગ્યામાં આ કવિઓએ ક્યાંથી ઉપજાવવાનો છે? કવિતાએ જાતે, પોતાની ભીતરી ભૂગોળમાંથી પોતાની માલિકીની એ જગ્યા ખોલી લેવાની છે. કવિતા પેટા-ભાડૂત તો નથી જ, ભાડૂત પણ નથી, કવિતાએ

કોઈ રાજકીય વિચારસરણી પાસે કે કોઈ 'કૉઝ' માટેની પ્રતિબદ્ધતા પાસે એ મોકળાશ લીવ ઍન્ડ લાઇસન્સ ઉપર લેવાની નથી. કે માલદાર વેશ્યા જેવી આજની પણ્ય કવિતા પાસે, કે વિકલ્પે, આજના ચાલાક અર્થકારણની ભાગીદારીમાં પ્રજા પાસે પાણીને મૂલે પડાવેલી લોકપ્રિયતા ધરાવતા આજની કોઈ ઝાકઝમાળ આધ્યાત્મિકતા કે ધાર્મિકતા પાસે એ લીઝે લેવા કવિતાએ જવાનું.

મલિક હો કે ફૂકન, ઘોષ હો કે આજે જોઈશું તેમ રેગે – સાંપ્રત ભારતીય કવિતાનો આ પોતીકો અને અભિનવ સૂર પોતાના વિસ્તીર્ણ ગુંજારવ માટે આવશ્યક એવો જે અભિનવ અવકાશ મેળવે છે એ તો કવિતાના પોતાના ભીતરી શક્યતાનો પ્રદેશ છે.

ભારતીય કાવ્યમીમાંસા માટે આ સાહસ અજાણ્યું કે નવું નથી. એ કાવ્યમીમાંસા કવિતાની બન્ને પ્રકારની વિસ્તીર્ણતાઓને પૂરી પિછાણે છેઃ એક તરફ છે સાહિત્યની સામાજિક આદિ પ્રતિબદ્ધતાનો પ્રદેશઃ 'કાવ્યમ્ યશસે, અર્થકૃતે, વ્યવહારવિદે, શિવેતરક્ષતયે.' બીજી તરફ છે સાહિત્ય-મંડી, જ્યાં વાણીનો વેપાર ધમધોકાર ચાલે છે. પણ સાથોસાથ છે એ વિસ્તીર્ણ પ્રદેશ, કવિતાની ત્રીજી શક્યતા માટે : વિગલિત વેદ્યાન્તરે થતા કાવ્યાનુભવનો પ્રદેશ. અર્થાત્, બીજી બધી જ ખેવના, સભાનતા, પ્રતિબદ્ધતા એક બાજુ છોડી, બીજી બાજુ લોકપ્રિયતા, માનપાન, પ્રતિષ્ઠા, પુરસ્કારો, પૈસો, બધું છોડી, એ સર્વ 'વેદ્યાન્તરો' કહેતાં કાવ્યાનુભવથી જુદા અનુભવો છોડી, કવિતાની પોતાની ભીતરી વિશાળતાથી મુખોમુખ થવાનું સાહસ. એ નિસ્પૃહ સાહસિકતાનો સૂર તે ભારતીય કવિતાનો ત્રીજો સૂર. એ સાંભળવાની ક્ષમતા કેળવવાનો યત્ન હમણાં થોડા અંકોથી 'પરબ'ની આ લેખમાળામાં ચાલે છે.

*

પ્રિય વાચક, તને થશે કે સીતાન્સુ ભઈની હવે અવસ્થા થઈ તે એ પોતે જ ભૂલી ગયા લાગે છે કે એમણે પેલું સું કહે છે, 'સમકાલીન ભારતીય કવિતાઃ આપણી વાત આપણી રીતે' કે એવું કૈંક લખવાનું છે ! મહાશય, અવસ્થાવાળી વાત સાચી પણ ભૂલી ગયાવાળી વાત ખોટી. વાત એ છે કે આ વખતે જે રચના વિશે લખવાનું છે એને નજીકથી અને ઊંડાણથી વાંચવા-માણવામાં ઉપર કહેલી વાતો સહાય કરે, કદાચ. તો હવે સિદ્ધાન્ત-નિવેદનને છોડીને વિગલિતવેદ્યાન્તરે કાવ્યનિમજ્જન કરીએ !

*

પુ.શિ.રેગેની રચના, (સાવ નાની, શીર્ષક સાથે કુલ સાત પંક્તિની) મૂળ મરાઠીમાં અને નવા અનુવાદ રૂપે ગુજરાતીમાં જોઈએઃ

**दुसरा पक्षी**

पक्षी जें झाडावर गाणें गातो
आहे झाडच दुसरें पुन्हां त्या गाणात्

पक्षी जें झाडावर गातो.

झाडावर जें गाणें पक्षी गातो
आहे पक्षी दुसरा गाणांत्यच त्या पुन्हां
झाडावर जें पक्षी गातो.

**બીજું પક્ષી**

**પક્ષી જે વૃક્ષ પર ગીત ગાય**
**છે વૃક્ષ જ તો બીજું વળી એ ગીતમાં**
**પક્ષી જે વૃક્ષ પર ગાય.**

**વૃક્ષ પર જે ગીત પક્ષી ગાય**
**છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી**
**વૃક્ષ પર જે પક્ષી ગાય.**

*** અથવા, આ અનુ-વચનઃ**
**પંખી જે તરુવર પર ગીત ગાય છે**
**હોય છે તરુવર જ તો વળી બીજું, એ ગીતમાં**
**પંખી જે તરુવર પર ગાય છે.**

**તરુવર પર જે ગીત પંખી ગાય છે**
**હોય છે પંખી બીજું વળી એ ગીતમાં જ તો**
**તરુવર પર જે પંખી ગાય છે.**

*

— વૃક્ષ, પંખી, ગીત : બસ એ સિવાયનું બધું વીસરાઈ ગયું છે આ પળે ! આ પેલા ઝાડ પર આ પેલું પક્ષી આ ગીત ગાય છે. બસ. સાંભળ્યા અને જોયા કરીએ. સનાતન વર્તમાન કાળ. ‘ક્ષણ જે ચિરંતન’ કવિવર રાજેન્દ્ર શાહ કહે.

— કાવ્ય નથી આ, ચિત્ર છે. ભાવક સામે સમય નથી, એક રેખાબદ્ધ સ્થળ છે. કાવ્ય વાંચતાં એક કર્ણગોચર સમય ખસે (ટક્ ટક્ ટક્, જાણે). રેગેનું આ છે તેવું કોઈ પણ કલ્પનકાવ્ય જોતાં સ્થળમાં, સ્પેસમાં ચાલવું પડે (ડાબો-જમણો-ડાબો, જાણે).

તો પ્રિય ભાવક, વાંચો નહીં હવે, બસ જુઓઃ ‘પક્ષી જે વૃક્ષ પર ગીત ગાય / છે વૃક્ષ જ તો બીજું વળી એ ગીતમાં / પક્ષી જે વૃક્ષ પર ગાય.’ દેખાયું હવે, પેલું આ એક ઝાડ? લીલું, ઘટાદાર લાગે છે ને? અને દેખાયું પેલું? હા, હવે દેખાયુંને પંખી? ‘વિટ્ વિટ્ ટ્વિટ્’ એ ગીત જે સંભળાયું હતું, તે આનું જ હતું. કેવું લપાયું છે! રંગો તો દેખો એના, ને લાંક! ને ચાંચલ્ય ! ને, અરે, આ શો ચમત્કાર? (કાવ્યચમત્કાર!) કે એ ગીતમાં, એ વિટ્ ટ્વિટ્-માં વળી એક વૃક્ષ દેખાય છે? એ તો છે ‘दुसरा झाड’, ‘બીજું વૃક્ષ.’ નરી કવિનિર્મિતિ. કેવી છે એની ઘટા? પાંદડાંનો આકાર? ડાળીઓનો ફેલાવો? પીપળાનો પીપળો જ છે બીજો, કે ઝાડ જુદું જ છે, વડનું? કે આંબો છે, આફુસ કેરીનો, રત્નાગીરીનો?

ના, સુહૃદ, સરખાવવાં નથી એ વૃક્ષો, ભલે એમ જ રહ્યું એ દરેક ‘બીજું વૃક્ષ’ : તમે જોયેલું ને મેં જોયેલું ને કવિએ જોયેલું ને પંખીએ જોયેલું, દરેક અનન્ય તોયે આ ‘બીજું વૃક્ષ’! દરેકનું એક વૃક્ષ ભલે એક જ હોય પણ બીજું વૃક્ષ અલગ હોય, પોતીકું. તો જ કવિતા બને, નહીં તો વ્યાકરણ કે વેદાંત !

*

કાવ્ય દરેકનું પોતીકું હોય, જેમ વૃક્ષ પેલા પંખીનું હોય, એનું સ્વકીય, એમ. પંખીએ ક્યારેક અગાઉ જોયું હશે, એ બીજું તરુવર? કે હમણાં જ આ બસ હમણાં જ આ ફ્રેમમાંથી બહાર એક લસરકે ઊડી આ પંખી જે બીજા એક વૃક્ષ પર જવાનો વિચાર કરતું હશે, એ બીજું વૃક્ષ? ગત કાળ કે અનાગત કાળ? ખૂબી એ છે આ રચનાની કે એ કાવ્ય છે પણ ચિત્ર જેવું છેઃ ટાઇમમાં નહીં, સ્પેસમાં રહેલું છે. ગત, અનાગત જેવું કશું નથી. જે છે તે સામે છે, અબી હાલ. હા, ‘ત્રીજા નેત્રની પ્રસાદી’ લેતાં આવડે તો લેવાની પૂરી છૂટ છે, પ્રિય ભાવક. એટલે જ તો જો અનુવાદક એને ‘ત્રીજું તરુવર’ કહે, તો એ અનુવાદ ખોટો છે, એવા કાગળ કોઈ કોઈને ન લખતા, મહેરબાન. પછી પસ્તાવું પડશે. અને વાત ત્યાં જ પૂરી થતી નથી.

*

હજી આ અદ્‌ભુત, સાત પંક્તિની સુદીર્ઘ રચનાની બીજી કડી બાકી છે. એ કડી ત્રણ પંક્તિઓની છે, નાનીસૂની નથી. પ્રિય વાચક! જો-જો, વળી વળીને જો, રેગેના આ વૃક્ષને; ને એના આ પંખીને; ને સાંભળ એનું ગીત. ત્રણ જ વાનાં છે : વૃક્ષ, પક્ષી અને ગીત. પણ એમનો વિસ્તાર તો અનુભવ, ડિઅર !

— ‘વૃક્ષ પર જે ગીત પક્ષી ગાય / છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી/ વૃક્ષ પર જે પક્ષી ગાય.’ આ ગીતમાં, પંખીના, કવિના, ભાવકના આ ગીતમાં માત્ર વૃક્ષ જ એકાધિક છે, એવું નથી. ‘તને જોઈ જોઈ તોય તું અજાણી’, રાઇટ? ‘વૃક્ષ પર જે પક્ષી ગાય / છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી’! — બીજું પક્ષી ગોતવા પાછા તમે બીજે ક્યાંક ન ઊપડતા, મહેરબાન, ઝુંબેશોમાં, વિચારસરણીઓમાં, કોઈ આકા-બાપા-રાજા પાસે ! બીજું પંખી ક્યાં છે? ‘ગીતમાં જ તો વળી’, કવિ કહે છે.

સાંભળો : છે, બધું જ છે અહીં. ને કશુંય નથી. પ્યોર, ઇન્ફાઇનાઇટ પ્રેઝન્સ. પૂર્ણમિદમ્. વળી સર્વમ્ શૂન્યમ્ ઇદમ્. એટલે જ, ‘ગિવ અસ અવર ડેઇલી નાદા’, ‘પિન્ગ અપોન પિન્ગ’! — આ મંત્રોચ્ચારો વિશે વળી ક્યારેક વાતો કરીશું, પ્રિય વાચક!

*

પણ હાલ તો આ નવો પરિચ્છેદ પાડીએ. એટલે કે હવે જે લખાય છે એના હમણાં માણેલા કાવ્ય સાથેના સંબંધને ચારે તરફથી છેદીએ. પરિ-ચ્છેદ કરીએ, પૂરો તોડીએ, શબ્દાર્થમીમાંસાની પરિભાષામાં કહેતાં સન્નિધિભંગ કરીએ. હવે આગળ વધીએ.

એ રીતે આગળ વધતાં શું શું યાદ ન આવે?! ગુરુ દ્રોણની પરીક્ષામાં ઊભેલો

નવયુવક બાણાવળી અર્જુન યાદ આવે, એને પંખીની આંખ જ દેખાતી હતી. વળી કવિ વર્ડ્ઝવર્થની પેલી 'સોલિટરી રીપર' યાદ આવેઃ 'બિહોલ્ડ હર, સિંગલ ઇન ધ ફીલ્ડ, યોન સોલિટરી હાઈલૅન્ડ લેસ ! રીપીન્ગ ઍન્ડ સિન્ગિન્ગ બાય હરસેલ્ફ; સ્ટોપ હીઅર, ઑર જેન્ટલી પાસ!' એ કવિ ચુપચાપ સાંભળે અને જુએ છેઃ હરિયાળા ખેતરમાં લણણી કરતી નાનકડી પર્વતકન્યા કામ કરતી જાય અને ગાતી જાય. પણ એ ગીત એ સાંભળનારને જાણે ગાંઠતું નથી !કવિને પૂરું સમજાતું નથી કે સામેની ખીણમાં અને પોતાની કવિતામાં ગીત ગાતી એ કાવ્યકન્યા શેનું ગીત ગાય છે?! સાંભળનાર કવિ પૂછી ઊઠે છેઃ 'વિલ નો વન ટેલ મી વૉટ શી સિન્ગ્ઝ?' 'એ કન્યકા શેનું ગીત ગાય છે એ મને કોઈ નહીં કહે?' — ને કવિતાના સદ્‌ભાગ્યે કાવ્યના અંત સુધી કોઈ એ સવાલનો જવાબ આપતું નથી. એટલે જ તો કવિતા બચી જાય છે અને વળી લા-જવાબ બને છે ! જો કોઈ સ્વયં-નિયુક્ત સર્વજ્ઞ રેડીમેડ ઉત્તરો આપવા આવી પહોંચે, કવિતાની સ્વરાજ સરહદમાં, તો કવિ/ભાવક એને સીમાપાર વળાવી આવે ! 'સ્ટૉપ હિઅર ઑર જેન્ટલી પાસ.'

જોકે પેલો સવાલ તો થયા જ કરેઃ 'વિલ નો વન ટેલ મી વૉટ શી સિન્ગ્ઝ?' સવાલ છે ત્યાં સુધી સવાદ છે ! જવાબ પકડાવ્યો કોઈએ કે તરત શરૂ થાય સાહિત્ય-સંસાર-સ્વામીઓની ગળચટી રાજખટપટ!

*

એ અર્થમાં (પણ) રેગેની આ કવિતા લા-જવાબ છે!

લૉકડાઉનની નાનકડી જગ્યામાંયે કેટલો વ્યાપક વિસ્તાર એક કવિતા ઉઘાડી આપે, એ અનુભવ્યું, પ્રિય ! જોકે બીજો કવિ કહી ઊઠેઃ 'આઇ વિલ શો યુ ફીયર ઇન હૅન્ડફુલ ઑફ ડસ્ટ.' — એયે કવિતા. સાત પંક્તિઓના આ દીર્ઘ કાવ્ય અંગે આપણી વાતો જારી રહેશે, આવતા અંકમાં. પણ રેગેની જ એક બીજી રચનાથી આજની વાત હાલ આટોપીએ, એટલે કે જારી રાખીએ.

*

**બોલવું./ પુ. શિ. રેગે**

**તું તો બોલતી નથી.**

. .

. .

. .

**એમાંથી મેં એક અલાયદો અર્થ તારવ્યો.**

**એનાં જ તો થયાં ગીતો,**<br>**થોડીક વાર્તાઓ,**<br>**એક બે અધ-ઓળખ્યા સંવાદો,**<br>**અડધાંપડધાં દર્શનો . . .**

**પછી મને સમજાયું**
**એ જ તારું બોલવું હતું . . .**
**સહજ, મનમોકળું,**
**પરોઢિયાના સમયની આસપાસનું.**

(અનુ. સિ.)

વધુ રસિક ભાગ આવતે અંકે.

*

સમા, વડોદરા
મે ૨૨, ૨020

❑

## સાભાર સ્વીકાર

### નવલિકા

**ઉડવાની મળી પાંખ,** ડૉ. એમ. પી. કાકડિયા, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૧૦૪, રૂ. ૧૭૫. **સૂચિત્ર,** મેઘા ત્રિવેદી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, ૧૨ + ૧૫૧. રૂ. ૨૨૫ **સાદ ભીતરનો,** કંદર્પ ર. દેસાઈ, ૨૦૧૯, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬૮, રૂ. ૧૬૦ **રમેશ ર. દવેની પ્રતિનિધિ વાર્તાઓ,** પારુલ દેસાઈ/કંદર્પ દેસાઈ, ૨૦૧૯, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૦૬, રૂ. ૨૦૦ **કલ્પવૃક્ષ,** સંપા. ધર્મેન્દ્ર ત્રિવેદી, ૨૦૧૯, જાહ્નવી પ્રકાશન, ગાંધીનગર, પૃ. ૧૨૮, રૂ. ૧૦૦ **ઈશાની વાયરા,** મોહનલાલ પટેલ, ૨૦૧૯, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૯૨, રૂ. ૨૨૫ **ફૂલબઝાર,** પન્ના ત્રિવેદી, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની, પ્રા.લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૨૫, રૂ. ૧૨૫ **રજથી સૂરજ સુધી** ગિરીમા ઘારેખાન, ૨૦૧૯, અમોલ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬૮, રૂ. ૧૬૦

# પાંચ ગીતો | ચંદ્રકાન્ત શેઠ

## ૧. એક વેલ જોઈ એવી મેં

એક વેલ જોઈ એવી મેં,
વડ ઊભો'તો ટટાર, જેનો નાજુક ટેકો લઈને;
વેલ જોઈ એવી મેં ! –

એ વેલીના પાને પાને લસતું'તું જે નૂર,
એનાથી વડમાં વ્યાપી'તી તાજપ શી ભરપૂર !
વેલ વીંટાતાં ખૂબ ખીલ્યો'તો વડ કેસૂડો થઈને !
વેલ જોઈ એવી મેં ! –

મેહ વીજથી, એમ વેલથી વડ વરસ્યો'તો વ્હાલ;
વેલ પરશતાં થયો હતો વડ રાતો ડાળેડાળ !
સાગર સરિતે, વડ પણ વેલે એમ ઢળ્યો'તો ચહીને !
વેલ જોઈ એવી મેં ! –

નમણી કોઈ નજરથી ચાંદે થાય રૂપેરી રાત,
ગગન ધરાથી એમ થતો'તો વડ વેલે રળિયાત !
એ વડ-વેલ તણું ગીત ગાવું હવે મધુવન રહીને;
વેલ જોઈ એવી મેં ! –
વડવાળી એક વેલ જોઈ અંદર મેં !

## ૨. આ ધરતીની ધૂળ

આ ધરતીની ધૂળ
કેસરથીયે અદકેરી – અણમૂલ !

આ ધરતીની ધૂળ-માટીએ ધાન પકાવ્યું, ખાધું;
એની ધૂળ-માટીથી શીળું ઘરનું સુખ મેં બાંધ્યું;
એમાં વાવ્યાં વૃક્ષોએ જે દીધાં ફળ ને ફૂલ,
એ જ ધરાનું ધાવણ – અર્ક અમૂલ !

આંસુ-લોહી-પસીને સીંચી જે દૃઢ ને ખમતીધર,
સંત-વીરોના પાદપંકજે પ્રસાદમય પાવનકર;
જેના ખોળે ખેલ્યાથી ભવ લાગે ધન્ય પ્રફુલ્લ,
એની જ ધૂળમાં મારાં કુળ ને મૂલ !

## ૩. ખોટું મને ખપે ના

ખોટું મને ખપે ના;
જુઠ્ઠું મને જચે ના.

આડુંતેડું અઢળક મળતું,
એમાં ચિત્ત લટે ના. –

મારું વાવ્યું મને મુબારક,
ઝાઝું કશું રુચે ના;
અનહકનું ઉત્પાત મચાવે,
કોઠે કદી પચે ના;
કોઈ પરાયા અજવાળાથી ઊજળા થવું ઘટે ના. –

દેખાડા તો ખૂબ દઝાડે,
ચોખ્ખું ચખે ચડે ના;

કોલાહલની આડે કાને
અસલી સૂર પડે ના;
પડછાયા પ્હેરી પ્હેરીને ક્યાંયે જવું હવે ના ! –

સદા સાચનો સ્વાદ માણવો,
બનાવટે પડવું ના;
પાખંડીનાં પગલાં જોતાં
અવળે પથ પળવું ના;
પાંખ ખોલવા ગગન જોઈએ, ઓછું કશું ખપે ના;

લકવાયેલી હસ્તી સાથે ટકવું અહીં ગમે ના. –

## ૪. સૂરજ જ્યારે ડૂબ્યો…

સૂરજ જ્યારે ડૂબ્યો, એનો અંતરમાં આતંક;
તેજ-કમળ સૌ ગયાં, ઊભર્યો અંધકારનો પંક ! –

મ્લાન થયાં સૂરજમુખીનો અંતર્દાહ ન ઠરશે;
પતંગિયાં પણ ફૂલો આગળ ફેરા હવે ન ફરશે;
તારક તારક અમાસનું મન ઉજાગરે તરવરશે;
સોનપરીની પાંખો ખરતાં પવન લાગતો રંક ! –

સાતે ઘોડા છૂટી ગયા તો રથ પણ અહીં વિરમશે;
ખુલ્લામાં જે ખેલ્યા તેઓ ઘેર ખાલીપો ખમશે;
જે ઊઘડેલું, બંધ થતું તે આંખોને શું ગમશે ?
રખે રાહુને રસ્તે આવે મળવા કોઈ મયંક ? –

### ૫. કેમ કાઢવું અંતર

વાડ વગરનું ખેતર ચાહું, તીર વગરનો સમદર;
ગગન ઓઢીને સુવાય એવું હવે જોઈએ છે ઘર! –

જે આવે તે પિંજર લાવે, મૂકે મારે ઉંબર;
આવકાર તો આપું પણ કંઈ જવાય એની અંદર?
એને ક્યાં હું સ્થાપું, જેનું ઘાટ વગરનું ઘડતર? –

શિખરેથી જે સાદ કરે તે ખીણે ઘેર્યો ડુંગર;
પંગુને જે પ્હાડ ચડાવે એવા ક્યાં શક્તિધર?
મૂંગાંમંતર થયાં જાગશે કયા ઇલમથી જંતર? –

તાપ વિના પણ તેજ વરસતો ઊગશે ખરો દિવાકર?
ક્યાંક રાહુમાં અટવાયેલો છુટ્ટો થશે સુધાકર?
સૌથી અલગ મને કરનારું કેમ કાઢવું અંતર?

## બે કાવ્યો | રાજેશ પંડ્યા

### ૧. આગ કે...

દિવાસળી સળગાવ્યા પછી
અને
હોલવાઈ જાય એ પહેલાં
માણસના હાથ એને ક્યાંય પણ ફેંકી શકે.

ખેતરશેઢે ખડકેલી ઘાસગંજીઓમાં
જો જઈને પડે તો કેટલાંય
ઢોરઢાંખરનાં પેટની આગ ભડભડી ઊઠે કટાણે

અથવા
ગામની બ્હાર હારબંધ બસ્તીના
એકબીજાના પડછાયા જેવાં છાપરાં
એકસામટાં સળગી ઊઠે
અધમધરાત
સૂરજ ઊગ્યો ન હોય ઓચિંતા
એવાં અજવાળાંથી અંજાઈ ગયેલી આંખો
ચોળતાં ચોળતાં દેખાય
કે રાતનું ધાબું પડી ગયું છે જમીનસરસું
કાળામેંશ ફરફોલા ઊપસી આવ્યા છે ત્યાં

અથવા તો

દેશી બેનાળીની જામગરી ચંપાયે
ઝપકારે ઝપકારે ઝ પ ઝ પ છાંટા ઊડે
ઝાડનાં પાનેપાન સોંસરવાં કાણાં પડે
જંગલજંગલ ચણોઠીઓ દડદડે

આવું ને આમાંનું
કાંઈ, કાંઈ પણ થાય એ પહેલાં
ધરતીની માટીમાંથી ઘાટ ઘડેલાં
ગંગાજમના જળ સિંચેલાં
હેતાળ હાથે હેત મઢેલાં
થોડાંક કોડિયાં લઈ આવજો વચ્ચે
દિવાસળી અડ્યે જે બની જશે દીવા
એના અજવાળે ઓળખાશે
માણસના ચહેરા.

## ૨. કોણ

મારા ભાગનાં વાદળ કોણ લૂંટી ગ્યું ?
કોણ પી ગ્યું મારા ભાગનું પાણી ?
મારા ભાગની નદીયું સૂકવી કોણે ?
કોણે રણની કાંધલ તરસ્યું આણી ?

મારા ભાગનાં ખેતર કોણે ખેડ્યાં ?
કોણ વાવે મારા ભાગની વાડી ?
મારા ભાગના કૂવા કોણ ઉલેચે ?
કોણ વાઢે મારાં જંગલ-ઝાડી ?

માથાભારે કોણ એવું છે ?
કે ગામની ચારે દશ ભેળાણી ?

કોણ ચોરી ગ્યું સપનાં મારાં
ને કોણ ફોડી ગ્યું આંખ ?
કોણ મારું આકાશ ઉજાડે
કોણ કાપી ગ્યું પાંખ ?

મારા ભાગની ભાષા કોણ ભૂંસે છે,
કોણ ખોદે છે મનની વાણી ?

મારે નઢિયે બેસી કોણ ટૂંપો દે
કોણ રૂંધે છે શ્વાસ ?
કોણ હવામાં જાપતો રાખે
રાત-’દિ બારેમાસ ?

મારા ઘરમાં ઘૂસી કોણ
મને દબડાવે ભોળો ભગલો જાણી ?

# એક શૂન્ય કવિતા | અનિલ રમાનાથ

તમે જેને ભગવાન કહો છો એ મારા જેવો અભણ છે
એને લખતાં આવડતું નથી
ખાલીપીલી ચકરડા-ભમરડા દોર્યા કરે છે
જુઓને, સૂરજનું ચકરડું, ચંદ્રનું ચકરડું, પૃથ્વીનું ચકરડું
ઈંડું પણ લંબગોળ મીંડું, આકાશના તારાઓ દૂરથી ચમકાવે
પણ સાવ પાસે જાઓ તો ગોળ મીંડું
પાછો ઉસ્તાદ કેવો ?
મીંડાથી કંટાળે તો એ મીંડાનું ટપકું કરી પૂર્ણવિરામ કરી નાખે
વાક્ય વગરનું પૂર્ણવિરામ
પોતા વિષે ગોળ ગોળ વાતો ફેલાવે
દાઢી રાખે, માળા ફેરવે, દરેક મણકો મીંડું તોય
પાછો મીંડાં ગણે ૧૦૮
અરેરે આંકડો ક્યાંથી આવ્યો ?
પેટમાં દુઃખે તો આકડાનું પાન તોડીને પેટે બાંધે
પેટની ડૂંટી પણ ગોળ મીંડું
નાભિ શ્વાસ ચલાવે,
નાકનાં ફોયણાં પણ બે મીંડાં
હું પવનચક્કી જેમ ફર્યા કરું ગોળ ગોળ શૂન્ય.

કપાળે ચાંદલાનાં ગોળ મીંડાં કરે
કુમકુમ તિલક કરે, સ્ત્રીના કપાળે લાલ શૂન્ય જેવો ચાંદલો એ જ સ્ત્રીનું સૌભાગ્ય ?
બંગડી ચૂડલો જાણે સૌભાગ્યનું શૂન્ય
મીંડાથી કંટાળે તો ત્રિપુંડ કરે
સંતરું મીંડું, સફરજન મીંડું, તરબૂચ લંબગોળ મીંડું, અજમેરી બોરનાં મીંડાં,
ચણીયાબોરનાં લાલ મીંડાં ઠળિયા મીંડાં,
ફળનાં મીંડાં દોરીને પાછો એમ કહે કે
મા ફલેષુ કદાચન : ફળની આશા રાખ નહીં
વાંસળીમાં ફૂંક મારવી હોય તો બે હોઠનું મીંડું કરવું પડે
મીંડાં વિના વાંસળી વાગે નહીં
આંખ્યના બે ડોળા વચ્ચે પણ મીંડાં દોર્યાં
જે દેખાય છે તે શૂન્ય છે. મીંડું
ઢોલ વગાડો તે તબલા કે ઢોલક વગાડો
વચ્ચે કાળાં મીંડાં હોય
ગરબા કે ગરબીમાં પણ વર્તુળનાં મીંડાંમાં ફર્યા કરો
માટીનો ગરબો પણ ગોળ મીંડું
ઈમાં અનુસ્વાર જેવાં કાણાં પણ ગોળ ગોળ મીંડાં

ઘઉં-બાજરાનાં ખેતર ચોરસ હોય કે ત્રિકોણ હોય
પણ તાવડીમાં રોટલી, ભાખરી-રોટલા
ચોરસ ખેતર પાછાં ગોળ મીંડું થઈને થાળીમાં પડે
પ્રદક્ષિણા પણ ગોળ ગોળ ફર્યા કરે
મનેખના ચહેરા પણ ગોળ ગોગોળ ગોળ ળ મીંડાં
તોપ અને બંદૂકનાં નાળચાં પણ ગોળ ગોળ મીંડાં
રોજ મસ્તક જણ્યા કરે
ૐ બોલવું હોય તો હોઠનું મીંડું થઈ જાય
ઊંડા કૂવા ગોળ મીંડાં પણ ડોલમાં છીંડાં
છીંડું શોધતાં લાધી પોળ
જ્યાં જોઉં ત્યાં છીંડાં ફાંકાં કાણાં ભોણ, બાકોરાં
મારા કાનમાં પણ કોઈએ ડ્રિલ કરીને કાણું પાડ્યું ગોળ ગોળ
‘કથા સૂણીને ફૂટ્યા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન’
કાનજીની વાંસળીમાં ગોળ ગોળ મીંડાંનાં કાણાં
ગેડીદડો રમતા યમુનામાં દડો પડતો એ પણ ગોળ ગોળ મીંડું
નદીના પથ્થર પણ ગોળ શૂન્ય જાણે શિવલિંગ
હું તો મારી માના ગોળ ગોળ સ્તનને ધાવતું નવજાત શિશુ છું
મા એટલે વ્હાલી છે કે એને માથે અનુસ્વારનો ચાંદલો નથી
ભગવાનને પોતાનાં વખાણ જ બહુ ગમે
પોતે Narsis તો નથી ને ?

આંગળી લાંબી ભલે હોય પણ
વીંટી ગોળ ગોળ શૂન્ય મીંડું
સ્પર્શની બારાખડી આંગળી જાણે
વીંટી તો સોનાનું ફાંકું
નખની જેમ આંગળીથી સાવ વેગળું
જાણે શકુન્તલા દુષ્યન્તથી વેગળી
અલ્ઝાઈમર-સ્મૃતિનાશ
કોઈ કોઈને ઓળખે નહીં
અભણ અંગૂઠો વીંટીને જોયા કરે
રથનાં ગોળ ગોળ પૈડાં ફર્યા કરે
પૈડાં એટલે ગતિશીલ ઝીરો
‘તીરથ કરી કરી થાક્યા ચરણ તોય ના પહોંચ્યા હરિને શરણ’
અર્જુન દુષ્યન્ત કર્ણના રથનાં પૈડાં ફરતાં અટકે નહીં
ટીટોડીનું ઈંડું પણ ગોળ મીંડા જેવું શૂન્ય
એમાંય વળી ઈંડાને ઢાંકી દેતો ઘંટ પણ ગોળ
પાણી સાવ અભણ છે, લખતાં આવડે નહીં, પણ
શૂન્ય જેવું વમળ લખી શકે ગોળ ગોળ વમળ ફર્યા કરે.

મારી ઔકાત રામનવમી અને નવરાત્રી સુધી જવાની
આગળ જવું હોય તો શૂન્ય પાસે જખ મારીને જવું પડે
આંકડાની છૂકછૂક ગાડીમાં એન્જિન પાછળ લાગે
બાકી તો શૂન્ય શન્ટિંગ કર્યા કરે સાવ એકલું
શૂન્ય ભૂમિતિમાં સાવ ઠોઠ
શૂન્યને આપતાં આવડે, લેતાં ન આવડે
કોઈના કાનમાં ડ્રિલ કરીને સાવ ઝીણું
ગોળ કાણું કરે, પછે કવચ-કુંડળનું શૂન્ય પહેરાવી દે
એ કવચ-કુંડળ ભિખારી માગવા આવે તો એને આપી દે.
એને આપતાં આવડે, લેતાં નો આવડે

એક મનેખને એવી ટેવ કે
રોજ એના ઘરમાંથી ઘરવખરી આપ્યા કરે
માગણની રાહ જોઈને બેઠો હોય.
પાડોશીઓ એને ટોકે
'આમ આપ આપ કર્યા કરશો તો તમારું ઘર
સાવ ખાલી-શૂન્ય થઈ જશે'
તો આપવાનો હરેડ બંધાણી તરત જવાબ આપે :
'હું મારા ઘરની સાફસફાઈ કરું છું, હું ક્યાં કોઈને આપું છું ?'
બોલો, પાડોશી શું બોલે ?
જીભ સિવાઈ જાય
ૐ નમઃ શિવાય
શકોરાનો 'શું' લખવા જાઉં છું તો
પહેલા 'શૂન્ય' કરવું પડે છે, પછી જ 'શિવ' લખાય છે
દુનિયા તો શકોરું લઈને સામે ઊભી જ છે
આપ્યા કરો, જેટલું અપાય એટલું આપ્યા કરો
શ્વાસમાં હવા જેવી લીધી છે, તે તરત પાછી આપી દીધી છે
નિરાકાર હવા ક્યારેક ફુગ્ગામાં કે ઑક્સિજનના સિલિન્ડરમાં
બંધાય ખરી, પણ સાવ રખડેલ ભટકભવાની જેવી
હવાનો રોકડિયો વહેવાર
શ્વાસની લીધેલી લોન એ જ ઘડીએ પાછી આપવી પડે

તમે જેને ભગવાન કહો છો તે મારા જેવો સાવ અભણ છે,
ગોળ ગોળ ચકરડા-ભમરડા કર્યા કરે છે
ભગવાનની માર્કશીટમાં ઝીરો માર્ક
કોઈ એને ઍડમિશન આપે નહીં
માર્ક એટલે ગુણ
નિર્ગુણ નિરાકાર અહેસાસ
ઝીરો પાસે કોઈ ગણતરી નથી

મારી આ કવિતાની માર્કશીટમાં ઝીરો માર્ક છે
કોઈએ ગણતરીમાં લેવી નહીં

અંધાર બોગદું હમણાં પૂરું થશે
ઉઘાડ દેખાશે, સાઈકલનાં પૈડાં જેવું
સૂરજનું ગોળ ચકરડું દેખાશે,
હાથમાં બૅટરી નથી,
લૅબોરેટરી નથી
આંખ્યુંની બૅટરી ડાઉન છે
કોઈ ચાર્જર નથી
અંધેઅંધ અંધારે મળ્યા
પગ ચાલ્યા કરે
હાથ હલ્યા કરે
હાલાજી તારા હાથ વખાણું કે પછી તારા પગડા વખાણું
સમય નથી
ભય નથી, શોક નથી, હર્ષ નથી
ખાલી પ્રકાશવર્ષનો હું અંધ મુસાફર
દરિયો નથી તો મારા હાથમાં હલ્લેસું નથી
મોડી મોડી ખબર પડી
હું બ્લૅકહોલનો અંધ મુસાફર છું
આ બોગદું નથી, બ્લૅકહોલ છે, તને ઉઘાડ નહીં દેખાય.

## મારી નિદ્રાના પહેરેદારો | મનીષા જોષી

મારી ઊંઘ જ
એકમાત્ર આશ્રય છે,
શોકગ્રસ્ત હાથીઓ માટે.

રક્ષા કરો મારી નીંદરની,
મારી નિદ્રાના પહેરેદારો.
મારે હણી નાખવા છે, કેટલાંક સપનાં
ને જોવાં છે,
કેટલાંક સ્વપ્નો, પૂરાં થતાં.

કેટકેટલાયે સમયથી
સતત મારી પાછળ પાછળ
ચાલ્યા કરતું હતું
એ હાથીઓનું ટોળું
આ વન પાર કરી જાય ત્યાં સુધી

સૂઈ રહેવા દો મને.

મારી નિદ્રા
વનમાં જીવતા દટાઈ ગયેલાં
મૃત પ્રાણીઓનાં શરીર સમી
અતૃપ્ત છે હજી.
એને ચડવું છે, વૃક્ષ પર
આ અજગરની જેમ
ને ખાઈ જવા છે, પક્ષીઓનાં બચ્ચાં.
એને દોડવું છે, જીવ બચાવવા
જિરાફના ઝુંડ વચ્ચે લપાઈને ભાગતા ઝીબ્રાની જેમ.
એને જોવું છે આ વન,
વૃક્ષની સૌથી ઊંચી ડાળ પર ચડીને બેઠેલા વાનરની જેમ.

મારી નિદ્રા
કોઈ સાવ જ નવું જંગલી ફૂલ છે
એને એમાંથી ખીલી ઊઠશે
કોઈ તદ્દન અજાણ્યું ફળ
પણ એનો સ્વાદ હજી કાચો છે
ને એની ત્વચા હજી કાંટાળી છે.

સૂવા દો, મને હજી.

રક્ષા કરો, મારી નિદ્રાની
ઓ પહેરેદારો,
આમ ક્રૂર ન બનો.
બેઉ હાથે ઝાલી રાખો
મારી આંખોનાં પોપચાં.
જોજો, જરીકેય ન ફરકે મારી પાંપણ.
ઊભા રહો, ખડે પગે,
મારી શૈયાની આસપાસ.

જોજો, હું ઝબકીને જાગી ન જઉં,
નહીં તો પૂરું થઈ જશે બધું,
શરૂ થતાં પહેલાં જ.

મને પિવડાવો
કેસર, ચારોળી ને જાયફળ ઘૂંટેલાં
ઘેનભર્યા દૂધપાક.
પછી તમે જોશો, ઊંઘમાં,
મારા ચહેરા પર ફરકી આવતું સ્મિત.

બસ સૂઈ રહેવા દો મને, ઘસઘસાટ.
નહીં માંગું બીજું કશું.

બહુ નજીક છું હું, હવે,
એ એક સ્થળથી.
પહોંચવા દો મને ત્યાં,
આજે રાત્રે,
આ હાથીઓ થાકીને
બેસી પડે તે પહેલાં.

## પંખી અને તડકો | રમણીક સોમેશ્વર

૧

અજાણ પંખી
આંગણે આવ્યું
છાપરીના
દાણા ચણી
ઠીબનું પાણી
હલબલાવી
થોડો તડકો
ચાંચમાં ભરી
હવામાં વમળાતું
ઊડી ગયું.

૨

વરસાદમાં ભીંજાયેલા
તડકાને
ક્યાં સૂકવવા મૂકું ?
થોડી વાર પહેલાં તો
પડ્યો હતો એ ચત્તોપાટ
સડકની વચ્ચોવચ
અને
એના પર
ચાંચ ઘસતો હતો
પંખીનો પડછાયો.

# બે ગઝલ | અનિલ ચાવડા

## ૧. બાકી છે

હજી તો દુશ્મનોની આખેઆખી ટોળી બાકી છે;
છતાં ચિંતા નથી, પિસ્તોલમાં એક ગોળી બાકી છે.

બળી ગઈ મૂછ તારી માત્ર એક તણખાના અડવાથી ?
વિચારી લે હજી આગળ ધધકતી હોળી બાકી છે !

ભલે તેં લીમડો મારી ખુશીનો કાપી નાખ્યો હોય,
પરંતુ મારી અંદર ક્યાંક એક લીંબોળી બાકી છે.

ઘણાં વર્ષે મળ્યો જો મિત્ર, ટપલી દાવ લઈ લીધો;
હજી તો ધૂળમાં ઢસડીશું, ટીંગાટોળી બાકી છે.

હવે આ પોતપોતાની ઊણપને ઊજવી લઈ, ચાલ;
દીવો બાકી છે તારે, ને મારે રંગોળી બાકી છે.

ઉદાસી ભાવી નહિ તો જિંદગીને એંઠી મૂકવાની ?
જરા જો ધ્યાનથી થાળીમાં પૂરણપોળી બાકી છે.

## ૨. આપણી વચ્ચે હતું, છે ને રહેશે

કોઈ માને કે ન માને કંઈક હરદમ આપણી વચ્ચે હતું, છે ને રહેશે.
શ્વાસની સાથે જ અટકે એવું માતમ આપણી વચ્ચે હતું છે ને રહેશે.

ધોમ તડકાનો મળ્યો અવતાર તમને, ને જનમ પામ્યા અમે ઝાકળ તરીકે;
જીવ ખોઈનેય ના મળવાનું જોખમ આપણી વચ્ચે હતું, છે ને રહેશે.

લાખ કોશિશ બાદ પણ બ્રહ્માંડનાં સંપૂર્ણ તથ્યો કોઈ ક્યાં પામી શક્યું છે ?
એમ; ના ઉકલાય એવું કંઈક મોઘમ આપણી વચ્ચે હતું, છે ને રહેશે.

જિંદગીભર મેઘ માફક એકબીજા પર વરસવા ખૂબ તરફડવું પડ્યું છે;
નહિ લખેલું આપણું એ 'મેઘદૂતમ' આપણી વચ્ચે હતું છે ને રહેશે.

વસવસો ક્યાં રાખવો કે રેશમી ચાદર કદીયે આપણાથી ના વણાઈ,
એવું માની ખુશ થવું કે એક રેશમ આપણી વચ્ચે હતું છે ને રહેશે.

## જાદુ શું કીધું ગરમાળે ! | યામિની વ્યાસ

જાદુ શું કીધું ગરમાળે !
ટહુકા બેઠા ડાળે ડાળે !

ક્ષણ ક્ષણનું આ વસ્ત્ર સમયનું
વણતું કોઈ કબીરની સાળે !

વીત્યાં વર્ષો જાણે ઝૂલે,
કરોળિયાના જાળે જાળે !

પાંદડીઓ ઝાકળ પીવાને,
સૂરજનાં કિરણોને ગાળે !

બાળક રડતું ‘મા...મા...’ બોલ્યું,
મેં જોયું હૈયાની ફાળે !

## એક કાવ્ય | વિપાશા

અંદર શબ
બ્હાર સ્મશાન
હું ફરું
મરણ પકડી.

❑

# ઓઠું | રવીન્દ્ર પારેખ

**'પો**ણી આયું સ, પોણી...'

બૂમ પડી. એ ઘરડી બૂમ તરફ બધા જ બજાણિયા દોડ્યા. નજીક ગયા તો એક વહેળો આકાશ તાણી જતો વહેતો હતો. મુખીએ મૂછે તાવ દેતાકને ગાડામાંથી જમીન પર કૂદકો માર્યો. ભારેખમ જોડાં ઠોકાતાં ધૂળ ઊડી. બાજુમાં ઊભેલા તિમ્કાને ઈશારો કર્યો ને તેણે બધાની સામે જોયું. તે સાથે જ ભૂરું પ્લાસ્ટિક જમીન પર પથરાવા માંડ્યું. તેમાં અગાઉથી ખોસેલા સળિયા ધૂળમાં ખૂંપ્યા ને થોડી વારમાં તો ટેન્ટ ખડા થઈ ગયા. કમરેથી વળો નહીં તો એમાં જવાય પણ નહીં, પવનથી પથરાયેલી ભૂરાશ ખખડી. બેચાર પુરુષો માથેથી ફાળિયું ખોલતાં વહેળા તરફ જવા લાગ્યા. બેચાર ડોશીઓય ચણિયા ફફડાવતી વહેળામાં ઊતરી. પોલકાની કસ ખૂલવા લાગી. છૂંદણાંવાળા ચહેરાને છાલક અડતાં જ ચામડી તાંબુ થઈને બહાર પડવા લાગી. ધુળિયા ચહેરા ધોવાવા માંડ્યા. પુરુષોનાં દાઢીમૂછ પલળતાં વધુ કાળાં ચમકવાં લાગ્યાં. એકાદ પાસે ટમ્બલર હતું. તેનાથી ઉઘાડી પીઠ પર પાણી રેડાવા લાગ્યું. પછી તો મુખી ને તેની જાજરમાન વહુ ને ગોઠની ગંદીગોબરી છોકરીઓય લીંટ લૂંછતી, ધૂળ ઉરાડતી પાણી ભેગી થઈ ગઈ. આ એ છોકરીઓ હતી જે દોરડા પર ચાલીને કરતબ બતાવતી હતી. એ બધી આઠદસ વર્ષથી જૂની ન હતી.

તડકો આછરતો જતો હતો ને ખુલ્લા મેદાનમાં થઈને તે પશ્ચિમ તરફ દોડવા લાગ્યો હતો. એક સફેદ વાદળું પસાર થઈ ગયું. ચામડી ચોળીને બધાં ધીમે ધીમે વહેળામાંથી બહાર આવવા લાગ્યાં.

મુખઈ લચી પડેલી છાતી ઘસતો બહાર ઊઠ્યો. તેનાં બાવડાં પર બાંધેલા કેરબા ને માંદળિયાં કાળુંરૂપું ચમક્યાં. કાજળ લંબાઈને બહાર તરી નીકળ્યું. હાથ પરનું પાણી ઝટકતો તે ટેન્ટમાં ઘૂસ્યો એટલામાં રાની પશુઓના અવાજ તડકામાં ચળાઈને વહેળામાં ઊતરી જતા લાગ્યા. આ અકાળના અવાજો હતા. વધુ કંઈ વિચારે ત્યાં તો સવલી સામે જ ભટકાઈ, 'સોડી, ના'વું નથ ?'

'ના'ઈનેય ગોબરાં તો થાવાનું જ ને !'

'અરે, સોડી ! પોણી મલે સ તો ના'ઈ લે. મ'ઈનો થિયો ના'વાને ! આપણને આપણી વાસ તો ના ઓ'ય, પણ તું તો બઉ જ વાસ માર સ !'

'તી બાપુ તમે તો અત્તરના બનેલા અ'સો નયે ?' મુખી, હાથ, મોં આગળ રાખીને હસતો હસતો ડામચિયે ટેકવાયો. સવલી પણ ગોબરું ગોબરું હસી. તેના દાંત તડકામાં

પીળકું ચમક્યા. મુખીને પોતાને સમજાતું નો'તું કે સવલી ના'વામાં દાંડાઈ કેમ કરતી હતી ? બજાણિયાની જાત ! તેને વળી ના'વાનું કેવું ? – તેવું તો મુખીય માનતો હતો. પણ પાણી ના હોય ને ના'વાનું ન બને ત્યાં કરવાનું શું ? પણ સવલીને ના'વાની ચિંતા ન હતી. તેની ઉંમરમાં અઢારનો ભરાવો થતો જતો હતો ને કાલ ઊઠીને ક્યાંક વળાવવાની થાય તો એને દવરાવશે કોણ એ વિચારે મુખીની છાતી બેસી જતી હતી. તેને તો ફાળ પડતી હતી કે છોડી આયખું આ કબીલામાં જ કાઢશે કે શું ?

કબીલામાંય બેત્રણ છોકરાઓ તો હતા જ, તેમાંના કોઈને વરાવાય તો ચાલે ને એણ ઘીના ઠામમાં ઘી પડી રહે, પણ છોકરાઓ જ સવલીથી દૂર ભાગતા હતા. એવું નો'તું કે સવલી દીઠી ગમતી નો'તી, પણ એવી ફૂવડ હતી કે વાત ન પૂછો.

સવલીનેય પોતાની વાત તો આવતી જ હતી, પણ તેણે ગંધાવાનું ઠાની જ લીધું હતું, કદાચ ! એ ખરું કે ગંધારો બજાણિયાઓની ઓળખ હતી, પણ સવલી તો જરા વધારે જ-

મુખીને આ ગમતું નો'તું. છોકરી નાક વગરનાને જ ચાલે એ તો કેમ ચાલે ?

એક વાર તો મુખિયાણીએ સવલીને લાકડે લાકડે ઠમઠોરી લીધેલી, 'મે'ર મૂઈ ! તારા કરતાં તો છાણ હારું,' બોલતાં સવલીને તેણે ખરોચી જ કાઢેલી. કપડાં ધોવાનો ગુડલક ઘસી ઘસીને સવલીનું અજવાળું બહાર લાવી દીધેલું. કોઈનું આપેલું ઘાઘરું, પોલકું પહેરાવીને મુખિયાણી, મુખીની સામે પટકી ગયેલી, 'હાસવો સોડીને !'

મુખીએ વાળ વચ્ચેથી ઊંચકાતી ડોક જોઈ હતી, 'સવલી મારી જોગમાયા, આવું હારું રૂપ લીધું છે તો આવી ગંધાતી કેમ રે'સે ?' સવલીનો અંબાર જોઈને મુખી તો હોલવાઈ જેવો ગયો હતો. આટલું બધું રૂપ ! ને તે ઉકરડો થવા જન્મ્યું છે ! મુખી સવલીની પાસે આવ્યો. તેને બાવડેથી ઊભી કરી. હેતથી માથે હાથ ફેરવ્યો, 'મારી વા'લકુડી, માવડીએ આટલું રૂપ દીધું સ તો અવતાર કેમ બાળ સ ?' સવલીને ખભે છેડો નાખીને મુખી બહાર નીકળી ગયેલો.

પણ, તે પછીય સવલી ચહેરે છાણ ચોપડતી જ રહેલી. છાણ સુકાઈને ખરવા માંડે કે વળી માટી લપેડી લેતી. તે પતે કે કોઈ વાર રાખથીય મોઢું માંજી લેતી. તડકામાં મેલના દોરા બાઝતા. નહાવાની આળસુ તે ધીમે ધીમે ગટર થઈ રહેતી.

બજાણિયાઓમાં કોઈ આટલું મેલું રહેતું ન હતું. બધાં જ સવલીને ટોકતાં. પણ ખબર નહીં કેમ, સવલી, નવલી થવા માંગતી ન હતી. મુખી પણ કંટાળતો, બબડતો, પણ સવલી વહાલી બહુ હતી એટલે... જોકે એ ગંધરીની ગૂણપાટ તો દૂરને ખૂણે જ પડતી, ઢોરની બગાઈઓ પાસે. સવલીને તેનો કોઈ હરખશોક ન હતો. ઝીંથરાં ખંજવાળતી તે ઘોરી જ જતી. રાતના ખાડિયામાંથી સૂરજ ટમટમતો કે સવલી જાગી જતી. મસ્તીથી તે છાણ-વાસીદું કરતી. છાણ સાફ કરતાં કરતાં કોઈ વાર પોતાને ટપલીય મારી લેતી, ગાલે.

તે જાણતી હતી કે વહેળો છે એટલે પડાવ વહેલો ઊઠવાનો નથી. એટલે રોજ સવારમાં છોકરાંઓ ઢોલ ઢમકાવતાં બહાર પડતાં. બજાણિયાઓ માથે ફાળિયાં બાંધતાં

ને મૂછે તાવ દેતા નીકળી જતા. નવરો હોય તો કોઈ વાર મુખીય માંકડાં નચવવા જતો ને સડક વચ્ચે ડફ ઉલટાવીને લોકોમાંથી પૈસા ઉઘરાવી લાવતો. સવલી બહાર જવાનું હોય તો છાણ ઓદ્ધું ચોપડતી ને માથે લાલપીળું ફડકું બાંધીને ઠમકતી રહેતી. ફિલ્મી ગીત ગાતાં ગાતાં એવી લચકાતી કે પાથરેલાં કાપડાંમાં થોડીક નોટો વધારે જ પડતી. સવલીનો અવાજ તીણો હતો, પણ ગાતી તો મીઠું લાગતું.

દોરડે ચાલતી છોકરીઓ સામસામે છેડેથી આવતી ને વચ્ચે બંનેના પડછાયા સડક પર સલામી ઠોકતા ને તાળીઓ પડતી.

જુદે જુદે મહોલ્લે ખેલ ચાલતો. બાળકો હરખાતાં હરખાતાં નાક લૂછતાં ને બાંયે ઘસી દેતાં. મોટેરાંઓ રૂપિયો, બે રૂપિયા નાખીને તો કોઈ એમ જ સીટી મારીને નીકળી જતાં. થોડી વારે દોરડાં જમીન પર આવતાં ને પોટલામાં સૌ સાંજ સમેટીને ટેન્ટ આગળ રંધાતી ધૂળનો સ્વાદ માણવા આવી ચડતાં. મુખિયાણી ઈંટો વચ્ચેથી ઊઠતા ધુમાડિયા ભડકા પર નાગલીના રોટલા ટીપતી ને છાલિયાની છાશ ઘટતી જતી. ફોડાતા કાંદાની વાસ આંખે ઊઠતી ને સવલી આંખનું કાજળ ગાલે ઉતારતી. થોડી વારે ખડિયો રામ થતો ને પડછાયાઓ પોઢી જતા.

ખડિયા પર પહેલું કિરણ ફૂટતું ને સૂરજ ટેન્ટનો રંગ ઉઘાડી આપતો. વળી ઢોલ ઢબૂકતા ને ડફલી ઠોકાતી ઠોકાતી આગળ નીકળી જતી. દાતણ થૂંકીને સવલી ઘૂમર ઘૂમર ફરતી આગળ વધતી.

આજે મુખીને ટચાકિયું થયું એટલે સવલી એકલી જ નીકળી. થોડી વારમાં બધી ગોબરીઓને લઈને એક મોટી હવેલી આગળ તે આવી ચડી. મહોલ્લાનાં છોકરાંઓ રમવાનું છોડી ટોળે વળવા માંડ્યાં. તડકો છાપરેથી ભીંતે ઊતરી આવ્યો હતો. દોરડું ખેંચાયું ને બે છેડે ત્રિકોણિયા વાંસ ખોડાયા. ખેલ શરૂ થયો. માંકડાં આજે ન હતાં એટલે સવલી વધારે ફુદરડી ફરી. તીણા અવાજે તેણે લલકાર્યું, ‘મેરી જિંદગીમેં તુમ્હારા ક્યા કામ હૈ ? જો હે નામવાલા વો ભી તો બદનામ હૈ… મેરી જિંદગીમેં…’

તીણો અવાજ સાંભળીને અગાશીમાંથી એક જુવાન ડોકાયો. સવલી પીળું ફડકું બાંધતી બરાબરની ચકરડીએ ચડી હતી, ‘જિસકી બીબી કાલી ઉસકા ભી બડા નામ હૈ…’ ત્યાં તો લોકો વીખરાવા લાગ્યાં હતાં. છોકરાંઓ ફરી રમવા દોડી ગયાં હતાં. જુવાન સવલીને તાકી રહ્યો. તેણે ‘છૂછૂછ’ કરીને સવલીને બોલાવી. સવલીએ ઊંચે જોયું. પેલાએ ઉપર આવવા ઈશારો કર્યો. સવલીએ ડોકું ધુણાવી ના પાડી. પેલાએ ઉપરથી બે નોટ બતાવી. લીલો કલર જોઈને સવલી ઊંચકાઈ. તેણે ‘આવું છું’નો હાથ કરી સામાન સમેટવા માંડ્યો. છોકરીઓને ત્યાં જ થોભવાનું કહી સવલી હવેલીમાં ઘૂસી. આરસનો દાદર ચડીને તે લૉબીમાં આવી. પેલા જુવાને નોટો બતાવી તેને રૂમમાં બોલાવી. નોટો સવલી સામે દૂરથી જ ફેંકી. નોટ સવલી તરફ ઊડી. તેણે આગળ વધી નોટ ઉપાડી લીધી. જરા આગળ આવી જુવાન બોલ્યો, ‘બેસ !’ સવલી ઊભી રહી. જુવાને આગળ ચલાવ્યું, ‘મારું માને તો… બીજી ઘણી નોટો આપું.’ સવલીને સમજ ન પડી. તે પાછળ હટી. તેણે ફડકું આંગળીએ વીંટ્યું ને હથેળીમાં નોટ ચોળતી રહી. જુવાન

તેની નજીક આવવા ગયો. તેણે બીજી નોટો ગજવામાંથી કાઢી. સવલી તે લેવા આગળ વધી. નોટની સાથે જુવાન ખેંચાઈ આવવાનો હોય તેમ તે આગળ વહી આવ્યો, ‘આવ’, કહેતો તે સવલીને વળગી જ પડ્યો ને બીજી જ પળે આંચકો ખાઈને પાછળ હટી ગયો, ‘કદી ના’ય છે કે નઈ ?’ કપડાં ઝટકતાં તેણે નાક દાબ્યું ને સવલીને હાથથી જ જવાનો ઈશારો કર્યો. સવલી પાછી ફરી. ખડખડાટ હસતી દાદર ઊતરવા લાગી ને ચોળાયેલી નોટો તેણે હવેલીમાં જ…

## બસ, એટલું જ | દેવયાની દવે

**વિ**ષ્ણુપ્રસાદ રેવાશંકર પંચોળી આલીશાન લાગે તેવા તેમના ફ્લૅટમાં ડાઇનિંગ ટેબલ પાસે ખુરસીમાં બેઠા છે. મોં ઉપર તેજ છે સાથે અકડાઈનો કડપ છે. વાન થોડો ઘઉંવર્ણો, ઉંમરના પ્રમાણમાં ટાલ નથી. શ્વેત વાળ પંખાની હવામાં ફરફરે છે. વાળને કહ્યામાં રાખવાનો પ્રયત્ન તેમની નજરને સ્વિચ બોર્ડ તરફ લઈ જાય છે.

ડાઇનિંગ ટેબલ પરનું ટેબલક્લૉથ સરકી ન જાય, કહો કે જરાય કરચલી ન પડે એ રીતે સ્ટીલના ડબ્બા પર છીણી ગોઠવી કંઈ છીણી રહ્યા છે, તેમ કરવાનો મહાવરો હોય એવી અદા છે. વારંવાર છીણી ઊંચી કરી, છીણ કેટલી થઈ તે નજરથી માપી લે છે. રાયતું બનાવવું છે ને !

ત્યાં તો ડોરબેલ વાગ્યો. એક વાર, બે વાર, કદાચ ત્રણ વાર. કાને જરા ઓછું સંભળાય છે. તોપણ ચલાવી લે તે વિષ્ણુપ્રસાદ પંચોળી નહિ. ડાઇનિંગ ટેબલની ખુરશી પરથી ઊઠ્યા. બધું વ્યવસ્થિત ગોઠવ્યું. તેમની કદાવર કાયા દરવાજા તરફ વળી. ઊઠતાં જ પગમાં સટાકો બોલ્યો. જરા લંગડાયા, ગુસ્સાભર્યા ચહેરે દરવાજો ખોલ્યો.

– તને સાડા દસે આવવાનું કહ્યું હતું ને ? તો મારા જમવાના ટાણે કેમ આવ્યો ?

– દાદા, સાડા દસે બહુ બેલ માર્યો હતો, પણ તમે…

– નહાવા ગયો હોઈશ. જરા, ઊભા રહેવાનું ને ! ચાલ, જલદી. પેલા ખૂણામાં પસ્તીનો ઢગલો છે. વજન કરીને લઈ જા. ભાવ અગિયારનો, તને પાલવે તો લઈ જા.

પેલો પેપરવાળો જવાબ આપ્યા વગર અંદર આવ્યો. થેલો અને કાંટો બાજુમાં મૂકી, તેના સ્વભાવ પ્રમાણે વાતે વળગ્યો.

દાદાએ ઇઅર પ્લગ મશીન પહેરી લીધું હતું.

– દાદા, તમારા અમરની દીકરી આદ્યા શેમાં ભણે છે ?

દાદાએ સાંભળ્યું, ન સાંભળ્યું કર્યું અને મોટેથી બૂમ પાડી, ‘તારો કાંટો બતાવ અને જલદીથી પસ્તી લઈ નીકળ. મારે મોડું થાય છે.’

તોપણ પેલાએ ચાલુ રાખ્યું. દાદા ઘણા વખતે આવ્યા છે તો કંઈ નવું-જૂનું કાઢશે.

– દાદા, આ ડાઇનિંગ ટેબલની પાછળ સરસ મજાનું મોટી ફ્રેમમાં મઢેલું, ચિત્ર

લટકાવ્યું હતું ને ?

દાદા જરા નરમ અવાજે બોલ્યા, ‘એ તો સુનયના દાદીનું પેઇન્ટિંગ હતું. વર્ષો પહેલાં બનાવેલું.’

– તમારે વેચવાનું હતું તો મને કહેવું હતું ને દાદા !

– ના, એ તો આદ્યા લઈ ગઈ. તેને ખૂબ ગમતું હતું. તે ફાઇન આર્ટ્સમાં ભણે છે ને ! હવે, પડપૂછ મૂક અને કામ પતાવ.

પસ્તીવાળો હાથમાં કાંટો લઈને ડાઇનિંગ ટેબલ પાસે જઈને ઊભો.

– એય, બબૂચક ! જરા સંભાળીને, ડાઇનિંગ ટેબલ પર ભાર ન મૂકતો, નમશે તો કાચ તૂટશે.

વિષ્ણુપ્રસાદ પંચોળી આજે ડાઇનિંગ ટેબલ પર એકલા બેઠા છે. નિવૃત્ત થયા પછી દીકરા સાથે બૅંગ્લોર રહેતા હતા. દીકરો એકલા મોકલતો નહોતો. તબિયત નરમ, ગરમ થાય તો... છતાં વાર-તહેવારે આવી આ આલીશાન ફ્લૅટમાં રહી જતા. અહીં તેમને ખૂબ ગમતું. શાંતિ લાગતી. અહીંના પાડોશી, સહકર્મચારીઓને મળીને ભુલાયેલી જાતનો પત્તો લાગતો. વૃદ્ધાવસ્થાનું ગરીબડાપણું અદશ્ય થઈ, પગભર પુરુષ બની જતા. વાત સાંભળનાર લોકો મળતા. રુઆબનો જૂનો નશો ચડતો.

પહેલાંની આદત પ્રમાણે અત્યારે પણ લાકડીના ટેકે બજારમાં જાય. જોઈતાં ફળ-ફળાદિ, શાકભાજી લઈ આવે. બેચાર માણસો મળે તો હેતથી હરખાય. ‘પંચોળી-સાહેબ ! પંચોળીસાહેબ !’ કહીને લોકો, દુકાનદાર બોલાવતા. ‘મને બોલાવનારા લોકો હજી છે’ એ જાણી ખુશ થતા. સંબંધોની સુવાસ અનુભવતા. શાક ન લેવું હોય તોપણ શાકભાજીના ભાવ પૂછી શાકવાળાના ખબરઅંતર પૂછતા. બૅંગલોરમાં તો ક્યાં શાક લેવા જવા મળે. ત્યાંનું તો શાક જ એ.સી.માં રહેનારું. કારમાં આવે અને ફ્રીજમાં ઠલવાય.

તેમને યાદ આવ્યું. વર્ષો પહેલાં એ અઠવાડિયાનું શાક લઈ આવતા. સુનયનાને સાફસૂફ કરી અઠવાડિયાની બૅગોમાં ભરી આપતા. દરેક પર વાર લખેલો રહેતો. એ ટાઇમટેબલના પક્કા. સેકન્ડ, મિનિટનો હિસાબ. સુનયનાબહેનને આ ન ગમે. સ્કૂલ, કૉલેજમાં તો ટાઇમટેબલ એ અહીં ઘરમાં પણ ! મનમાં આવે તો બદલવું પડે છોકરાંને ભાવે તે પ્રમાણે.

એમના હાથરૂમાલ પણ એક જ દુકાનમાંથી એક જ રૂપરંગના આવતા. ફાટે ત્યાં સુધી ખોવાય નહિ. સુનયનાબહેનને પણ લાગતું કે મને પણ એકવિધતાના ટાઇમટેબલમાં ગોઠવી દીધી છે. મારી રસિકતા, મારો કલાપ્રેમ, ગમો, અણગમો ચપ્પટ થઈ ટાઇમટેબલ લેબલમાં ગોઠવાઈ ગયાં છે. પૃથ્વી પ્રદક્ષિણામાં સેકન્ડ વહેલી-મોડી થાય પણ અમારા ટાઇમમાં મોડું-વહેલું નહિ.

કોઈ દિવસ શાકવાળો કહેતો, ‘સાહેબ, તમે કહેતા હો તો ટોપલો ઘરે લઈ આવું. ફોન કરો તો કહો તે મોકલાવું.’

– ના, ભાઈ ના ! આટલું લાકડીને ટેકે નીકળું તો બજારમાં નીકળવાની હિંમત આવે, થોડું ચલાય, તાજગી મળે. બે માણસોનો મોં-મેળો થાય. બાકી તો જીવતાજાગતા માણસની બોલાશ સાંભળવાનાં ફાંફાં છે. બધું ઉબાઈ ગયેલું – વાસી.

વિષ્ણુપ્સાદને ત્રીસ વર્ષની આદત પડેલી, દસ વાગે થાળી ઉપર બેસી જવાની. સુનયનાબહેન ગરમાગરમ રોટલી પીરસતાં. પંચોળીસાહેબ ગૃહમંત્રાલયમાં સહસચિવપદે હતા. જમ્યા પછી સુનયનાના હાથનું પાન મોંમાં મૂકી, કોટ ચડાવતા. છેવટે તેમણે કોટ, ટાઇ બંને પહેરવાનું છોડી દીધું. એમની ઑફિસમાં એન્ટ્રી થાય એટલે ચડીચૂપ કર્ફ્યૂ એમના ડિપાર્ટમેન્ટમાં. કેટલાક ક્લાર્ક તો ફાઈલમાં ફ્લૅપ માર્ક મૂકી બેસી રહેતા, હમણાં સાહેબ બોલાવશે તો ! તૈયારીમાં રહેતા, એમાં એમનાં દૈનંદિન કામ ખોટકાતાં.

મુંબઈ આવતા ત્યારે તેમણે રસોઇયો રાખ્યો હતો. તેમના એકલા માટે રસોઈ કરતો. તેઓ રસોડામાં સૂચના આપવા આવે તે પહેલાં લોટ બંધાઈ ગયો હોય. શાક સુધારી દીધું હોય.

– આજે તને ભીંડાનું ભરેલું શાક બનાવવાનું કહ્યું હતું ને ?

– ઓહ, ભૂલી ગયો. શાક તો ભીંડાનું છે. કહો તો ઉપરથી ચણાનો લોટ ભભરાવી દઉં ! જુઓ તો ખરા ! આંગળી ચાટો તેવું થશે.

– મારે આંગળીઓ ચાટવી નથી. કાલથી નહિ આવતો.

– ના, હાં સાહેબ, મહિનો તો પૂરો કરવા દો. કાલથી ધીરેથી તમારી સૂચના પ્રમાણે કરીશ.

– મહિનાના પૈસા લેતો જા. કાલથી હું ડબ્બો મંગાવીશ.

જમવા બેઠા છે. ફક્કડ રાયતું જાતે બનાવ્યું છે. ટિફિન ખોલ્યું. ત્યાં થાળી લાવવાની ભૂલી ગયા. થાળી ગોઠવી, રોટલી કાઢી. આગળ-પાછળ ફેરવીને જોવા લાગ્યા. ક્યાં સુનયનાના હાથના ગરમાગરમ ફૂલકા અને ક્યાં આ ચવડ, ઠંડી રોટલી ! હવે રોટલી ગરમ કરવા કોણ ઊઠે ? આંખના ખૂણા ભીના થયા. દાળ ગરમ કરવા ઊઠવું જ પડશે ! ગૅસ ઉપર દાળ મૂકી. માંયથી બુડબુડ પરપોટા ઊઠવા માંડ્યા. ઊઠતા, શમતા દેખાયા. ગૅસનો નૉબ બંધ કરતાં પોતાનો જ અવાજ પડઘાયો. ‘સુનયના ! આટલાં વર્ષે તને મારે કેવી દાળ જોઈએ તેની સમજ ના પડી ? ગૅસના નૉબ પકડીને શું ઊભી છે ? ક્યાં પહોંચી ? પિયર કે કૉલેજમાં ?

સમજ પડવા તો આખી જિંદગી ઓછી પડે. માણસની આરપાર નીકળી જઈએ તોપણ તેણે ધારેલી સમજ ન પડે. પડે તો ક્ષણાર્ધમાં ભવોભવ તરી જાય – સુનયના વિચારોમાં અટવાતી બોલી,

– ‘આમ તો તમારી સામે જ છું.’

વિષ્ણુપ્રસાદને પોતાનો અવાજ બોદો લાગ્યો. સુનયના મને છોડીને ન જઈ શકે તે મારો ભ્રમ હતો.

સુનયનાએ વાપરેલી પ્રત્યેક વસ્તુ પર તેમની નજર ફરી વળી. વળી પાછા આંખના ખૂણા ભીના થયા. જિંદગીમાં આવા પોચા કદી બન્યા નથી. જમવા પરથી મન ઊઠી ગયું. કિચનમાં બધું એમ જ રહેવા દઈ, બેડરૂમમાં જઈ સૂઈ ગયા.

તંદ્રામાં કોઈ હચમચાવતું હતું, 'ડાયાબિટીસની દવા લીધા પછી જમ્યા કેમ નથી?'

– શું છે સુનયના ! જરા આંખ મળી એટલે તારી કટકટ શરૂ !' તંદ્રામાં તલવારબાજી ચલાવી રહ્યા હતા. જેની સાથે લડવું નથી તે જિગરજાન દુશ્મન હતી સામે. ઘવાય નહિ એવી નજાકતથી રામે મારેલી લવિંગની લાકડી લઈ લઈ ઝઝૂમતા રહ્યા. ફૂલના દડુલિયાથી વેર વાળનાર સીતા ત્યાં નહોતાં. ઉપાડેલા શસ્ત્રનો ઘા ઝીલવા કોઈ ન હોય તો ! ચુકાયેલો વાર હવામાં અવગતિયો થઈ લટકતો રહે છે. આખી જિંદગી હવામાં કંઈ લટકતું રહ્યું. ન જીતી શક્યા, ન હારી શક્યા.

ડૉરબેલ જોરજોરથી ત્રણચાર વાગ્યો. આંખો ખોલી તેઓ દરવાજો ખોલવા ઊઠ્યા. ત્યાં કામવાળી બાઈને થાકીને પાછી જતી જોઈ. બૂમ પાડી રોકી.

– મને ઠીક લાગતું નથી. તું કિચન પરનું ખાવાનું લઈ લે. મને ચા બનાવી આપ. એકાદ ખાખરો આપ. ચામાં થોડી ખાંડ નાંખજે. મને ચક્કર આવે છે. મને ફોન આપ.

આ વખતે પુત્ર-પુત્રવધૂ, બાળકોથી દૂર પોતાને ઘેર મુંબઈ તેમને રહેવું હતું. ગાર્ડનમાં સમાનવયી મિત્રો સાથે ગપ્પાં મારવાં હતાં. પ્રભુભક્તિ કે ભજન માટે તેમને શ્રદ્ધા ન હોતી છતાં ગાર્ડનમાંથી મંદિરમાં કલાકેક બેસતા, ઘેર આવી જમતા. તેમને મહારાજ પાસે પિઝા બર્ગર કરતાં સ્વાદિષ્ટ અનારસાં અને થાલીપીઠ ખાવાં હતાં.

અહીં જ નિવૃત્ત જીવન માણવું હતું. સુનયના માને તો પર્યટન-સહેલગાહે જવું હતું. પણ સુનયનાને સાસુપણું કરતાં ન આવડ્યું. પુત્રવધૂ પાછળ ઘેલી. પૌત્ર-પૌત્રી માટે મારાં કામ પડતાં મૂકવા લાગી. આમ પણ જિદ્દી ખરી, પણ હૃદયની સાચ્ચી, ઉમદા હાં.

એના નિષ્ઠાભર્યા કામથી ઘર-બહાર, સગાં-સ્નેહી, સ્કૂલ-કૉલેજમાં એક આદર્શ સન્નારી બની. એના આદર્શપણાનો ગ્રાફ ઊંચો થતો ગયો તેમ અમારી વચ્ચે ખાઈ ખોદાઈ. તે પેલી બાજુથી મારી તરફ હાથ લંબાવતી રહી અને હું ? મારી તરફ ખેંચવાનો પ્રયત્ન હૃદયપૂર્વક કરતો જાણે ફોટો પડવવા ઊભાં છીએ. હજી, એમ જ ઊભાં છીએ.

નિવૃત્તિ પહેલાંની તેની છેલ્લી બર્થ ડેના દિવસે તેને સરપ્રાઇઝ આપવા, હું દાર્જિલિંગ-ગંગટોકની ટિકિટ બુક કરાવી આવ્યો. તેના હાથમાં આપી, 'તારે કંચનજંઘા જોવું'તું ને ?' આદ્યાને સંભાળવાનો પ્રૉબ્લેમ ન રહેત.

મારા ઉત્સાહના ફુગ્ગાને કંઈ અણિયાળું સ્પર્શ્યું

સુનયનાને, 'આભા-અમર-આદ્યા'નો 'અ' આગળ જવા જ દેતો નહોતો. તેની બારાખડી 'અ'થી શરૂ થઈ 'અ' આગળ જ પૂરી થતી. એમ તો મારી બારાખડીમાં પણ 'અ' ઘૂંટાઈને પડ્યો છે, એના નિશ્ચિત સ્થાન સાથે. કક્કાના બીજા અક્ષરોને પૂરતી જગા આપતો. સુનયના 'અ'ને જ પોતાનું કર્તવ્ય માની ફરતી અને મને નકામાં કામ કરતા ફક્કડ ગિરધારી તરીકે ઓળખતી. મારા માટે નકામું શું તે માપવાની પારાશીશી પણ તેની જ.

સુનયના કહેતી કે તેમના હરવાફરવાના દિવસો છે. પણ અમારા એવા દિવસો હતા ત્યારે કહેતી કે, 'કેડે કાંકરો મૂકી કમાઈ લ્યો, ઘડપણમાં કામ લાગશે ! મતલબ એ જ કે અત્યારે ગોવિંદ ભજવાના, ત્યારે પણ તે જ કરાવ્યું. એના ચોખલિયાપણાના આદર્શને લીધે બધે ડહાપણની દેવી બની ફરતી. આ બધું એને સહજ સાધ્ય હતું પણ મારા માટે તો સીધાં ચઢાણ હતાં.

સારી તક મળતાં આભા-અમર બૅંગ્લોર ગયાં. અહીં સજેલો, શણગારેલો ફ્લૅટ પંખી ઊડી ગયેલા માળા જેવો થયો. મને આદ્યાને, રમાડવાનું, દરિયાકિનારે ફેરવવાનો ક્યારેક નાળિયેર પાણી ચૉકલૅટ અપાવવામાં આનંદ આવતો. ઘેર આવતાં આદ્યાના હાથ-મોં જોઈ, આભા બોલતી,

– પપ્પાજી, એને બહારનું ખાવાપીવાની આદત ન પાડો.

મારા આનંદનો ટુકડો છીનવાઈ જતો. પછી તો મન મનાવી લીધું. પરંતુ પ્રત્યેક પગલે મન મનાવી લેવું કે મન મારવું શક્ય નહોતું. ત્યાં ઘરનું વાતાવરણ તપતું. સારું, હવે નીતિશિક્ષણના ક્લાસમાંથી છૂટ્યો.

પણ સુનયના ખુશ નહોતી. એકલવાયી પડવાથી સૂનમૂન રહેવા લાગી. હવે, પાંજરામાંથી છૂટેલા વાઘ ક્યારે ઘૂરકશે, નહોર મારશે... કહેવાય નહિ. છતાં મને ખુશ રાખવાના પ્રયત્નો કરતી. મને બહુ ભાવતી વસ્તુ બનાવી દેતી.

– ચાલને, આપણે બહાર જમી આવીએ !

– આજે ક્યાં રજા છે ? અને બહારનું ખાવામાં તમારું કૉલેસ્ટેરોલ વધશે. હું હમણાં જ બનાવી દઉં. બોલો શું ખાવું છે ?

– અરે, સુનંદા, પાડીએ ત્યારે રજા અને મારે ક્યાં રજાની ઝંઝટ છે. એકાદ વાર બહાર ખાવામાં મજા આવે. આપણે સાથે બેસી જમી શકીએ.

સુનયનાનો 'નન્નો' ડાહ્યો અને સમજુ ગણાયો.

સુનયના આગ્રહ કરી લઈ ગઈ દીકરા-વહુનું ઘર જોવા. આભા-અમરનો આગ્રહ પણ હતો. ત્યાં આઠ, દસ દિવસ આનંદમાં રહ્યાં. આજુબાજુ બધે ફરી આવ્યાં. આભા અમને મહેમાન ગણવા લાગી. સુનયનાને રસોડામાં જઈ કંઈ બનાવવાની ઇચ્છા થતી ત્યાં –

– મમ્મી, અહીં તો મને તમને ગરમાગરમ જમાડવા દો. બહુ દિવસ તમે કર્યું. સુનયનાને ગમ્યું પરંતુ મને આ અહોભાવમાં કંઈ જુદી વાસ આવવા લાગી. થોડા દિવસમાં મારું મન ઊપડ્યું પાછા મુંબઈ જવા માટે. સુનયનાની મહિનાની લીધેલી રજાના દિવસો નકામા ગયા.

સુનયનાની નિવૃત્તિ ભરપૂર ઉત્સાહથી ઊજવી પછી દીકરો-વહુ બૅંગ્લોર ગયાં. અમે અહીં. આવન-જાવન ઓછી થવા લાગી. એકબીજાને ગળે ઊતરે એવાં કારણો રજૂ થતાં ગયાં. સમજાતું ગયું. શેતરંજનાં પ્યાદાંની જેમ સૌ પોતાની અલાયદી દુનિયામાં સ્થિર. કોઈ પણ દાવ તેમને હલાવી શકે તેમ નહોતો. તેઓ તેમની આડી, ઊભી,

ત્રાંસી, અઢી ઘરની ચાલ ભૂલી ગયાં.

નિવૃત્ત થયા પછી સુનંદા કામ વગર કંટાળતી ગઈ. ખાવું-પીવું, મજા કરવી તેના સ્વભાવમાં નહોતાં. પોતાને ગમે તેવા કામનાં ફાંફાં મારવા લાગી.

એક દિવસ સુનયનાએ જાહેર કર્યું કે મારા ગુરુની આજ્ઞાથી હું પુટપત્તીની હૉસ્પિટાલમાં સેવા આપવા જાઉં છું. ત્યાં સેવિકા તરીકે થોડા દિવસ રહેવાનું આમંત્રણ છે.

બસ, એટલી જ વાત. ન રજા લીધી, ન સંમતિ માગી.

ચાના ઘૂંટડે ખાખરો ગળે ઉતાર્યો, ક્રોસીન લઈ તંદ્રામાં સરક્યા, સુનયનાના પાછા આવવાનાં સ્વપ્નાં જોતા.

એક નાની ચબરખી પોસ્ટમાં.

– મને અહીં આવ્યા પછી મારું જીવન સાર્થક લાગે છે. સેવાર્થે હું અહીં જ રહી જઈશ.. બસ, એટલું જ.

❑


**ગુજરાતી સાહિત્ય પરિષદનો**
**નવો ઈ-મેઈલ આઈડી**

gspamd123@gmail.com

**‘પરબ’ માટે ઈ-મેઈલ આઈડી**

‘પરબ’ માટે કૃતિઓ ઈમેઈલ દ્વારા મોકલી શકાશે. ‘પરબ’નું ઇ-મેઇલ આઈડી :

parabgsp@gmail.com

## જડાઉ પિન | આઈજેક બાશોવિસ સિંગર // ભાવાનુવાદઃ બકુલ દવે

**વુ**લ્ફ બેર જ્યારે બહારથી પાછો ફરતો ત્યારે સીલિયા અને છોકરીઓ માટે જરૂર કશું ખરીદીને લાવતો. આ વેળાએ તો વુલ્ફ બેરના નસીબે જોર કર્યું હતું. એક તિજોરી તોડી એણે સાતસો ચાલીસ રૂબલની ચોરી કરી હતી. એટલું જ નહિ, ટ્રેનમાં બીજા વર્ગમાં મુસાફરી કરતો હતો ત્યારે એની મુલાકાત એક રશિયન સાથે થઈ હતી. એ અમીર હતો ને જુગાર રમવાનો શોખીન. એની પાસેથી વુલ્ફ બેરે દોઢસો રૂબલ જીતી લીધા હતા.

ઘણા સમયથી વુલ્ફ બેર એવા નિષ્કર્ષ પર પહોંચ્યો હતો કે જે કંઈ બને છે તે ભાગ્ય પર નિર્ભર છે. ક્યારેક દાવ સીધો પડે છે તો ક્યારેક એમ નથી પણ બનતું. આ વખતની ટ્રિપ બહુ લાભદાયક રહી હતી. પોતે તિજોરી તોડવાવાળો હતો તોપણ રમતરમતમાં જ એક જણનું ખિસ્સું કાપ્યું ને ચલણી નોટોથી ભરેલું પાકિટ હાથ લાગ્યું હતું. પછી એ તૂર્કી હમામમાં ગયો તો ત્યાં એને સોનાનું એક કાંડાઘડિયાળ હાથ લાગ્યું! 'ધંધા'માં આવી બરકત આવે ત્યારે વુલ્ફ બેર હંમેશાં ઈશ્વરનો આભાર માનતો ને દાનપેટીમાં એક સિક્કો પણ નાંખતો.

વુલ્ફ બેર કોઈ ટોળીનો સભ્ય ન હતો. એ પોતાનું કામ ચતુરાઈથી કરતો. અલબત્ત, એને ખબર હતી કે ચોરીનું કામ સારું નથી. એ પાપ છે. પણ વેપારીઓ પણ ચોર નથી હોતા? શું ચોરોથી એ વધુ સારા હોય છે? શું એ લોકો સસ્તા ભાવે ખરીદીને મોંઘું નથી વેચતા? શું એ લોકો ગરીબોનું લોહી નથી ચૂસી રહ્યા? શું તેઓ દર વર્ષે બીજાની મિલકત પચાવી પાડવા ખોટું દેવાળું ફૂંકતા નથી? એક સમયે વુલ્ફ બેરે પણ ચામડાની સફાઈનું કામ કરવાની નોકરી કરી હતી. પણ ત્યાં એ ધૂળ, ગરમી અને દુર્ગંધ સહન કરી શકતો ન હતો. ને બીજું એ કે ફૉરમૅન ચામડાની સફાઈ કરવાવાળા કામદારોને સતત ધમકાવ્યા કરતો હતો. એ હંમેશાં એવી અપેક્ષા રાખતો કે કામદારો વધુ ને વધુ કામ કરે. આની સામે મહેનતાણું નહીંવત્ હતું. એમાંથી વુલ્ફ બેર પૂરું બે ટંક ખાઈ શકતો પણ ન હતો. એને થતું કે આના કરતાં તો જેલમાં સડવું સારું.

નોકરી છોડી ત્યાર પછી - છેલ્લા ઘણા સમયથી વુલ્ફ બેર રીઢો ચોર બની ગયો હતો. ચોરી કરી જે મળે એનાથી એ જીવનનિર્વાહ કરતો. ઘણી વાર એ પકડાઈ પણ ગયો હતો પણ આસાનીથી છૂટી પણ ગયો હતો. અધિકારીઓ સાથે કેવી રીતે કામ લેવું એની એને સારી ફાવટ હતી. એ હાથ જોડી કહેતોઃ 'સાહેબ, બચરવાળ છું..' એ કદીયે

સામું બોલતો નહિ. એ પોતાને હોશિયાર દેખાડવાનો પ્રયત્ન પણ ન કરતો. જેલમાં હોય ત્યારે એ અન્ય કેદીઓ સાથે સાથે મળીને ખર્ચ કરતો. પત્રો લખી આપીને એ સૌને મદદરૂપ થતો. વુલ્ફ બેર આબરૂદાર કુટુંબનો હતો. એના પિતા સજ્જન હતા ને મકાનને રંગ કરવાનું કામ કરતા. એની માતા ઘરકામ કરતી. કુટુંબમાં વુલ્ફ બેર એક જ એવો હતો જે ચોર હતો.

લગભગ ચાલીસની ઉંમરે પહોંચવા આવેલો વુલ્ફ બેર મધ્યમ કદનો, પહોળા ખભા ધરાવતો હતો. એની આંખો ભૂરી હતી. પીળી મૂછોના આંકડા એ વળ ચડાવીને રાખતો. એ ઘોડેસવાર જેવું જાકીટ અને ઉપરથી તંગ હોય એવા બૂટ પહેરતો. આ પોશાકમાં એ યહૂદી કરતાં અલગ લાગતો. પોલિશ લોકોમાં એવી માન્યતા હતી કે કોઈ યહૂદીનો પગ આ પ્રકારના બૂટમાં બંધ બેસે જ નહિ. આનું કારણ એ કે યહૂદીઓ પહોળાઈમાં વધે છે, ઊંચાઈમાં નહિ. વુલ્ફ બેરની ટોપી ખાસ પ્રકારના ચામડામાંથી બનેલી હતી. ટોપી પર ઘડિયાળની ચેઈન લટકતી રહેતી જેમાં કાનનો મેલ કાઢવાની ધાતુની એક સળી પણ રહેતી.

બીજા ચોર પિસ્તોલ અથવા તો રામપુરી ચાકુ લઈ ફરતા પણ વુલ્ફ બેર પોતાની પાસે કોઈ હથિયાર રાખતો ન હતો. પિસ્તોલ પાસે હોય તો ક્યારેક કોઈને મારવામાં ઉપયોગમાં લેવાઈ જાય અથવા ચાકુ કોઈના પેટમાં ઘુસાડી દેવાય એના કરતાં એ રાખવું જ નહિ એ વધારે સારું નથી? લોહી રેડાય એવું શા માટે કરવું? તેમ કરીને વધુ કડક શિક્ષા થાય એવી સંભાવનાને શા માટે નિમંત્રણ આપવું? વુલ્ફ બેર બહુ સાવધાન રહેતો હતો. કેવી ચીજવસ્તુની ચોરી કરવી સરળ અને છતાં લાભદાયક કેવી રીતે શક્ય છે તે વિષે એ સતત વિચાર્યા કરતો. વાર્તાની ચોપડીઓ અને સમાચારપત્રો વાંચવાનું એને ગમતું.

સ્ત્રીઓ વુલ્ફ બેરને આકર્ષવા પ્રયત્નો કરતી પણ વુલ્ફ બેરને તો વિશ્વમાં એક જ સ્ત્રી પસંદ હતી ને તે હતી એની પત્ની. બીજી સ્ત્રીઓમાં એને એવું શું મળી શકે એમ હતું જે સીલિયા પાસે ન હતું? ચરિત્રહીન સ્ત્રીઓ માટે એને ભારે અણગમો હતો. કૂટણખાનાના ઉંબર પર એણે કદીયે પગ મૂક્યો ન હતો. શરાબ માટે પણ એને સખત અરુચિ હતી. એના નાનકડા કુટુંબમાં એક વફાદાર પત્ની અને બે સંસ્કારી બાળકો હતાં. કોજલૌમાં એનું બગીચાવાળું એક મકાન હતું. એની બે દીકરીઓ સ્કૂલમાં ભણતી હતી. તહેવારના દિવસે વુલ્ફ બેર પુણ્યદાન કરતો. ઉત્સવની ઉજવણી પહેલાં સમાજના મોવડીઓ એની પાસે ગરીબો માટે દાન લેવા માટે આવતા.

આ વખતે ઘેર પાછાં ફરતી વેળાએ વુલ્ફ બેરે લુબલિન શહેરમાં ઝવેરી પાસેથી સીલિયા માટે સોનાની વાળીઓ અને દીકરીઓ માશા અને આનકા માટે બે લોકિટ ખરીદ્યાં હતાં. છેલ્લા સ્ટેશન રાઈવિત્સ સુધી એ ટ્રેનમાં આવ્યો હતો. પછી એણે ઘોડાગાડી કરી હતી. એ ઘોડાગાડીવાળા પાસે આગલી સીટમાં બેઠો હતો ને રસ્તામાં ઘોડાગાડીવાળાને ગાડી હાંકવામાં મદદ કરી હતી. ઘોડાગાડીની અંદર બેઠલા વેપારીઓ સ્ત્રીઓ સાથે

દ્વિઅર્થી સંવાદ બોલી ભદ્દી મજાક કરી રહ્યા હતા એ એના માટે અસહ્ય બની ગયું હતું. એ લોકો વુલ્ફ બેરને પોતાની વાતચીતમાં ઢસડી જવા કોશિશ કરી રહ્યા હતા પણ એ તો ચૂપચાપ પ્રકૃતિનાં દૃશ્યો – આકાશ, વૃક્ષોને અને પક્ષીઓને જોવામાં લીન બની ગયો હતો. પક્ષી કલરવ કરતાં એ સાંભળવાનું એને ગમતું.

ખેતરોમાં બરફ પીગળી રહ્યો હતો. શિયાળામાં ઉતારવાનો હતો એ પાક અંકુરિત થઈ રહ્યો હતો. કૅનવાસ પર ચીતર્યો હોય એવો પીળો-સોનેરી રંગનો સૂરજ ક્ષિતિજ તરફ જઈ રહ્યો હતો. ગાયો ચરિયાણમાં તાજું-લીલું ઘાસ ચરતી હોય એવાં દૃશ્યો તો વારંવાર આંખ સામે આવી જતાં હતાં. જંગલોમાંથી ઉષ્ણ હવા વહી રહી હતી. એવું લાગતું હતું કે જાણે એ ઝાડીઓમાં ગ્રીષ્મ ઋતુ છુપાઈને બેઠી હોય. ક્યારેક કોઈ સસલું કે હરણ જંગલમાંથી બહાર આવી ડોકિયું કરી જતાં હતાં તો ક્યારેક કોઈ જીવતા-જાગતા પથ્થર જેવો કાચબો ડગુમગુ ચાલતો સડક ઓળંગતો નજરે ચડી જતો હતો.

વુલ્ફ બેરનો નિયમ હતો તે મુજબ એ વર્ષમાં ચાર વાર બહાર નીકળતો. બધું બરાબર પાર ઊતરતું તો એ છ મહિનાથી વધુ સમય માટે બહાર ન રહેતો. દરેક વખતે એ અગાઉથી નક્કી કરેલા મહોલ્લા અને મેળામાં જ જતો. કોજલૌમાં બધાને ખબર હતી કે વુલ્ફ બેરની કમાણીનો સ્રોત કયો છે. કોજલૌમાં એણે કદીયે કોઈના ઘેર ચોરી કરી ન હતી... કદાચ એ કારણસર એની ગેરહાજરીમાં દુકાનદારો સીલિયાને ઉધારમાં વસ્તુ આપતા હતા. ઉધાર રાખી આપેલી ચીજવસ્તુઓની રકમ દુકાનદારો એમની વહીમાં નોંધી લેતા હતા. ખેપમાંથી પરત આવ્યા પછી વુલ્ફ બેર બાકી હોય તે રકમની પાઈ-પાઈ દૂધે ધોઈને ચૂકવી દેતો હતો. એક વાર વુલ્ફ બેરને યાનાઉની જેલમાં કેટલાક મહિનાઓ સુધી રહેવું પડ્યું. પણ કોજલૌના દુકાનદારોએ સીલિયાને ઉધાર આપવાની ના પાડી કદીયે નિરાશ ન કરી. એ સૌએ એને સેંકડો રૂબલની ચીજવસ્તુઓ ઉધાર આપી. ઘણી વાર સીલિયા વુલ્ફ બેરને ફરિયાદ કરતી કે દુકાનદારે ઓછું તોળીને આપ્યું અથવા તો હિસાબમાં ગરબડ કરી ત્યારે વુલ્ફ બેર એને કહેતો કે ક્યારેય કોઈ સાથે ચર્ચામાં ન ઊતરવું.

આ વખતે પણ હંમેશની જેમ વુલ્ફ બેર સીલિયા અને પોતાની બે દીકરીઓને મળવાની તીવ્ર ઇચ્છાથી ઘેર પરત આવ્યો હતો. લાંબા સમય સુધી બહારનું ખાધા પછી સીલીયાના હાથનું બનાવેલું ખાવાની એને પ્રતીક્ષા રહેતી. ધર્મશાળાની પથારીઓમાં સૂઈ ગયા પછી એને ઘરની મુલાયમ અને સ્વચ્છ પથારીમાં સૂઈ જવાનું મન થયા કરતું. સીલિયા સમર્પિત ગૃહિણી હતી. એ ગાદલાં અને રજાઈઓ સ્વચ્છ રાખતી ને ચાદરો રેશમ જેવી મુલાયમ. એમાંથી લેવેન્ડરની ખુશ્બૂ વાતાવરણને તરબતર કરતી રહેતી. સીલિયા સૂઈ જતાં પહેલાં નહાતી, આકર્ષક રીતે વાળ ગૂંથતી ને પછી જ એ સૂવાના ઓરડામાં જતી. સૂવાના ઓરડામાં જાય ત્યારે એના શરીર પર સુંદર નાઈટી રહેતી અને પગમાં ફૂમતાંવાળાં ચપ્પલ. એ નવોઢાની જેમ વુલ્ફ બેર સમક્ષ રજૂ થતી ને એની ભુજાઓમાં સમાઈ જતી.

બંને દીકરીઓ મોટી થતી જતી હતી. એક દસની હતી ને બીજી અગિયારની. એ બંને એના પિતા સાથે મસ્તી કરતી ને એની પર પ્રેમ ઢોળતી. એ વુલ્ફ બેરને પોતાની સ્કૂલની ચોપડીઓ, નોટબુક અને પોતે બનાવેલાં ચિત્રો બતાવતી. બંને દીકરીઓ સભ્ય ઘરનાં બાળકોની જેમ કાંજી કરેલાં ઇસ્ત્રીવાળાં વસ્ત્રો, વાળમાં સરસ રિબન બાંધતી અને પગમાં પૉલિશ કરેલાં ચમચમતાં પગરખાં પહેરતી. એ માત્ર યિદ્દીશ (પ્રાચીન યહૂદી ભાષા) નહિ પણ રૂસી અને પોલિશ ભાષાઓ પણ બોલી શકતી હતી. વુલ્ફ બેરે કદી નામ પણ સાંભળ્યું પણ ન હોય તેવા દુનિયાના દેશો વિષે એ વાતો કરતી. એમને યુદ્ધો અને રાજાઓના ઇતિહાસ વિષે સારી એવી માહિતી હતી. ચોપડીમાં જોયા વગર એ કવિતાઓ સંભળાવતી. વુલ્ફ બેરને આશ્ચર્ય થતું કે આટલા નાના મગજમાં આટલું જ્ઞાન કોઈ કેવી રીતે સમાવી શકે !

દીકરીઓને પિતાના વ્યવસાય અંગે કશી વાત કરવામાં આવતી ન હતી. બંને એવું માનતી હતી કે એમના પિતા સેલ્સમૅન છે. એમનું મકાન ચુંગી પુલ પાસે ચર્ચસ્ટ્રીટમાં હતું. એની પાડોશમાં રહેતા ગેરયહૂદીઓને ખબર ન હતી કે એ શું વ્યવસાય કરે છે અથવા તો ખબર હતી તોપણ બેખબર હોય એવો દેખાવ કરતાં હતાં. વુલ્ફ બેર એ સૌને ક્રિસમસ અને ઈસ્ટર હોય ત્યારે ભેટ આપતો હતો.

વુલ્ફ બેર જે ઘોડાગાડીમાં ઘેર આવી રહ્યો હતો તે બજારમાં ઊભી રહી ગઈ. વાતાવરણમાં સહેજ ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો. ચકલીઓ ઘોડાની લાદમાંથી દાણા ચણી રહી હતી. ખેડૂતની સ્ત્રીઓ ઊબડખાબડ રસ્તા પર ખુલ્લા પગે ચાલતી અજમો અને ડુંગળી વેચી રહી હતી. વુલ્ફ બેરે ગાડીવાનને ભાડાના પૈસા ઉપરાંત મોટા શહેરમાં ભદ્ર લોકોના અંદાજમાં બિયર પીવા માટે પણ પૈસા આપ્યા. તાળાં લગાવેલી અને નાનાં-મોટાં અનેક ખિસ્સાં ધરાવતી સુટકેસ લઈ એ ચર્ચ સ્ટ્રીટ ભણી ચાલવા લાગ્યો.

દુકાનદારોની દૃષ્ટિ એનો પીછો કરતી રહી. આસપાસ રહેતી છોકરીઓ બારીના કાચ પરથી ધુમ્મસની ભીનાશને લૂછી રહી હતી. ક્યાંકથી એક ચીંથરેહાલ માણસ નીકળ્યો. વુલ્ફ બેરે એના હાથમાં થોડા સિક્કા પકડાવી દીધા. કસાઈની દુકાન પાસે ઊભેલાં કૂતરાં પણ એની તરફ પૂંછડી હલાવવા લાગ્યાં.

વુલ્ફ બેરે ઈશ્વરનો આભાર માન્યો કે આ વખતે પસોવરના તહેવાર સમયે એ ઘેર હશે. સીલિયા તહેવારના પહેલા દિવસની પૂર્વસંધ્યા સમયે ખાસ પ્રકારનું ભોજન બનાવશે : મિષ્ટાન્ન, વિવિધ શાક, સુગંધિત ભાત અને માછલી. વુલ્ફ બેર પેટ ભરીને ખાશે. આ વખતની ખેપમાં એ ઘણા પૈસા લઈ ઘેર આવ્યો હતો. એણે વિચાર્યું હતું કે એમાંથી એ પોતાના પરિવારના સૌ માટે ઉત્તમ વસ્ત્રો ખરીદશે.

વુલ્ફ બેરને અચાનક જાણીતી સોડમ આવી. સ્વાદિષ્ટ અખમીરી રોટલી બનાવતી બેકરી નજીકથી પસાર થઈ રહ્યો હતો. થોડી વાર માટે એ ત્યાં ઊભો રહી ગયો ને બારીમાંથી અંદર ડોકિયું કર્યું. સફેદ એપ્રન અને માથા પર રૂમાલ બાંધી સ્ત્રીઓ અખમીરી રોટલીઓ વણી રહી હતી ને થોડી થોડી વારે એ પોતાના વેલણ પર ચોંટી ગયેલા લોટને

કાચના ટુકડાથી ઉખાડતી જતી હતી. એક સ્ત્રી આટામાં પાણી નાંખતી હતી ને બીજી કણક બાંધી રહી હતી. ભઠ્ઠી પર મૂકેલા તાવમાં જે રોટલીઓ શેકાઈ ગઈ હોય તેને એક માણસ મોટા તવેથા વડે બહાર કાઢી રહ્યો હતો. એની નજીક માથે ટોપી પહેરેલો અને દાઢીમૂછોવાળો માણસ હાથના ઈશારા વડે સૂચન કરી રહ્યો હતો. એ ઓવેર્શિઅર હતો. અચાનક વુલ્ફ બેરને એનાં માતાપિતાનું સ્મરણ થઈ આવ્યું. એને થયું, અત્યારે એ ક્યાં હશે? વધુ સંભાવના એ સ્વર્ગમાં હોય તેવી જ હતી. એ વાત સાચી કે એમના દીકરાએ સદાચારનો રસ્તો પસંદ કર્યો ન હતો. પણ એમની કબરો પર એણે એમનાં નામના પથ્થર મુકાવ્યા હતા અને એની પર એ મીણબત્તી પ્રગટાવી ખૂબ શ્રદ્ધાપૂર્વક કાદિશ (વિશેષ પ્રાર્થના) કરતો હતો. ખાસ માણસને બોલાવી, એને પૈસા આપી એ માતાપિતાની સ્મૃતિમાં મિશનાનું (રબ્બીનો ખાસ ઉપદેશ) પઠન કરાવતો હતો. ભગવાન દયાળુ છે. એ પાપી તરફ પણ કરુણા ધરાવતો હોય છે.

વુલ્ફ બેર પોતાનું ઘર હતું એ ચર્ચ સ્ટ્રીટમાં પ્રવેશ્યો ત્યારે કોને ખબર કેમ, પણ એને કશા અજાણ્યા ભયે ઘેરી લીધો. કોઈ અજ્ઞાત શક્તિ જાણે એને ચેતવી રહી હતી કે વધુ પડતા જોશમાં આવવાની જરૂર નથી. એની અંદરથી કોઈ કહી રહ્યું હતુંઃ ‘હજી પાસોવર આવ્યો નથી ને હજી તું સાંજના સમયે થનારા ભોજનમાં જમ્યો પણ નથી. એ ઊભો રહી ગયો. શું સીલિયા બીમાર હશે? દીકરીઓને કશું થયું હશે? શું પોતાનો અંત જેલમાં આવશે? પણ એવું તો શી રીતે બની શકે? એણે ચોરી કરી ત્યારે નાનકડો પુરાવો રહી જાય એવી ગુંજાઈશ પણ એણે ક્યાં રાખી હતી? પોતાની આશંકા દૂર કરવા એ બંને તરફ તરફ આવેલી મકાનોની હરોળ વચ્ચે ઝડપથી ચાલવા લાગ્યો. મકાનો જાણે ઠીંગણાઓ માટે બન્યાં હોય એવા નીચાં હતાં અને કાંટાવાળી વાળથી ઘેરાયેલાં હતાં. અડધા પીગળેલા બરફમાં કાણાં પડી ગયાં હતાં ને એમાંથી પાછલા વર્ષનાં સૂરજમુખીના છોડનાં તરણાં બહાર આવી રહ્યાં હતાં. મારચિન્સ્કીની અગાશી પર બગલા પાછા ફર્યા હતા ને ગયા વર્ષના માળાને ઠીકઠાક કરી રહ્યા હતા.

વુલ્ફ બેર ઝડપથી પોતાના ઘેર પહોંચી ગયો. ઘરની છત પર ચીમની હતી એમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. બારીના કાચ પર બપોરનો સૂરજ પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. બધું બરાબર છે તે જોઈ વુલ્ફ બેર આશ્વસ્ત થયો. એણે બારણું ઉઘાડ્યું. ને જોયું કે ઘરનાં બધાં જ હાજર છે. સીલિયા રસોડામાં ચૂલા પાસે ઊભી હતી. એણે પોતાના સોનેરી વાળને ગૂંથીને સહેજ ઉપર બાંધ્યા હતા. એનો ચહેરો ગોરો અને છોકરીઓનો હોય એવો હતો. કમર પાતળી હતી. એણે લાલ રંગનાં ચંપલ પહેર્યાં હતાં. એના પગ પિંડી પાસે પુષ્ટ અને એડી પાસે પાતળા હતા. બંને છોકરીઓ સ્ટૂલ પર બેસી પાસાં ફેંકવાની કોઈ રમત રમી રહી હતી. વુલ્ફ બેરને જોતાં જ એ બંને એની તરફ દોડી. ઘરમાં ખાસ્સી ધમાચકડી મચી ગઈ. સીલિયા ચૂલા પર મૂકેલા તપેલા સાથે અથડાઈ જતાં સહેજમાં બચી ગઈ. છોકરીઓ વુલ્ફ બેરને પ્રેમથી વળગી પડી. પાસેના ઓરડામાં રહેલા પોપટે જરૂર એના માલિકનો અવાજ સાંભળ્યો હોવો જોઈએ. એ જોરથી

ચિચિયારીઓ પાડવા લાગ્યો. વુલ્ફ બેરે સીલિયાના હોઠને સ્પર્શ કર્યો ને રોમાંચિત થઈ ઊઠ્યો. એણે એને વારંવાર ચૂમી. થોડી વાર પછી એણે ગિફ્ટ કાઢવા માટે સૂટકેસ ઉઘાડી એવી ફરી ધમાચકડી મચી ગઈ. વુલ્ફ બેર પોપટના હાલચાલ જોવા માટે બીજા ઓરડામાં ગયો ત્યારે ખુલ્લા પાંજરાના સળિયા પર એક પગ પર બેઠેલા પોપટે પાંખો ફફડાવી. એ એના ખભા પર બેસી ગયો. વુલ્ફ બેરે એની ચાંચને હોઠથી સ્પર્શ કર્યો ને એને પ્રેટજેલના બિસ્કિટ ખવડાવ્યાં. આ બિસ્કિટ એણે લુબલિનમાંથી ખાસ પોપટ માટે ખરીદ્યાં હતાં. શિયાળામાં પોપટનાં પીંછાં ખરી પડ્યાં હતાં ને એના સ્થાને નવાં રંગીન પીંછાં ઊગી ગયાં હતાં.

અચાનક પોપટ બોલવા લાગ્યો, ‘પાપા..પાપા..પાપા..’

‘તું પાપાને પ્રેમ કરે છે?’

‘પ્રેમ..પ્રેમ...પ્રેમ..’

ચાલો, ભયનું કોઈ કારણ નથી. વુલ્ફ બેરે અનુભવી દૃષ્ટિએ આખાય ઘરનું નિરીક્ષણ કરી લીધું. બધી જ વસ્તુઓ ચમકી રહી હતીઃ ફર્શ, ચૂલા પર રાખેલાં તાંબાનાં વાસણ અને પિત્તળની ઊતરડ. દર વર્ષે પસોવરના તહેવાર પહેલાં ઘરને ચૂનો લગાડવાનો રિવાજ હતો. પણ દીવાલો સારી હતી. કોઈ જગ્યાએ એક ડાઘ દેખાતો ન હતો. ઘર પણ સ્વચ્છ હતું.

‘દુનિયામાં આટલી સારી પત્ની કોઈની નહિ હોય..’ વુલ્ફ બેરે મોટા અવાજે કહ્યું. એ આવ્યો ત્યારે પ્રવાસના થાકને લીધે આંખો ખુલ્લી રાખી શકતો ન હતો પણ હવે એ પ્રફુલ્લિત હતો. સીલિયાએ એને બિસ્કિટ અને દૂધ આપ્યાં. એ બંને જ્યારે ઘરમાં એકલાં પડ્યાં ત્યારે સીલિયાએ પૂછ્યુંઃ ‘ધંધો કેવો રહ્યો?’

‘તું મારી પાસે છે ત્યાં સુધી બધું બરાબર ચાલતું રહેવાનું...’ વુલ્ફ બેરે પોતાના વ્યવસાય પર લજ્જિત થઈને કહ્યું.

એવો વણલખ્યો નિયમ બની ગયો હતો કે સીલિયા એને કદીયે પૂછતી ન હતી કે બહાર રહીને એણે શું કર્યું ને એ પણ એ વિષે કદી કશું કહેતો ન હતો. પણ હવે એવું જણાતું હતું કે એના વ્યવસાય અંગે સીલિયાએ સમાધાન કરી લીધું હતું.

વુલ્ફ બેરે પોતે સીલિયા અને દીકરીઓ માટે કાપડ લાવ્યો હતો તે વિષે એણે વાત કરવાનું શરૂ કર્યું. પસોવરનો તહેવાર સાવ નજીક હતો એટલે સીલિયાને આશંકા હતી કે હવે ભાગ્યે જ કોઈ દરજી વસ્ત્રો સીવી દેવાનો નવો ઑર્ડર સ્વીકારશે તોપણ એ માટે એ પ્રયત્ન જરૂર કરશે. વુલ્ફ બેરે એને નોટોની થપ્પી પકડાવી દીધી ને એ બજારમાં ગઈ. બેય દીકરીઓને પણ એ પોતાની સાથે લેતી ગઈ.

વુલ્ફ બેર સોફા પર આડો પડ્યો. એને ખબર હતી કે સીલિયા રાત્રિ માટે ભારે ભોજન બનાવશે એટલે એ થોડી વાર સૂઈ જવા ઇચ્છતો હતો. ઊંઘમાં એને સપનું આવ્યું કે એ લુબલિનમાં છે. કોઈ ઓરડીમાં એ અર્ધનગ્ન અવસ્થામાં ઊભો છે ને એક મોટી નાંદમાંથી એ પોતાને ધોઈ રહ્યો છે. એના શરીરમાંથી દુર્ગંધ આવી રહી છે. એ ફરીથી

ચામડું સાફ કરવાવાળો કારીગર બની ગયો છે. ત્યાં જ બારણું ખૂલ્યું ને કરચલીવાળો ચહેરો અને રૂક્ષ-ગૂંચવાયેલા વાળવાળી એક સ્ત્રીએ અંદર ડોકિયું કરતાં કહ્યું, 'તું ક્યાં સુધી તારી જાતને ધોતો રહીશ? સેડરનો-પ્રાર્થનાનો સમય થઈ ગયો છે.'

વુલ્ફ બેર ચોંકીને જાગી ગયો. આ તે કેવું વિચિત્ર સપનું? એનું મન કડવાશથી ભરાઈ ગયું. સપનું પણ કેવું સચોટ હતું. એ પોતાનાં નસકોરાંમાં ચામડાની ગંધને અનુભવી શકતો હતો. હવાના સિગાર કાઢવા માટે એને પોતાના ઉપરના ખિસ્સામાં હાથ નાંખ્યો. એક રશિયન સાથે જુગાર રમવામાં વુલ્ફ બેર દોઢસો રૂબલ જીતી ગયો ત્યારે એણે એને આ સિગાર આપી હતી. વુલ્ફ બેર કદીયે સિગાર પીતો ન હતો. એ પોતાની સિગારેટ જાતે જ બનાવી લેતો હતો. પણ અત્યારે એ અડધા રૂબલની કિંમતવાળી સિગાર પીવા માટે ઉત્સુક હતો. એને યાદ આવ્યું કે એની પાસે સોનાની બનાવટનું સિગાર પીવાનું એક હોલ્ડર ઘરમાં ક્યાંક પડ્યું છે. સિગાર પીવી જ છે તો પછી ઢંગથી શા માટે ન પીવી? વુલ્ફ બેરે સિગારનું હોલ્ડર શોધવા માટે ખૂબ કોશિશ કરી પણ એને સફળતા ન મળી. કોઈ વસ્તુ ખોવાઈ જાય એ બાબતની એણે ખૂબ નફરત હતી. એણે બધાં કબાટ ઉઘાડીને જોઈ લીધાં. બધા ખૂણા જોયા અને સીસમની પેટી પણ બરાબર જોઈ લીધી. કપડાં રાખવાના એક કબાટમાં ટિનની એક નાનકડી પેટી હતી એમાં વુલ્ફ બેરના જન્મનું પ્રમાણપત્ર, લગ્નના અનુબંધનો કાગળ, ગીરવી મૂકેલી મિલકતના કાગળો અને બીજા અગત્યના દસ્તાવેજ હતાં. સિગારનું હોલ્ડર એમાં હોઈ શકે એવી કોઈ સંભાવના હતી નહિ તોપણ વુલ્ફ બેરે એ પેટી ઉઘાડી. સિગારનું હોલ્ડર એમાં ન હતું પણ લગ્નના અનુબંધ પત્ર પર મોટા હીરા જડેલી એક જડાઉ પિન રાખેલી હતી.

વુલ્ફ બેર વ્યગ્ર બની ગયો. આ શું છે? ઝવેરાત સાચું છે કે ખોટું અથવા કેટલું કીમતી છે એની એને ખાસ્સી સમજ હતી. જડાઉ પિન પર અસલી હીરા હતા, બનાવટી નહિ. આ જડાઉ પીન અસલના જમાનાની જણાતી હતી. વુલ્ફ બેરે એ પિનને જેટલી વાર ચકાસીને જોઈ એટલું એનું આશ્ચર્ય વધતું ગયું. પણ આ જડાઉ પિન અહીં આવી શી રીતે? એ એની હતી કે ન એ હતી સીલિયાની. સીલિયાએ પૈસાની જોડતોડ કરી સેંકડો રૂબલની આ જડાઉ પિન એણે પોતાના માટે ખરીદી હશે? પણ આવી જડાઉ પિન આ નાનકડા ગામ-કોજલૌમાં મળે એ શક્ય ન હતું. એણે જડાઉ પિનને ફરી ચકાસવાનું શરૂ કર્યું તો એની પાછળ બે અક્ષર કોતરેલા મળ્યાઃ એક આલિફ (અ) અને એક ગિમલ (ગ). જડાઉ પિનને એણે પોતાના ખિસ્સામાં સરકાવી દીધી. એનું ચિત્ત ગ્લાનિથી ભરાઈ ગયું. સોફા પર આંખો મીંચી એ પડ્યો રહ્યો ને આ કોયડો ઉકેલતો રહ્યો. એણે ખૂબ વિચાર્યું પણ એને કશો જવાબ ન મળ્યો. છેવટે એ ઊંઘી ગયો ને ફરી સપનું આવ્યું કે લુબનિન પેલી ઓરડીમાં એ પોતાને ધોઈ રહ્યો છે. ઓરડીમાં કાચા ચામડા અને એની સફાઈ માટે ઉપયોગમાં લેવાતાં રસાયણોની ઉગ્ર વાસ આવી રહી છે. કરચલીવાળો ચહેરો અને રૂક્ષ-ગૂંચવાયેલા વાળવાળી સ્ત્રી ફરી એક વાર એણે ચેતવણી આપી રહી હતી કે એ ક્યાં સુધી તારી જાતને ધોતો રહેશે? સેડર – પ્રાર્થના માટે મોડું થશે.

વુલ્ફ બેર જાગી ગયો. આનો અર્થ શું હોઈ શકે? શું સીલિયાનો કોઈ પ્રેમી હતો ને એણે આ જડાઉ પિન સીલિયાને ભેટ આપી હતી? વુલ્ફ બેરના મનમાં કડવાશ છવાઈ ગઈ. થયું કે હમણાં ઊલટી થઈ જશે. એક ખાટ્ટો ઓડકાર આવી ગયો. એણે મુક્કો હવામાં વીંઝ્યો. સાલું, આ વાતનો કોઈ જવાબ તો હોવો જોઈએ ને? ને આલિફ અને ગિમલના અક્ષરો કોતરેલા છે એનો પણ શું મતલબ? કોજલૌમાં એવો કોઈ યહૂદી હશે કે જે કોઈની પત્ની સાથે સંબંધ રાખે? અથવા તો સીલિયા એવું કશું કરે એવી કોઈ શંકા એની પર કરી શકે?

વુલ્ફ બેર વિચારતો ગયો એમ વધુ ને વધુ ચકરાવે ચડતો ગયો. એણે ઓરડામાં આંટા મારવાનું શરૂ કર્યું. એ પોપટ સાથે વાત કરવા લાગ્યો; 'બોલ, સાચું શું છે એની તને ખબર છે?'

'પાપા, પાપા, પાપા....પ્યાર, પ્યાર, પ્યાર..'

સાંજનું અંધારું થવા લાગ્યું. બારીઓના કાચ પર ઝિલાતો પ્રકાશ આછો થઈ ગયો. દીવાલો પર રહેલું આથમતા સૂરજનું અજવાળું પણ ક્ષીણ થતું રહ્યું. પોપટ રાત્રિનું આગમન થતાં પાંજરામાં ઘૂસી ગયો. વુલ્ફ બેરે હવાના સિગાર સળગાવી ને અંધકારમાં બેસી ઊંડા કશ લેતો રહ્યો. તમાકુની ભીની ગંધનો વુલ્ફ બેરને નશો ચડવા લાગ્યો. વારંવાર એ ખિસ્સામાં હાથ નાખી અને જડાઉ પિનને સ્પર્શી લેતો હતો. બહાર કોઈ સંચાર થતો તો એ સતર્ક થઈ જતો કે એ એની પત્ની છે. પણ હજી એ આવી કેમ નહિ? શું કામમાં પડી ગઈ છે? એને આવતાં આટલી વાર કેમ લાગી? એણે નક્કી કર્યું કે બાળકો જાગે છે ત્યાં સુધી એ કશી ચર્ચા કરશે નહિ.

થોડી વાર પછી પગરવ સંભળાયો. સીલિયા હતી. બંને છોકરીઓ સાથે એ સામાનના પૅકેટ લઈ ઉત્સાહથી હસતી-હસતી અંદર ધસી આવી. સીલિયા સહર્ષ બોલી, 'વુલ્ફ બેર, તમે ક્યાં છો? અહીં અંધારામાં કેમ બેઠા છો? ને આ તમારા હોઠ વચ્ચે શું છે? સિગાર?'

'હા, ટ્રેનમાં એક રૂસી મુસાફરે મને આપી હતી..'

'એની ગંધથી મને ચક્કર આવે છે. જુઓ, અમે તો આખી દુકાન જ ખરીદી લીધી છે. એક મિનિટ, હું જરા બત્તી કરું.' સહેજ અટકીને એણે પૂછ્યું, 'શું વિચારો છો?'

'મારી પાસે એમ્બરનું એક સિગાર-હોલ્ડર હતું. એ ક્યાં છે?'

'મને શું ખબર?'

છોકરીઓ પૅકેટ લઈ ઝૂમી રહી હતી. સીલિયાએ પહેલાં ટેબલ-લૅમ્પની સ્વિચ ઑન કરી. ને સીધો રાખવા માટે જેની તુંબડીમાં સીસાની ગોળીઓ ભરી હતી તે કાંસાની સાંકળના આધારે લટકતો લૅમ્પ પણ એણે ચાલુ કર્યો. સીલિયાએ વિવિધ પ્રકારના કાપડની ખાસ્સી ખરીદી કરી હતી ને દરજી લાઇત્સર સાથે વાત કરી લીધી હતી કે પસોવર પહેલાં એ એને સીવીને આપી દેશે.

સીલિયાએ રાત્રિનું ખાણું બનાવવાની તૈયારી શરૂ કરી. રોજ બાળકો રાત્રિના સમયે જલદી સૂઈ જતાં હતાં પણ જ્યારે એમના પિતા ઘેર આવે ત્યાર પછીનો દિવસ એમના માટે રજા રહેતી. સીલિયાએ એમને પહેલાં જ વચન આપી દીધું હોય... બીજા દિવસે એમણે સ્કૂલમાં જવાનું નથી.

વુલ્ફ બેર ખાવાના ટેબલ પર બેઠો. એણે સીલિયાએ બનાવેલા વ્યંજનોની પ્રશંસા કરી અને બાળકો સાથે હસીને વાતો કરી. અલબત્ત, એની વાતોમાં અગાઉ જેવો રમૂજી સ્વભાવ જણાતો ન હતો. એણે ઝડપથી થોડું ખાઈ લીધું. ખાતી વેળાએ એ વારંવાર સીલિયા સામે તીક્ષ્ણ નજરે જોતો રહ્યો. ચા અને જેમ સાથે મધવાળી કેક ખાધા પછી એણે છોકરીઓને કહ્યું કે એ બંને સૂઈ જાય. છોકરીઓએ વિરોધ કર્યો કે હજી એમણે પોતાના પિતાના આગમનની ખુશી પૂરી ક્યાં માણી છે. હજી કેટકેટલી વાતો કરવાની બાકી છે. એ બંને એને પોતાની ચોપડીઓ, નકશાપોથી અને ચિત્રપોથીઓ બતાવવા ઉત્સુક હતી. પણ વુલ્ફ બેરે આગ્રહ ચાલુ રાખ્યો ને કહ્યું કે એ બધું તો બીજા દિવસે પણ થઈ શકે છે.

થોડી ચર્ચા પછી બંને છોકરીઓ સૂવા માટે ચાલી ગઈ. સીલિયાએ પ્રગટ રીતે એમની તરફેણ કરી પણ તે દરમિયાન એ અર્થપૂર્ણ સ્મિત રેલાવતી રહી. એને થયું, એ એનો સાથ પામવા અધીરો થયો છે. તમને ઉતાવળ છે? એની દૃષ્ટિમાં પ્રશ્ન ડોકાઈ રહ્યો હતો. વુલ્ફ બેરે સૂવાના ઓરડામાં જઈ કપડાં બદલ્યાં. હમણાં જ પાથરેલી પથારીમાં એ બેસી ગયો.

હંમેશ જેમ સીલિયા પતિ પાસે જતાં અગાઉ પોતાના વાળ ધોવા ગઈ. વાળ ધોયા પછી એણે દાંત સાફ કર્યા. ધોયેલી સ્વચ્છ નાઇટી પહેરી ને પાઉડર છાંટ્યો. એને હતું કે વુલ્ફ બેર બત્તી બુઝાવી તરત જ એની સાથે સહવાસ કરશે. પણ એ તો પથારીમાં બેસી એની સામે તીરછી નજરે જોતો રહ્યો.

' મહેરબાની કરી બારણું તો બંધ કર..' વુલ્ફ બેરે કહ્યું, સહેજ ઊંચા અવાજે.

'તમને કશું થઈ ગયું છે?'

'પહેલાં બારણું બંધ કર..'

'બંધ જ છે.'

વુલ્ફ બેરે ઓશીકા હેઠળથી જડાઉ પિન કાઢી, 'આ તને ક્યાંથી મળી?'

સીલિયાએ ઊંચું જોયું. એણે જડાઉપીનને એકાદ ક્ષણ જોયા કરી. એના ચહેરા આશ્ચર્ય હતું ને ગંભીરતા પણ. એણે કહ્યું, 'એ તો મારી પાસે ઘણા સમયથી છે.'

'ક્યારથી?'

'ઘણાં વર્ષોથી.'

'તને આ ક્યાંથી મળી?' સીલિયાએ તરત જ ઉત્તર ન આપ્યો. છેવટે એણે ઊંચું જોયું ને બોલી;

'મને એ જડી હતી.'

'ક્યાંથી?'

'મહિલાઓ માટે પ્રાર્થનાખંડ છે ત્યાંથી.'

'તું પ્રાર્થનાખંડમાં ક્યારે ગઈ હતી?'

'રોશ હશાનાના (યહૂદી નવું વર્ષ) દિવસે.'

'તેં કોઈને પૂછ્યું પણ નહિ કે કોની પિન ખોવાઈ ગઈ છે?'

'ના.'

'ને તેં મને પણ આ વિષે કહ્યું નહિ?'

સીલિયાએ માથું ધુણાવ્યું, 'જરૂરી નથી કે મારે તમને બધું જ જણાવવું પડે.'

છોકરીઓ હજી સૂઈ ગઈ ન હતી એટલે પતિપત્ની ધીમા અવાજે વાતો કરી રહ્યાં હતાં. વુલ્ફ બેર કશા વિચારમાં ડૂબી ગયો. એણે કહ્યું, 'જડાઉ પિન પાછળ બે અક્ષર કોતરેલા છે. એક આલિફ અને એક ગિમલ.'

'હા.'

'એના પરથી કહી શકાય કે એ કોની છે?'

સીલિયા કશું બોલી નહિ. એણે ખાતરી કરી લીધી કે બારણું બંધ છે. એ પોતાની જગ્યાએથી સહેજ હલી. જાણે એ એવી કોશિશ ન કરી રહી હોય કે એના પતિ અને બાળકો વચ્ચે એ એવી રીતે આવી જાય કે વાત બાળકો સુધી જાય નહિ. વુલ્ફ બેરે પહેલી વાર એની આંખોમાં ગુસ્તાખી જોઈ.

'તમે કંઈ પોલીસ ઇન્સ્પેક્ટર નથી.' એણે કહ્યું.

'હું જે છું એ છું. તારે મને કહેવું પડશે કે એ કોની છે...બોલ, કોની છે એ?' વુલ્ફ બેરનો સ્વર સહેજ ઊંચો થઈ ગયો.

'બૂમો ન પાડો. એ આલ્તે ગિતેલની છે.'

એક જ ક્ષણમાં વુલ્ફ બેરની સમજણમાં બધું આવી ગયું. એને બધું યાદ હતું.

'આલ્તે ગિતેલની પિન રોશ હશાના પર નહિ પણ હનુકાના દિવસો દરમિયાન ખોવાઈ ગઈ હતી. આખા મહોલ્લામાં હો-હા થઈ ગઈ હતી.'

'એ જે હોય તે.'

'તને એ કેવી રીતે મળી?'

'મેં કહ્યું ને એ મને એ જડી હતી.'

'ક્યાંથી?'

'ગલીમાંથી.'

'થોડી વાર પહેલાં તો તેં કહ્યું કે એ તને પ્રાર્થનાખંડમાંથી મળી હતી.'

'કહી દીધું તો શું થયું?'

'આલ્તે ગિતેલની જડાઉ પિન ડેબરા લીના લગ્નમાં ખોવાઈ ગઈ હતી...' વુલ્ફ બેરે જાણે પોતાને કહેતો હોય તેમ સીલિયા સામે જોઈ કહ્યું, 'ત્યાં તું પણ હતી. ત્યાં તમારી સૌની તલાશી લેવામાં આવી હતી. એવું તેં મને જણાવ્યું પણ હતું. તલાશી લેવાઈ ત્યારે તેં પિન ક્યાં છુપાવી હતી?'

સીલિયા હસી પડી, 'તમે તો એવી રીતે પૂછો છો કે લોકો જાણે તો એમને એવું લાગે તમે મોટા સંત છો.'

'તું ચોર છે. છે કે નહિ?'

'જો તમે ચોર છો તો હું કેમ ચોર ન બની શકું?' સીલિયાએ ઝડપથી પણ ધીમા અવાજે કહ્યું, 'આ શું ધમાલ માંડી છે? આખો મહોલ્લો જાણે છે કે તમે શું ધંધો કરો છો. આપણાં બાળકોને લોકો ટોણા મારે છે. શિક્ષિકાઓ એમની મજાક ઉડાવે છે. સ્કૂલમાં કોઈની વસ્તુ ખોવાઈ જાય છે તો સૌને આપણી માશા અને આનકા પર શક જાય છે. મેં તમને આ બધું એટલાં માટે કહ્યું ન હતું કે તમને દુઃખ થાય, પણ હકીકત એ છે કે ડગલે ને પગલે મારું અપમાન થતું રહે છે. તમારા કારણે અમારા પર આટલું વીતે છે તો પછી તમે પોતે ઈમાનદાર છો એવું નાટક કેમ કરી રહ્યા છો? હું પ્રમાણિક સ્ત્રી હોત તો મેં તમારી પત્ની બનવાનું કદીયે પસંદ કર્યું ન હોત. કોઈ પણ જાતની શેહ વગર હું તમને આ કહી રહી છું.'

'એટલે કે તેં આ જડાઉ પિનની ચોરી કરી છે. સાચું ને?'

'હા, મેં એ ચોરી હતી...' સીલિયાની દૃષ્ટિ વુલ્ફ બેર પર સ્થિર થઈ. એના ચહેરા પર આછું અકળ સ્મિત હતું ને ભય પણ.

'તેં આ કેવી રીતે કર્યું?'

'વિદૂષક એના સંવાદ બોલી રહ્યો હતો ત્યારે મેં એનાં વસ્ત્રોમાંથી પિન સેરવી લીધી. ઘણાં વરસોથી કબાટમાં એક જ જગ્યાએ પડી હતી. પણ તમે મારું કબાટ કેમ ફંફોસી રહ્યા હતા?'

'હું મારું સિગાર-હોલ્ડર શોધી રહ્યો હતો.'

'તમારું સિગાર-હોલ્ડર! મેં નથી લીધું..'

વજનદાર મૌન છવાઈ ગયું. વુલ્ફ બેર પથારીમાં ટટ્ટાર બેસી ગયો. એના ચહેરા પર રોષ નહિ, પણ ઉદાસી છવાઈ ગઈ. જાણે પોતાના પ્રિયજનનું મૃત્યુ ન થયું હોય એવી ઉદાસી. સીલિયા સાથે લગ્ન કર્યા પછી એ હંમેશાં – વર્ષો સુધી એવું સમજતો રહ્યો હતો કે એણે એક સુશીલ અને પ્રમાણિક સ્ત્રીની સાથે લગ્ન કરી એને કફોડી સ્થિતિમાં જીવવા મજબૂર કરી છે. એ માટે એ પોતાની જાત પર ફિટકાર વરસાવતો હતો. ઘણી વાર એ ફરિયાદ પણ કરતી હતી કે એણે કમાણી કરવાનો ખોટો રસ્તો પસંદ કર્યો છે. મહોલ્લાવાળા પણ એમની કેટલી ઉપેક્ષા કરે છે. એટલું જ નહીં, પણ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે

એમનાં બાળકો સારા સંસ્કાર લઈ શ્રેષ્ઠ કેળવણી મેળવે. હજી થોડાં વર્ષ પહેલાં એ યાનૌમાં ગિરફ્તાર થયો ત્યારે એને સખ્ત સજા થાય એવી સંભાવના હતી. એ સમયે સીલિયાએ એને યાનૌ જઈ છોડાવ્યો હતો. એણે વુલ્ફ બેરને જણાવ્યું હતું કે સજા રદ ન થાય ત્યાં સુધી એ અધિકારીઓના પગમાં પડી, રડતાં રડતાં આજીજી કરતી રહી હતી. એ લોકોમાંથી એક જણે કહ્યું હતું, ‘સુંદરી રડીશ નહિ, મારાથી તારાં આંસુ જોઈ શકાતાં નથી…’

વુલ્ફ બેરના મનમાં પહેલાં કદીયે એ વાત આવી ન હતી કે એ ઘટના સાવ સાચી ન હોઈ શકે. એવાં અનેક મોટાં શહેર હતાં જ્યાં એને સંદિગ્ધ ચારિત્ર્ય ધરાવતી સ્ત્રીઓએ ફસાવવાની કોશિશ કરી હતી. પણ એણે હંમેશાં એક જ ઉત્તર આપ્યો હતો કે કોજલૌમાં એની પાસે એની વફાદાર પત્ની છે જે એના પતિ અને બાળકોને સમર્પિત છે. પોતાની પત્નીને કોઈ વાતની ઊણપ ન રહે એ માટે એણે એની સ્વતંત્રતાને દાવ પર લગાવી દીધી હતી. એ બહાર જાય ત્યારે મોંઘાં રેસ્ટોરાં અને થિયેટરથી દૂર રહેતો હતો. પણ એ બધું નકામું નીવડ્યું હતું. એ મનોમન હસ્યોઃ ‘તું મૂર્ખ છે, વુલ્ફ બેર. મહામૂર્ખ!’ એને એવું લાગ્યું કે એ જાણે સાવ નિચોવાઈ ગયો છે ને એને અકાળે વૃદ્ધત્વએ એને ઘેરી લીધો છે.

અચાનક એના કાને સીલિયાનો અવાજ અથડાયો… ‘લૅમ્પ બુઝાવી દઉં?’

‘તારે જેમ કરવું હોય તેમ.’

સીલિયાએ લૅમ્પ બુઝાવી દીધો. એ પોતાની પથારીમાં આડી પડી. ઘણી વાર સુધી મૌન છવાયેલું રહ્યું. વુલ્ફ બેર પોતાની અંદર ને અંદર ઘૂંટાતો રહ્યો. કશો વિચાર આવતાં એ ધ્રૂજી ઊઠ્યો. એણે પૂછ્યું, ‘તું અધિકારીઓ સાથે સૂઈ ગઈ હતી?’

‘મને સમજાયું નહિ કે તમે કોની વાત કરો છો.’

‘તને સમજાય છે ને ખબર પણ છે કે હું કોની વાત કરું છું.’

‘તમને આજે શું થઈ ગયું છે? જરૂર તમારું મગજ ફરી ગયું છે..’

વુલ્ફ બેરે આંખો બંધ કરી દીધી. પાસેના ઓરડામાં છોકરીઓ હજી પણ જાગતી હતી. એમની સાવ ધીમા અવાજે થતી વાતો અને હસવાનો અવાજ આવી રહ્યો હતો. વસંતના આરંભમાં સમયે હોય છે એવી ખુશનુમા પવનની લહેર ફળિયામાં ઊભેલાં વૃક્ષની ડાળીઓને ધીમેથી હલાવી રહી હતી. બારીની તિરાડોમાંથી ચાંદનીનાં કિરણો ઓરડામાં પ્રવેશી રહ્યાં હતાં. સીલિયા વારંવાર પડખાં બદલી રહી હતી. એ પડખું બદલતી ત્યારે પલંગ હચમચી જતો ને કિચૂડાટ થતો હતો.

વુલ્ફ બેર ઘેર આવ્યો ત્યારે એને સીલિયાના સાન્નિધ્યની ભરપૂર ઇચ્છા હતી. પણ હવે એ ઇચ્છા મરી ગઈ હતી. બધું ખતમ થઈ ગયું, એણે નિસાસો નાંખ્યો. જિંદગીનાં સાત વર્ષ એળે ગયાં. એનું હૃદય રડી રહ્યું હતું. હવે તો એને એ પણ શક જાગ્યો હતો કે આ બાળકો એનાં પોતાનાં છે કે નહિ. જે હોય તે, પણ હવે એણે ટ્રેન અને અન્ય વાહનોમાં ભીડ વચ્ચે ભીંસાઈ દોડધામ શા માટે કરવી જોઈએ? સસ્તી ધર્મશાળાઓ અને મેળામાં

જઈ એણે શા માટે પોતાનો જીવ જોખમમાં મૂકવો જોઈએ? એ બધું એને અચાનક જ અર્થહીન લાગવા માંડ્યું. જો એની પત્ની ચોર છે તો એણે પોતે ઈમાનદાર બનીને રહેવું જોઈએ, એ બબડ્યો. એક જ કુટુંબમાં બે ચોરની જરૂર નથી. છતાં પણ એ  જાણતો હતો હતો કે હવે કોઈ ઉકેલ રહ્યો નથી. જે છે એને મનથી કે મન વગર સ્વીકાર્યા વગર બીજો કોઈ રસ્તો નથી.

અંધકારમાં જોતો એ થોડી વાર એમ જ પડ્યો રહ્યો. પછી અચાનક એ ઊભો થઈ ગયો ને ચાલવા લાગ્યો.

'ક્યાં જાવ છો?'

'લુબલિન.'

'અત્યારે? અડધી રાતે?'

'હા.'

'લુબલિન જઈ તમે શું કરશો?' સીલિયાએ પૂછ્યું.

વુલ્ફ બેરે જવાબ આપ્યો, 'ચામડાની સફાઈ કરીશ, પહેલાં કરતો હતો તેમ..'

❑

## સાભાર સ્વીકાર

### નવલિકા

**પંખીઘર,** અમૃત પરમાર, ૨૦૧૯, ૩૫, સત્યમ્ બંગલોઝ, આઈઓસી રોડ, ચાંદખેડા, ૮ + ૯૪, રૂ. ૧૨૫, **આર્જવ,** પ્રવીણ શુક્લ, ૨૦૧૯, કર્મા પ્રકાશન, અમદાવાદ, ૨૧ + ૭૫ રૂ. **મોહન પરમારની દીર્ઘ વાર્તાઓ,** સંપા. અજિત ઠાકોર, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૯ + ૨૬૫, ૨૫૫, **અણમોલ રત્ન,** દમયંતી પંડ્યા, ૨૦૧૯, સી/૧૫, સુરસાગર એપાર્ટમેન્ટ, સોલા રોડ, અમદાવાદ, પૃ. ૬૮, રૂ. ૬૫ **પછી આમ બન્યું,** રાઘવજી માધડ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૯૨, રૂ. ૨૨૫

### નવલકથા

**માફલેષુ,** અવનીશ ભટ્ટ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની, પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ, પૃ. ૨૦૦ રૂ. ૨૫૦, **આયત Lover મોહિન,** સલમાદલ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૯૨, રૂ. ૨૨૫.

# લેખણ | હર્ષદ ત્રિવેદી

**અ**ષાઢી બીજનો ભીંજાયેલો દિવસ છે. ખેડૂતોએ વાવણીનું મુહૂર્ત લીધું છે. પરોઢે ઊઠીને, મોટા છાલિયામાં કંકુ પલાળ્યું છે. એમાં, ડોશીએ કાંતી મૂકેલાં સૂતરની આંટી મુકાય છે. કંકુનો લાલ રંગ એકદમ ધીમી ગતિએ સૂતરના વળેવળમાં પ્રવેશે છે. તારતારમાં પ્રસરીને તરબોળે છે. એની નાડાછડી સૌથી પહેલી ભગવાન ગણેશને. એ પછી વાડામાં બળદનાં ઘી ચોપડેલાં બેય શિંગડાં ફરતી બંધાય છે. એ પછી, સાંતીના જોતરે... ઓરણીની ડોકે અને છેલ્લે કોઈ કુંવાશી વાવણિયા ખેડૂતના જમણા હાથે બાંધે છે. ઘાણીએ કઢાવેલું તાજું જ તલનું તેલ બળદને નાળ્યે કરીને પિવરાવાય છે. હથેળીમાં રાખીને ગોળનાં દડબાં ખવરાવાય છે અને ઓરણી સહિતના સાંતીના ચીલા ખેતર સુધી લંબાઈને ઊંડા ચાસ પાડે છે. વસુંધરાના ઉદરમાં બીજારોપણ થાય છે ને ખેડૂત મનોમન બોલે છે : 'દા દેવો હરિને હાથ !' હા, એવે સમયે જ, લાં...બા રાગે, ગતિ કરતા સમૂહસ્વરોમાં ગામની શેરીઓ નિશાળે જવા આમથી તેમ વળાંકો લેતી ગાય છે :

**'પેલા મોરલાની પાસ બેઠાં શારદા જો ને,**
**આપે વિદ્યા કેરું દાન માતા શારદા જો ને...'**

છોકરાઓ આગળ ને છોકરીઓ પાછળ. સરસ્વતીમાતાની કાચમઢી તસવીર બે હાથમાં પકડીને, રુઆબભેર આગળ ચાલે છે ને સાતમી ચોપડીનો હાડેતો નિશાળિયો. એના ચાલવાના લયમાં સરસ્વતીને ચઢાવેલી પીળી અને રાતી કરેણની માળા કાચ ઉપર આમથી તેમ સરકે છે. જે એની પડખોપડખ, ડોકમાં ઢોલકી પહેરેલો છે તે પણ સાતમીનો. બે બાજુ બે મંજીરાંવાળા છઠ્ઠીના. બાકીનાં અલગ અલગ ચોપડીના છુટ્ટા હાથવાળા ગડબુકડ. એમને સરસ્વતીગાનના ઊંચા સૂરનો મજબૂત સથવારો. એમની પાછળ પાંચ-છ-સાતની છોકરીઓના હાથ મંજીરાં-ખંજરીના તાલે નર્તન કરે. ગાનારાં ને વગાડનારાં બધાંની ઉંમર આઠથી બારની. આ નિશાળિયાઓની બરાબર વચ્ચે, પાંચ વર્ષનો હું નાના ખોબામાં મોટું શ્રીફળ અને સવા રૂપિયો લઈને ચાલું છું. હું મને જોઉં છું તો – 'ખંતીલી બાએ પહેરાવેલાં, બગલાની પાંખ જેવાં ખાદીનાં વસ્ત્રો – સુરવાળ અને સાઇડ બટનના ઝભ્ભા સાથે ડગ માંડું છું. માથે આમળાંની પૂડીનું તેલ નાંખેલા, કાળા ભમ્મર વાંકડિયા ઓડિયા, આંખે કાજળ, કપાળની વચોવચ લાલ કંકુનો ચાંદલો અને ચાંદલા ઉપર ચોડેલા અક્ષત. પાંથી પાસે કાજળકાળું નાનું એવું ટપકું. જમણા કાંડે નાડાછડી. શ્રીફળ પકડવામાં સવા રૂપિયો સરકી ન પડે એની કાળજી લેતો ગંભીર વદને ચાલું છું.

મારું દફતર, આ કૂચકદમ કરતાં રમકડાંની છેક પાછળ ચાલ્યાં આવતાં શિક્ષિકા

રમાબહેને પકડ્યું છે. એ મોર-પોપટનાં ભરતવાળી લીલા રંગની થેલીમાં લાકડાનાં જળોયાંવાળી, ‘સૂર્યોદય’ની કાળી નવીનક્કોર પાટી, નીચે પડે કે તરત તૂટી જાય એવી માટીની લાંબી આખી પેન, કેટલાક લોકો એને કાંકરો પણ કહે છે. લાકડાની એક પાતળી-પીળી ફૂટપટ્ટી, જેના ઉપર આંકા કાળા અને ઇંચ કે સેન્ટિમીટરના આંકડા રાતા, પાટી સાફ કરવાના એક ગાભા ઉપરાંત વહેંચવાનાં પતાસાંની થેલી બાએ આપી છે.

આંબલીવાળી નિશાળનાં ઊંચાં પગથિયે પગ મૂકતાં જ રોમાંચનું એક થરથરું ફરી વળે છે આખા શરીરમાં. લાંબી પરસાળમાં બધાં બેસી ગયાં હારબંધ. મને મોટાસાહેબ, એટલે કે મારા ત્ર્યંબકદાદા પાસે લઈ જાય છે રમાબહેન. જોકે અત્યારે એ દાદાની ભૂમિકામાં નથી. હેડમાસ્તર છે આ સરસ્વતીમંદિરના. તો, સાહેબ ખુરશીમાં બેઠા છે. હું એમના પગ પાસે શ્રીફળ અને સવા રૂપિયો મૂકીને પગે લાગું છું. એ વાંસા પર હાથ ફેરવીને મને ખોળે લે છે. એમનો જમણો હાથ મારી પીઠ પાછળથી આગળ આવે છે. મારા ખોળામાં પાટી મૂકે છે. મને પેન પકડાવે છે અને પોતે પકડે છે મારો હાથ. સાહેબ લખે છે કે મારી પાસે લખાવે છે કે પછી, ખુદ સરસ્વતી અમ બંને પાસે લખાવે છે એની ખબર પડતી નથી. પણ, પાટી ઉપર પેન ખચરખચર... ચીક.. ચીક... અવાજે સરકે છે. જે ઓળખાય છે તે - ‘શ્રી ગણેશાય નમઃ, શ્રી સરસ્વત્યૈ નમઃ, શ્રી ગુરુભ્યો નમઃ’

પછી, પાટીની પાછળની બાજુએ ઊભી બે અને આડી ત્રણ લીટી તાણીને એકસરખા નવ ખાનાં પાડે છે. એક, બે, ત્રણ-ચાર, પાંચ, છ-સાત આઠ, નવના અંકો લખાય છે. ચીંધેલી જગ્યાએ બેસીને આ બધું સાત વાર ઘૂંટવાનું કહેવાય છે. જેમ ઘૂંટું છું એમ આંકડાઓમાં જાડ્ય ઉમેરાતું જાય છે. હું જોઉં છું કે જેણે સરસ્વતીની તસવીર પકડી હતી એ સાતમીવાળો, બધાંને બબ્બે પતાસાં વહેંચી રહ્યો છે. મારા મોઢામાં ગળ્યું ગળ્યું કકર કકર ભીનું થાય છે. હું પતાસાંમાંથી ધ્યાન હટાવીને અક્ષરો ઘૂંટવામાં, મારું કેન્દ્ર શોધું છું. પેન ઉપરના ન દેખાય એવા, ખરબચડા વળિયા મારી નાની નાની આંગળીઓને આગળ સરકવા દેતા નથી ને હું પેન ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરું છું. લેખણનો આ પહેલવહેલો સ્પર્શ હજીયે ટેરવાંને જીવતાં રાખે છે.

પાંચ ધોરણ સુધી તો આ ગુલાબી માટીની પેન અને વિલ્સનની પેન્સિલ જ હતી. બહુ મન થઈ જાય તો પણ, શ્યાહીવાળી પેનનું તો નામ જ નહીં લેવાનું. અક્ષરો બગડી જાય. દાદા-સાહેબ કહેતા કે, ‘વળાંકો ઉપર હાથ બરાબર ન બેસે ત્યાં સુધી ટાંકાવાળી પેન નહીં વાપરવાની.’ માટીની પેનનું પૅકેટ એવરેસ્ટ કંપનીનું. પૂંઠાના ચોરસ ખોખા ઉપર, માઉન્ટ એવરેસ્ટનું જાડી રેખાઓમાં ચિત્ર છાપેલું. એની અંદર ભૂંસું ભર્યું હોય જેથી પેનના ટુકડા થઈ ન જાય. રસોડા પાસેના ગોખલામાં પડ્યું હોય. જોઈએ એમ એકેક પેન કાઢતાં જવાની, જાડી અને સીધી હોય એનો વારો વહેલો આવે. જેટલી વાર પેન કાઢો એટલી વાર થોડું ભૂંસું તો હેઠે વેરાય જ. એ હિસાબે, જ્ઞાન અને ભૂંસાનો સંબંધ ઘણો જૂનો ગણાય. નિશાળના ઓટલે ઘસી ઘસીને બધાં એવી તો અણીઓ કાઢે કે પથ્થર જેવા પથ્થરમાં પણ કશુંક લિસ્સું ગુલાબી લખાઈ જાય. છેલ્લે તો બચ્યાકુચ્યા કટકા જ રહે. જોકે

પાટીમાં ચિત્રો કરવાં હોય તો પેનના નાના કટકા વધારે ફાવે. આડા કરીને ઘસતાં ઘસતાં રંગ પણ પૂરી શકાય.

પેન્સિલની વાત જરા જુદી. વિલ્સનના એક ડઝનના બૉક્સમાં ત્રણ રંગની ચાર ચાર પેન્સિલો આવે. કોઈ ડિઝાઇન કે લાઇનો નહીં. કશુંય બોલ્યા વિના, મૂળ રંગોની સમજ આપતી હોય એમ લાલ, પીળો ને વાદળી. સળંગ એક જ રંગ. પણ, બધીને પૂંછડે એક જ સરખો કાળો. એકદમ પોલિશ્ડ. પંપાળ્યા જ કરીએ. છોડવાનું મન ન થાય. એને છોલવાના ગોળ-ચોરસ સંચા જવાહરચોકવાળા વખારિયાની દુકાને તો મળતા જ, પણ અમે તો બાપુજીએ દાઢી કરીને ઉતારેલી ભારત બ્રાન્ડ પતરીનો જ ઉપયોગ કરતા. ક્યારેક તીક્ષ્ણ ધારવાળી પતરી અટકે-છટકે તો આંગળીનેય છરકો કરતી ચાલે ! વિલ્સન-એચબી-ની અણી એકદમ ઘાટી-કાળી અને સરળતાથી સરકે એવી લિસ્સી અને પોચી. અમને ક્યારેય આખી પેન્સિલ ન મળે. જ્યારે નવી માગીએ ત્યારે બા વચોવચ સૂડીકર્મ કરે અને બંને ભાઈઓને ટુકડો ટુકડો વહેંચી દે.

પહેલવેલી ફાઉન્ટનપેન મળી તે છઠ્ઠી શ્રેણીમાં. એ પણ વિલ્સનની જ. સિનિયર અને જુનિયર બંને પ્રકારની મળતી. બંનેનો આકાર અને રંગ એક જ. સાઇઝ નાનીમોટી એટલું જ. શ્યાહી દેખાય એવી પણ આવે ને ન દેખાય એવી પણ આવે. કેશરી ઢાંકણ ઉપર, સોનેરી ક્લિપ કે જેના ઉપર અંગ્રેજીમાં ઊભી રીતે વિલ્સન લખ્યું હોય, તેને સાચવતો કાળો ટોપો. એના આંટા ન ખોલો એમાં જ સાર. ઢાંકણની નીચેની બાજુએ કાળી અને સોનેરી વીંટી. નીચેનો ભાગ પારદર્શક અથવા ઢાંકણ જેવો જ કેશરી. આંટા ખોલીએ એટલે મોઢિયું, જીભ અને ટાંક પ્રગટ થાય. ટાંકને ઘણા લોકો જર્મનભાષાનો શબ્દ વાપરીને નિબ કહે. સોનાની લાગે એવી નિબ ઉપર સિમ્બોલ સાથે હાર્લો ઇટાલિક ફોન્ટમાં, વિલ્સન લખેલું હોય. કશું લખવાનું ન હોય તોય લખવાનીવૃત્તિ થઈ જાય એવી નમણી !

હાઈસ્કૂલના આઠમામાં, પહેલી પાટલીએ મારી બાજુમાં ડૉક્ટર પાટડિયાનો દીકરો બેસતો. એની પાસે ફેલોશિપની પેન. નીચેનું બોડી કાળું, પાતળું અને ઘાટીલું. ઉપરનું આખું ઢાંકણ સ્ટેનલેસ સ્ટીલનું. એની ગોળાઈમાં ઝીણા અક્ષરે ફેલોશિપ લખ્યું હોય. પણ એની નિબ સ્ટીલની. ખિસ્સામાં ભરાવવાની ક્લિપ ખરી, પણ ખોલી શકાય એવી આંટાવાળી નહીં, મોલ્ડેડ અને મજબૂત. પાટડિયાને મારી વિલ્સન ગમી ગઈ. મને ફિલોશિપ દેખાડીને કહે : 'બોલ ! સાટાપાટા કરવા છે ?' મેં હા કહી કે તરત જ પેનોની ફેરબદલ થઈ ગઈ. એ રાત્રે હોમવર્ક કરતી વખતે અમે બંને સરખી રીતે હેરાન થયા હોઈશું. કેમ કે અમારા બંનેની લખવાની રીત અલગ હતી. એની નિબનો પૉઇન્ટ અમુક રીતે ત્રાંસો ઘસાયેલો એટલે અને ફેલોશિપ વજનમાં ફોરી હોવાને કારણે ધાર્યા અક્ષર નીકળે જ નહીં ને ! પેન અને પેન્સિલના તફાવતની પહેલી વાર ખબર પડી એટલું જ નહીં, ધારો કે બ્રાન્ડ એક જ હોય તોપણ, પ્રત્યેક જણની પેન તો નોખી જ હોય એવું દિમાગમાં અજવાળું થયું. કદાચ પૉઇન્ટ પણ ફાવી જાય, તોય જેને આપણે 'પેન' કહીએ છીએ તે; આચાર, વિચાર, શીલ, લેખન અને સર્જન તો આગવાં અને આગવાં જ. કહો

કે જાડ્ય ઘણું વહેલું દૂર થયું ! અને બીજે દિવસે અમે ભાઈબંધોએ સાટાનું સગપણ ફોક કર્યું.

બાપુજી કવિતાઓ લખતા. એમને શાંતિલાલ રાયચંદે પાર્કરની, પંપવાળી પેન ભેટ આપેલી. એક વાર ટેબલનું ખાનું ખોલ્યું ને હાથમાં એ પેન આવી. અત્યંત જુદી જાતની, વજનદાર ! એની ટાંક પરંપરાગત નહીં, પાતળી ખીલી જેવી સીધી અને બુઠ્ઠી. જીભની જોગવાઈ જ નહીં. જાડો-પાતળો પૉઇન્ટ કરવો હોય તો એક્સ્ટ્રા ટાંક હોય જે બદલી પણ શકાય. લખી જોયું પણ અક્ષરો પડ્યા નહીં. થયું કે શ્યાહી ખલાસ થઈ ગઈ લાગે છે. બધેબધું નોખું જ નહીં, નોખેનોખું કરી નાખ્યું તોય ખ્યાલ ન આવ્યો કે આમાં શ્યાહી કેમ કરીને ભરાય ? બધું છુટ્ટું પાડ્યું એમ પાછું જોડતાં આવડ્યું નહીં. આવડ્યું નહીં શું ? તોડી જ નાંખેલું તે ક્યાંથી જોડાય ? એ ક્ષતવિક્ષત પેન બાપુજીના હાથમાં આવી ને જે માર પડ્યો છે ! આજે પણ કોઈ વિદેશી પેનને હાથ અડકાડું છું ત્યારે એકાદ થડકો ભુલાઈ જવાય છે.

હું પ્રાથમિક શાળામાં ભણતો ત્યારે પણ ‘પ્રતાપ’ પેનનો બહુ મહિમા. મોરબી પાસે, સ્વામી દયાનંદ સરસ્વતીના ગામ ટંકારામાં એની ફૅક્ટરી. અનેક શિક્ષકોનું સ્વપ્ન એટલે આ લાકડિયા રંગની પેન. એનો પૉઇન્ટ બહુ સરસ. લખો તમતમારે કોઈ પણ રીતે લખો ને ! એક તો પેન મોટી, એટલે શ્યાહી સરખી સમાય. વારે વારે ભરવી ન પડે. બીજું ગમે તેટલું લખો ને – ‘માઈલોના માઈલો મારી અંદર...’ મત અટકે પરતાપ ! જે પછીથી ‘પ્રતાપ ગાયત્રી’ થઈ તે આ પેન. લાકડાની કુદરતી ડિઝાઇન, બ્રાઉન-બ્લૅકના કૉમ્બિનેશનમાં ખાસ પ્રકારનું પૉલિશ અને વિચિત્ર પ્રકારની – ભાગ્યે જ કોઈને ગમે એવી – તીવ્ર ગંધ. એ પેનને હથેળીમાં થોડી વાર ઘસો અને પછી સૂંઘો તો ખબર પડે ! પણ ચાલે એવી કે વિદેશની મોંઘી પેનો પણ એની પાસે પાણી ? ના. શ્યાહી ભરે ! જાળવતાં આવડે અને ચોરાઈ ન જાય તો વર્ષો સુધી ચાલે. એની નિબ ચાર આનામાં મળે. કૉલેજકાળમાં હું લગભગ એ જ વાપરતો. કદાચ પહેલી કવિતા પણ એનો જ પ્રતાપ !

શ્યાહી પણ રંગરંગની. વાદળી, કાળી, લીલી, લાલ... હવે બોલો જોઉં ? લ્યો હું જ કહું. રૉયલ બ્લૂ, ઇન્ડિગો અને ટર્કિશ. શ્યાહીમાં બીજી કંપનીઓ ખરી, પણ કૅમલ અને ચેલ્પાર્કનું ચલણ વધારે. પછીથી કૅમલનું કૅમલિનમાં રૂપાંતર થયું. અલગ તબક્કે આ બધી શ્યાહીનો ઉપયોગ કર્યો છે. મોટાભાગના લોકો વાદળીનો જ ઉપયોગ કરે, એટલે આપણું લખાણ જુદું ન પડે. લાલ અને લીલીને રાજકારણીઓએ તાનાશાહી વહીવટમાં રંગી નાંખી ! બાકી વધી એક કાળી. ફોટોકૉપી કરાવવામાંય અનુકૂળ. વળી, સરસ સફેદ ઓરિએન્ટ પેપર હોય તો એના ઉપર લખવાનો જે આનંદ આવે... બ્રહ્માનંદસહોદર જ સમજો ને ! વચગાળામાં મેં ઇન્ડિગો, રૉયલ બ્લૂ અને ટર્કિશ પણ વાપરી જોઈ. મુશ્કેલી એક જ. ઇન્ડિગો સરકારી સિક્કા જેવી લાગી એટલે ગમી નહીં. રૉયલ બ્લૂનું લખાણ બે-ત્રણ મહિનામાં જ ઝાંખપ પકડે. ટર્કિશથી હું પ્રેમપત્રો એટલે લખતો કે એ તો સાવ લજામણીના છોડ જેવી. અડ્યું ન થાય ! સહેજ પરસેવાવાળો હાથ

અડી જાય તોય રેળાયા વિના ન રહે ! ફોટોકૉપી તો એવી ઝાંખી આવે કે બધું નવેસર જ લખવું પડે

નવા રંગની શ્યાહી ભરવી હોય ત્યારે પેનને પૂરેપૂરી સાફ કરવી પડે. નહીંતર બે ભેગા થઈને ત્રીજો જ રંગ ઉતારે  પહેલાં તો સાણસી કે પક્કડથી ટાંક અને જીભને બહાર કાઢવાનાં. ટાંક ઠરડાય નહીં એ માટે હાથની, પૂરી પણ નાજુક પકડ અને ધીરજ બન્ને જોઈએ. એ પછી મોઢિયાના આંટા ખોલવાના. પછી ઢાંકણ, બોડી અને આ બધું ગરમ પાણીમાં બરાબર ધોઈને ઝીણા મુલાયમ કપડાથી લૂછવાનું. બોડી અને ઢાંકણમાં વળ ચડાવી ચડાવીને કપડું જાય એટલું ઊંડું જવા દેવાનું. ઢાંકણમાં પિન પાસેનું કાણું પાતળી સોય નાખીને ખોલી નાખવાનું. બધું બરાબર કોરું પડી જાય પછી, કાણા ઉપર આંગળી રાખી, ફૂંક મારીને વ્હિસલ વગાડવાની. હતું એમ ફિટ કરીને જે જોઈતી હોય એ શ્યાહી ભરવાની. ક્યારેક ટાંકમાં કાગળનું છરકાયેલું કસ્તર ભરાયું હોય તો ફાંટમાં બ્લેડનો ધારવાળો ખૂણો જાળવીને ફેરવવાનો. પછી જુઓ એની રવાલ !

એક વાર એવું થયું કે કોઈની પાસે જોઈ હશે એવી ‘એલિફન્ટા’ પેન લેવાની ઇચ્છા થઈ આવી, ‘વખારિયા બ્રધર્સ’માં તો નહોતી આવી, પણ ‘સી. હસમુખલાલ’માં મળતી હતી. તકલીફ એ જ કે મારે લીલા ઢાંકણાવાળી જોઈતી હતી ને એની પાસે, વાદળી રંગની જ હતી. પહેલાં તો કહે કે ‘ચાર-પાંચ દિવસ રહી જાવ. આવી જશે.’ કેટલાયે ધક્કા ખાધા પણ ન આવી તે ન જ આવી. છેવટે વાદળી લઈ લીધી. પરંતુ જીવ તો પેલી લીલીમાં જ. છેવટે એક યુક્તિ કરી. રસોડામાંથી હળદર લીધી. જેમ હળદર ઘસું એમ ઢાંકણું લીલો રંગ પકડતું જાય. એ બરાબર લીલું થયું ત્યારે મારા હાથ પીળા થઈ ગયા હતા ! બીજે દિવસે મારા સફેદ શર્ટનું ખિસ્સું પણ પિત્તવરણું ! બાની વઢ અને આ હળદર પીળો રંગ છેક હૃદય સુધી વ્યાપી ગયાં હતાં.

થોડા વખત પહેલાં અચાનક જ મને જૂનાં કિત્તા કહેતાં હોલ્ડર યાદ આવ્યાં. ઘરમાં ક્યાંક હજીયે પડ્યાં હશે એકાદબે, પણ જોઈએ ત્યારે ન જડે એવા સાર્વત્રિક નિયમનું પાલન અમારું ઘર પણ કરે. ત્ર્યંબકદાદા આખી નિશાળનો વહીવટ અને પોસ્ટનું બધું કામ આવા હોલ્ડરથી કરતા. આ હોલ્ડર એકદમ વજનવિહોણાં. એમાં જીભ ન હોય. એકલી ટાંક જ કાગળ ઉપર રમતી ફરે. જરૂર મુજબ જાડી-પાતળી ટાંક બદલી શકાય. બાજુમાં લાલ-વાદળી ખડિયા ખુલ્લા પડ્યા હોય. બંનેનાં અલગ અલગ હોલ્ડર. જરૂર મુજબ એમાં બોળતા જાય ને લખતા જાય. દાદાની લખવાની ઝડપબ આશ્ચર્યકારક. એમ લાગે કે કાગળ નામના રંગમંચ ઉપર લાલ-વાદળી બે કન્યાઓ વારાફરતી નર્તન કરી રહી છે ! ક્યારેક દાદા વિચારમાં હોય ત્યારે આનું હોલ્ડર પેલામાં ઝબકોળી દે ! છેલ્લે કોઈ શબ્દ અધૂરો રહી જાય ત્યારે, શ્યાહી ઝાંખી તો થઈ જ હોય પણ ટાંકના બંને ફાંટા રેલવેના પાટાની જેમ પૂંછડે જાતાં જુદા તરી આવે. ફરી હોલ્ડર બોળે અને જ્યાંથી અટક્યા ત્યાંથી આગળ ! આમાં શ્યાહી વધારે વપરાય ને જલદી સુકાય નહીં. દાદા લખાણ ઉપર ઝીણી રેતી ભભરાવતા. વધારાની શ્યાહી રેતી ચૂસી લે. પછી આસ્તેથી કાગળ ઉપાડે ને આંગળીના નખથી ઠણકી મારે કે તરત બધી રેતી ખરી પડે…

'પારસમણિ' કંપનીની એક પેન તો અદ્‌ભુત. સિયામિઝ બહેનો જેવી. લગભગ એક વેંત જેટલી લાંબી. હોય સળંગ, પણ એમાં બે કમ્પાર્ટમેન્ટ. બે પ્રકારની શ્યાહી ભરી શકાય. બંને બાજુ અલગ અલગ ઢાંકણ ને અલગ અલગ નિબ-જીભ. શિક્ષક, ઑડિટર અને નામાં લખનારાને વધુ અનુકૂળ. બીજી, 'ગ્રૅવિટી'ની એક ધોકાપેન આવતી. એકદમ જાડી ને પારદર્શક. તમે થાકો પણ એ ન થાકે ! મુનીમજીઓ માટે તો હૈયાનો હાર. ચોપડાના આઠેય સળ ઉપર જમેઉધાર કર્યા કરે ને પાને પાને લખ્યા કરે : 'શ્રી પુરાંત જણશે લક્ષ્મીજી ઘણી હજો...' 'એલિટ' પેન એકદમ નાજુક અને સુંદર. ખેંચીને ખોલવાની. બંધ કરો ત્યારે આપોઆપ ચપોચપ થઈ જાય એવી ક્લિપો એના ઢાંકણામાં. એની નબ આમચલણી નહીં, આગળપાછળ એકસરખા આકારની લાંબી હોડી જેવી ! પાઈલોટ દેખાવડી ખરી, પણ એનું પેટ નાનું એટલે પૂરી શ્યાહી ભરાય નહીં. સહી કરવા કે ખિસ્સાની શોભા વધારવામાં કામ લાગે. ગાંધી રોડ માત્ર અને માત્ર પેનની ખાસ દુકાનો. અર્ધોપોણો કલાક સર્વ પેનો પર રમણીય સ્પર્શમુદ્રા આંક્યા બાદ કોઈ એકમાં મન ઠરે. વેપારી શ્યાહી ભરે, પેન લૂછે અને મોટી કાળી લાંબી ક્લિપમાં ભરાવેલા કાગળ ઉપર સીધો લીટો તાણે ત્યારે તેની આંગળીઓ કશુંક ઉદ્‌ઘાટિત કર્યાનો સંતોષ લે અને હવામાં શિલ્પ કોતરતો હોય એમ બહેલાવીને આપણા હાથમાં પેન મૂકે એ ઘડી તો ધન્ય !

બિન્દુએ મને પહેલી ભેટ આપીને 'શેફર' પેનનો પરિચય કરાવેલો. એક શેફર ભગતસાહેબ પાસે જોયેલી. એનું ઢાંકણું ખેંચો એટલે જાણે પિળકની આંખ અને ચાંચ ! એ પછી તો પાર્કરથી માંડીને જાતભાતની, દેશવિદેશની ઘણી કીમતી પેનો ભેટ પણ મળી ને ખરીદીયે ખરી. હમણાં દીકરાએ પ્રમાણમાં ઘણી મોંઘી પેન ભેટ આપી છે. પણ બૉક્સમાંથી બહાર કાઢવાનો જીવ ચાલતો નથી. ક્યાંક ભૂલી જવાય તો ? મોબાઇલ ફોન, ઈમેઇલ, વૉટ્સઍપ, અને મેસેન્જરે કોઈને પોસ્ટકાર્ડ કે અંતર્દેશીય લખીને, કવિ જયદેવ શુક્લની જેમ મૂળગત રહેવાની છૂટ નથી આપી. વિડંબના તો એ કે ઉપલા ખિસ્સામાં જ લેખણ હોય તોય આખા દિવસમાં એને ખુલ્લી હવાનો શ્વાસ લેવાનું સુખ આપી શકાતું નથી. ક્યારેક તો આ લેખણનોયે ભાર લાગે છે.

વચગાળામાં તો પેનનું કોઈ મૂલ્ય જ ન રહ્યું. તમામ અર્થમાં, રંગોની અછત પણ ન રહી. બૉલપેન અને જેલપેન બંને બહેનોએ જગતને 'યૂઝ્ડ ઍન્ડ થ્રો'નો સિદ્ધાંત ઘૂંટાવ્યો જેને માણસે લેખણ પૂરતો મર્યાદિત રાખવાને બદલે જીવનમંત્ર તરીકે સ્થાપ્યો ! એ બધી કંપનીઓનાં તો નામેય લેવા જેવાં નથી. સેમિનાર્સમાં આવેલી ને એક પણ વખત ખોલવી જ ન પડી હોય એવી પેનોના ઘરમાં ઢગલા થાય એ પહેલાં ગામના વિદ્યાર્થીઓને બિન્દુ આપી દે છે. જોકે હવે પેનથી, મતલબ કે લેખણથી લખવાનું ઓછું બને છે. કમ્પ્યૂટર ઉપર જ લખવાનું ફાવી ગયું છે. સહી કરવા સિવાય પેનનો કોઈ ઉપયોગ દેખાતો નથી. પહેલા લખવાં માટેની ભૂમિકા-પ્રક્રિયા આ પેન સાફ કરવા નિમિત્તે થતી. હવે સ્ક્રીન પર ગેમ રમતાં રમતાં જ શબ્દને વશ વર્તવાનું આવડી ગયું છે.

થોડા વખત પહેલાંની એક રાતે વિધાત્રીદેવી પૌત્ર રાઘવની છઠ્ઠી લખવા આવવાનાં

હતાં. તો એમને માટે બાજઠ પર, લેખણની સાથે કાગળિયો ને કંકુ ભરેલો દોત મૂકવાનાં હતાં. કાંસાનો ઢાંકણવાળો દોત ને બીજું બધું તો મળ્યું, પણ વિધાત્રી જેવી વિધાત્રી લખી શકે એવી લેખણ ક્યાંથી લાવવી ? કલ્પવૃક્ષ તો રહ્યું સ્વર્ગમાં. સુરતરુવરની શાખા આપણા નસીબે નહીં, એટલે ઘરઆંગણે ઊગેલા બોરસલ્લીના વૃક્ષની એક સરસ સીધી નાનકડી ડાળી કાપું છું. ભારત કંપનીની પતરી લઈને ધીરે ધીરે, છોલી છોલીને એનો નમણો કિત્તો બનાવું છું. પાતળી નાડાછડીથી એ કિત્તાના છેડે નાનકડું મોરપિચ્છ બાંધું છું. દોતમાં કિત્તો બોળું છું અને ઓરિએન્ટના સફેદ કાગળ ઉપર લખું છું : ‘શ્રી ગણેશાય નમઃ, શ્રી સરસ્વત્યૈ નમઃ, શ્રી વિધાત્રીદેવ્યૈ નમઃ, શ્રી ગુરુભ્યો નમઃ’ અને બાકીનો અવકાશ વિધાત્રીદેવી માટે છોડી દઉં છું…

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**લીલી દુર્ઘટના,** કેશુભાઈ દેસાઈષ ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ-અમદાવાદ, પૃ. ૩૧૨, રૂ. ૩૬૦ **સૂરજનો સાતમો ઘોડો,** અનુ. અનિરૂદ્ધસિંહ ગોહિલ, ૨૦૧૯, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પૃ. ૧૨૦, રૂ. ૧૨૦ **અણસાર,** સુનિતા ઈજ્જતકુમાર, ૨૦૧૯, કુસુમ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૬૯, રૂ. ૧૪૦ **અનાહતા,** કુમારપાળ દેસાઈ, ૨૦૧૯, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૨ + ૬૩૪, રૂ. ૭૫૦ **લીલીને બદલે વહાલી,** નવનીત સેવક, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૭ + ૨૧૧, રૂ. ૧૯૦ **અનીતા,** નવનીત સેવક, ૨૦૧૯, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૬ + ૩૧૪, રૂ. ૨૮૦, **ગુલામ,** વલ્લભ નાંઢા, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૪ + ૧૯૨, રૂ. ૨૭૫ **હું હતો ત્યારે,** સંધ્યા ભટ્ટ, ૨૦૧૯, જોય એન્ટરપ્રાઈઝ, અમદાવાદ, પૃ. ૧૨૮, રૂ. ૧૪૦, **માયામૃગ,** જે. આર. જોશી, ૨૦૧૯, બાલવિનોદ પ્રકાશન, અમદાવાદ ૧૬ + ૨૩૨, રૂ. ૨૨૫, **અરેરે... એક અહર,** નીતા પટેલ, ૨૦૧૭, ૩૪, સાર્થક બંગલો, નવા નરોડા રોડ, અમદાવાદ, પૃ. ૧૪૪, રૂ. ૧૫૦ **વિસ્મય,** નિમેષ પટેલ, ૨૦૨૦, ૭/૩, સ્વાગત એપાર્ટમેન્ટ, સરદાર બ્રીજ પાસે, અડાજણ રોડ, સૂરત, ૬ + ૨૧૮, રૂ. ૨૦૦ **ધ્યાનનું વાસ્તવિક સ્વરૂપ,** આનંદમૂર્તિ ગુરૂમા, ૨૦૧૮, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૧, રૂ. ૬૦ **રસધાર,** આનંદમૂર્તિ ગુરૂમા, ૨૦૧૮, નવભારત સાહિત્યમ મંદિર, અમદાવાદ, પૃ. ૪૬, રૂ. ૬૦

# શોષણ અને શાસકના મનોસંઘર્ષનું નિરૂપણ કરતી કલાત્મક વાર્તા - 'અચરજ' | ડૉ. રાજેશ વણકર

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં આધુનિકતાનું 'વળુ' બદલાયું. સમાજ, સંસ્કૃતિ અને તળનાં પડળ ઊખડ્યાં. એ સર્જનોમાં નિરૂપણ અને વિષયની રીતે અવનવા ઉન્મેષ આવ્યા એમાં જેમનું મોખરેનું પ્રદાન છે એ સર્જક મોહન પરમાર. નવલકથાઓ, એકાંકી, ક્યારેક કવિતાઓ આપ્યાં છે. મહત્ત્વનું પ્રદાન વાર્તા ક્ષેત્રે છે 'કોલાહલ', 'નકલંક', 'કુંભી', 'પોઠ', 'અંચબો', 'હણહણાટી' જેવા વાર્તાસંગ્રહોથી તેમણે ગુજરાતી સાહિત્યને રળિયાત કર્યું છે. સમાંતરે વિવેચન કરતા રહ્યા છે. મહત્ત્વનાં સંપાદનો પણ આપ્યાં છે. ભારતીય સાહિત્ય અકાદેમી દિલ્હી ઉપરાંત અનેક પારિતોષિકોથી આ સર્જક પોંખાયા છે. આ તમામ ઉપલબ્ધિઓ એમના સતત અને કલાસંયત સર્જનના કારણે છે. જે તે સ્વરૂપને વશવર્તીને વસ્તુનું ઉતાવળ વગર સમુચિત સંદર્ભો જોડતાં જોડતાં નિરૂપણ કરવું એ આ સર્જકની ખૂબી છે. એમનો કથક હંમેશાં તટસ્થ હોય છે. રહસ્યને બરાબર નિભાવી જાણે છે. આ વાતની શાખ પૂરતી વાર્તા 'અચરજ' 'પરિવેશ' સામયિકનાં ૨૭ પેજ રોક્યાં છતાં પોતાના 'લાઘવ'ને યોગ્ય રીતે સાચવી જાણે છે. 'ટૂંકી વાર્તા' સંજ્ઞાના 'ટૂંકી' વિશેષણમાં જે કલાઅર્થ છે એ આ વાર્તાના લંબાણમાં પણ કઈ રીતે સાર્થક થાય છે એ ભાવક અનુભવી શકશે.

રજવાડાંનો સમયસંદર્ભ છે. રાજા તળાવ ખોદાવવા માટે 'ઈશાનિયા મલક'ના મજૂરો લાવ્યા છે. એમાં એક રૂપાળી ગજરી નામની સ્ત્રી પણ છે. રાજા એના રૂપ પર મોહિત થાય છે. ગજરી રૂપાળી છે એમ સર્જક ક્યાંય કહેતા નથી. પણ સખી નામની સખીનો તેના પ્રત્યેનો રૂપનો ઈર્ષાભાવ સતત પ્રગટે છે. એમાંથી આ પાત્રનું 'રૂપ' સર્જાય છે, એક વાર્તાનું 'રૂપ' પણ બને છે. વાર્તાના આરંભે સડસડાટ પસાર થતો સાપ અને ગજરીનું ચમકવું પ્રતીકાત્મક છે. રાજાનો મોહ સર્જકે ગજરીના મુખે આ રીતે મૂક્યો છે. એ સખીને કહે છે કે,

— તળાવનું ખોદકામ હું જ્યાં કરતી હોય ત્યાં ઘોડા પર આઈનઅ મારી હાંમુ તાક્યા કરેસે. કોઈ ના હોય તાણે મારો હાડલો પકડેસે. કો'કવાર તો આંશ્યોય મારે સે...

સર્જક અહીં બીજાં બે દૃશ્યો મૂકે છે જેમાં તળાવ જોવા આવેલા બે સજ્જન માણસોને કોઈ માથાભારે માણસો માટે છે. તો કોઈ લગ્નમાં સ્ત્રીઓ સાથે અડપલાં થાય છે. રાજાના સૈનિકોનું અહીં મૌન છે. આ વ્યંજના સાથે વાર્તા આગળ વધે છે જેમાં ગજરીનો સંવાદ છે

– ‘મારો ધણી જ મારો રાજા. હું ઈની રૉણી.’

તળજીવનના વ્યક્તિત્વની આ મોટાઈ સર્જક છેક સુધી નિભાવે છે. તો પતિ શંકર એને કામ કરતાં થાકેલી જોઈને કહે,

– ‘તું છાંયડે બેસ ! તારા વતી હું કૉમ કરું.’ ત્યારે તે કહે કે –

– ‘તમે મને ચેટલું હાચવશો ? મારાં રૂપ કાંય ઢળી જતાં નથી.’

મધુર દાંપત્યજીવન વચ્ચે રાજાનો હુકમ આવે છે. શંકર-ગજરીને રાજાના મહેલ પાસે જ ધરમશાળામાં રહેવા જવાનું છે પણ ગજરી એ વાતનો સ્પષ્ટ ઇન્કાર કરે છે. વીફરેલો રાજા તમામ મજૂરોને ચાબુકમાર મારતો સૈનિકો દ્વારા જેલમાં નાખે છે, એમાં શંકર પણ જેલમાં છે. એકલી ગજરીને મળવા રાજા પોતે આવે છે. એની છેડતી કરે છે... કહે છે –

‘ભગવાને તને આટલી સુંદર કાયા આપી છે, શીદને તું એને ધૂળમાં રગદોળી રહી છે ?’

અને આ શબ્દો ગજરીને કાંટાની જેમ વાગે છે. એ વશ થતી નથી. રાજા એના પતિ શંકરને મારી નાખવાની ધમકી આપે છે. આખો સમાજ ખેદાનમેદાન કરી દેવાની ધમકી આપે છે ત્યારે ગજરી નવી કોઈ યોજના વિચારીને રાજાને કહે છે,

‘હે ભૂપતિ ! આ તડકામાં તમીં પરસેવે રેબઝેબ થઈ જ્યા સો. ચાણના ઊભા સો તીં થાચી જ્યા હશો. હુંય થાચી જઈ સું. તમીં કે’તા હોય તો ઢળતી રાતે તમારા રંગ મે’લે આવું.’

ગજરી શરત પણ મૂકે છે કે ‘હું મારો ઘૂમટો નહીં ઉઘાડું.’

રાજા ખુશ છે. ગજરીને રાજાનું ગળું ભીંસી નાખવાનું મન થાય છે. પણ તે શાસન સામે લાચાર બની માધુર્યનો અંચળો ઓઢે છે. અને ગુસ્સો દબાવીને પ્રેમથી કહે છે,

‘મારા નાતીલાઓ અને પતિને છોડી મૂકો.’

રાજા તરત બધાંને છોડી મૂકે છે. પછી શંકર-ગજરીના મધુર દામ્પત્ય-મસ્તીનું નિરૂપણ છે. ગજરીએ રાજાને કરેલા વાયદા પ્રમાણે રાતે રંગ મહેલમાં જવાનું છે. પણ ‘સખી’ને આ કામ સોંપે છે, છતાં મનમાં સખીને મોકલતાં ખચકાય પણ છે. સખી તૈયાર છે. એ રાત્રે ગજરી પોતાની ઝૂંપડીમાં ઊંઘી શકતી નથી. આ બધો વલોપાત ભાવકને તાદૃશ થઈ ઊઠે એવી રીતે નિરૂપાયો છે. શંકરને કશી ખબર નથી.

સવારે મોડી મોડી આવેલી સખી હસી હસીને લોટપોટ થઈ જાય છે. ભાવકના મનમાં રહસ્યને અકબંધ રાખવાની આ કળા વાર્તાકારમાં છે. ગજરી ચિંતાતુર છે. આ રહસ્ય સખીના સંવાદમાં સર્જક ઉદ્‌ઘાટિત કરે છે.

‘રાજા મારી સામે ફર્યો. મારા ગાલ પર હાથ ફેરવવા લાજ્યો. પછી ધીરે રહી બોલ્યો – શું કરું ? મારાથી... હાથ પકડ્યો. અંધારામાં કશું ભળાતુ નહોતું. મારો હાથ ભોંઠો પડીને પાછો પડ્યો. હું બધું સમજી ગઈ, મને ઈની દયા આવી. મીં તો અજાણપણે

ઈને બાથ ભરાવી દીધી. ઈની ઓશ્યો પર હાથ ફેરવીને આંસુ લૂછ્યાં.' રાજા નપુંસક છે તે સખી પામી જાય છે.

વાર્તાના અંતે શંકર દોડતો આવીને વધામણી આપે છે તળાવમાં પાણી આવ્યાની. પણ એય દુઃખદ છે... પાણી કેવું આવ્યું છે –

'કાળું ભમ્મર... અમાસના અંધારા જેવું. સાવ નકોમું. કોઈના કોમમાં ન આવે તેવું.'

રાજાની નપુંસકતાનો સંદર્ભ સર્જક તળાવના પાણી સાથે જોડી આપે છે. વાર્તાના આરંભનો ફૂંફાડા મારતો સાપ, વાર્તાના અંતે આવતું નકામું પાણી વાર્તાની કલાત્મકતા છે. શોષણ કરનાર ગમે તેવો આક્રમક હોય, ધન કે સત્તાના જોરે પીડિતો ને પીડ્યા કરે પણ પોતે જ અંદરથી કેટલો ખાલી ખાલી હોય છે આ ભાવને વાર્તામાં સર્જકે સરસ વણી લીધો છે. નિરંકુશ રાજસત્તાઓ માત્ર ખાલી ખાલી રોફ જમાવી, ખોટો હાઉ ઊભો કરે છે તે આ વાર્તાના કેન્દ્રમાં છે.

પાત્રોની તાદશતા, બોલીનો યથાતથ વિનિયોગ, સંવાદો અને ક્રિયાઓ વડે ચાલતી વાર્તાક્ષણ સંગોપી રાખેલા રહસ્યને કારણે લાંબી હોવા છતાં અનુભવાતું લાઘવ આ બધાં આ વાર્તાનાં જમાપાસાં અને કલાતત્ત્વો છે. સાચી-ટૂંકી વાર્તાઓ આજે ઘણી ઓછી લખાય છે અને લાઈકીયુ કે કોમેન્ટીયુ સાહિત્ય જ સાહિત્ય હોવાનો ભ્રમ પ્રવર્તે છે ત્યારે આશા સેવીએ કે મોહન પરમાર પાસેની આવી અનેકાનેક વાર્તાઓ મળતી રહે. અને આજનો સર્જક-ભાવક એમાંથી પોષણ પામતો રહે.

**સંદર્ભ :**


૧. પરિવેશ, અંક ૧૯, ડિસેમ્બર ૨૦૧૮

૨. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૮ (ખંડ ૨), પ્ર. ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ


❑

**સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી**

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઈલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઈલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com

# કવિતા નિષ્પન્ન કરતી ગીતરચનાઓ | વિનોદ જોશી

કથાસાહિત્યના લેખક ધીરેન્દ્ર મહેતા કવિ તરીકે પણ જાણીતા છે. 'પવનના વેશમાં' અને'પ્રત્યંચાનો કંપ' એ બંને કાવ્યસંગ્રહોમાં ઉપરાંત બાળકો માટે લખાયેલાં કાવ્યોના સંગ્રહ 'ભૂસકાની ઉજાણી'માં આ કવિની કાવ્યરિદ્ધિ સમાવિષ્ટ છે. એક સંવેદનશીલ સહૃદય મનુષ્ય તરીકે પોતાના સંવિદ સાથે કામ પાડનાર કવિ તરીકે ધીરેન્દ્ર મહેતાને એમનાં આ કાવ્યો થકી આપણે ઓળખી શકીએ. એમણે મુખ્યત્વે અછાંદસ, ગઝલ, ગીત, હાઈકુ અને વૃત્તબદ્ધ કાવ્યસ્વરૂપોમાં કવિતાના શબ્દને ઘાટ આપ્યો છે. અહીં બાળગીતોને બાદ રાખી અન્ય ગીતરચનાઓ અંગેનાં કેટલાંક નિરીક્ષણો દ્વારા કવિનો થોડો પરિચય કરીએ.

ગીત ઊર્મિકાવ્યનું સ્વરૂપ છે. ઊર્મિ અને વિચાર સામસામા છેડે રહેલાં છે. ઊર્મિ ભાષાવિહોણો અનુભવ છે, જ્યારે વિચારનો પિંડ ભાષાનો બનેલો હોય છે. વિચારપ્રધાન ગીત એ આ અર્થમાં વિરોધાભાસી ઘટના લાગે. પણ ગીતના લયમાં લખાયેલી રચનાઓને ગીતસ્વરૂપની કહીને ઓળખાવવાનું વલણ પ્રચલિત છે. એ રીતે જોઈએ તો કવિ ધીરેન્દ્ર મહેતા પાસેથી નોંધપાત્ર સંખ્યામાં ગીતરચનાઓ મળે છે. એકંદરે વિચાર અને ઊર્મિનું સંતુલન સાધવાની દિશામાં જતી આ ગીતરચનાઓ કવિના લય અને સંવેદનોની માવજતનાંવિવિધ પરિમાણોનો પરિચય કરાવે છે.

ગીતની ભાષાનો આગવો સ્વભાવ કવિ જાણે છે. અછાંદસના ગદ્યની સીધી ગતિને ગીતમાં તેઓ લયના નિબંધનથી નાથવા ઉપરાંત વર્ણવ્યવસ્થાને બદલી નાખે છે અને તે દ્વારા એક ખાસ પ્રકારનો હિલ્લોળ રચે છે. કવિની આ પ્રયુક્તિ ગીતને ભાવપ્રચુર બનાવવામાં બહુ મોટો ભાગ ભજવે છે. જુઓ આ ઉદાહરણ :

> **'ભલે, ભલે ઝળઝળિયાં જી !**
> **તમે આવિયાં, મળિયાં જી !'** ('પવનના વેશમાં', પૃ. ૬ )

'આવ્યાં' અને 'મળ્યાં' જેવાં ક્રિયારૂપોમાં ધ્વનિપરિવર્તન કરી કવિએ અહીં તેનો અનુપ્રાસપ્રવણ સુશ્રાવ્ય વિનિયોગ કર્યો છે. આ કારણે ઊર્મિતત્વની ઉચિત માવજત તો થઈ જ છે, પરંતુ ગીતસ્વરૂપને આવશ્યક ભાષાપોત પણ રચાયું છે. આવું તો આ કવિની અનેક રચનાઓમાં જોવા મળશે.

> **'ઢોલ ઢબૂક્યો સમી સાંજરે કંપી ઊઠ્યું ફળિયું,**
> **આટાપાટા રમવા ગયેલું શૈશવ પાછું વળિયું;**

**કેસરિયાળું છોગું આગળ હલમલ હલમલ ઝૂલે,**
**પૂંઠે પડઘા ને પડછાયા સાંભરતાને ભૂલે.' ('પવનના વેશમાં', પૃ. ૧૧૫)**

કવિ અનિલ જોશીની એક જાણીતી ગીતરચનાનું સહજ અનુસંધાન રચતા આ ગીતમાં 'સાંજે'ના બદલે 'સવારે' કે 'બપોરે'ના ધ્વનિસાદૃશ્યથી 'સાંજરે' જેવો શબ્દ, તો 'વળ્યું'ના વિસ્તારિત ધ્વનિરૂપ લેખે 'વળિયું' જેવો શબ્દ કવિએ નિપજાવી લીધો છે. 'હલમલ હલમલ ઝૂલે' જેવા દ્વિરુક્ત વર્ણસાહચર્યથી પ્રગટતો દૃશ્યવિભાવ સંવેદનાને ઘૂંટવામાં સહાયક બને છે અને ઊર્મિલતાને દૃઢાવે છે. હજી આવું એક વધુ ઉદાહરણ જોઈએ :

**'કેમ હવે આવશે એ સાંજરે?**
**અધવચ્ચે આવેલી બપ્પોરીવેળ જુઓ,**
**ડેલીએ ઊભીને ભાંભરે...' ('પ્રત્યંચાનો કમ્પ', પૃ. ૨૭)**

અહીં પણ 'સાંજરે'નો પ્રયોગ છે. પરંતુ બપોરના સમય માટે 'બપ્પોરીવેળ' એવો વિશિષ્ટ પ્રયોગ પણ ધ્યાનાકર્ષક છે. વળી તેને ડેલીએ ઊભીને ભાંભરતી દર્શાવતા કવિ દેખાતી બપોરને સંભળાતી કરી દે છે અને તે રીતે ઇન્દ્રિયવ્યત્યય સાધે છે.

**'ગામનું પાદર ખાલી કૂવો લઈ દોડી રહ્યું છે દે માર,**
**ક્યાંકથી તરસબાઈ સામાં મળ્યાં તરબોળ થઈને ચોધાર !'**
**('પવનના વેશમાં', પૃ. ૧૦૯)**

અહીં જોઈ શકાશે કે પાદરની ગતિશીલતા દર્શાવવા માટે 'દે માર' જેવો ભાષાપ્રયોગ તો સાર્થક છે જ, પરંતુ 'તરસબાઈ' જેવા લાક્ષણિક શબ્દપ્રયોગથી તૃષાતુર વ્યક્તિનો સંકેત પણ ભાવાત્મક રીતે થયો છે. ચોધાર તરબોળ હોવું એ પણ ઉક્તિવૈચિત્ર્યનું બહુ સુંદર પરિમાણ સાધે છે.

ગીતના લયનું ડોલન સાધતી અનેક પંક્તિઓ આ કવિ પાસેથી મળી આવશે. તે દ્વારા ભાષાને લયાન્વિત પુટ આપવાની કવિની શક્તિનો પરિચય તો થાય જ છે, પરંતુ ભાવની સહજ અભિવ્યક્તિને પણ આવી લયસંયોજનાથી યોગ્ય બળ મળે છે. અહીં એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ કરીએ :

**'ઉંબરની બા'ર હજુ મૂક્યો મેં પગ**
**ને પહોંચી ગઈ ગામને પાદરે....**

**આંખ્યુંના ડોળામાં નદિયું લે'રાય, ભૂરી નદિયું લે'રાય;**
**ને પાંપણમાં વડલાંની છાંય,**
**સાળુ સરકે ને સૈ, એવું કૈં થાય, મુંને એવું કૈં થાય,**
**જાણે વાયરોય ઈ ગમનો વાય.' ('પવનના વેશમાં', પૃ. ૧૦૬)**

કોઈ મિલનોત્સુક ઉન્મત્ત યૌવનાની ભાવસૃષ્ટિનું સુંદર આલેખન અહીં થયું છે. પગની ગતિ પાસે મનની ગતિનું આધિક્ય તો અહીં સુસ્પષ્ટ દર્શાવાયું છે, પરંતુ મન જ્યાં પહોંચી ગયું છે ત્યાંનો મનોગત વૈભવ નાયિકાનેઉદ્દીપિત કરે છે. સાળુ સરકાવતા વાયરાને

પણ નાયિકા 'ઈ ગમનો' કહી પોતાની પરવશતા અંકિત કરે છે. પ્રણયના ઉન્માદનો લયાનુસારી કેફ રચતી આ પંક્તિઓ ભાવપ્રવણતાનો સુચારુ અનુભવ કરાવે છે. 'સૈ'ના સ્વરો સાથે 'કૈં'ના બબ્બે વાર થતાં અનુરણનને કારણે અનુભવાતું શ્રુતિસૌન્દર્ય પણ સહજ રીતે આપણા આસ્વાદનું કારણ બને છે.

આવા જ ઉત્તમ લયહિલ્લોળનું એક બીજું ઉદાહરણ પણ જોઈએ :

**'હથેળીઓની રેખાઓની નદીઓના કાંઠાઓ તોડે**
**ધસમસ ઘોડાપૂર,**

**કોઈ પાંદડું જાય તણાતું એમ તણાતી જાઉં પૂરમાં**
**ક્યાંય દૂરની દૂર...'** ('પવનના વેશમાં', પૃ. ૧૦૪)

અહીં 'જાય' અને 'જાઉં' તેમજ 'તણાતું' અને 'તણાતી'ના લગીર ધ્વનિપરિવર્તનથી કવિએ લયને તો ઉત્તમ રીતે શ્રુતિગોચર કર્યો જ છે, પરંતુ 'હથેળીઓની રેખાઓ'ના સંદર્ભથી સમજાતી ભવિષ્યની મનોરાગી સ્વપ્નસૃષ્ટિનું ભાવજગત પણ સહજ રીતે ખોલી આપ્યું છે. કવિની આ જ નાયિકાની ભાવમંજૂષામાં વિયોગની એકાદ લકીર પણ ઝબકી જાય છે. જુઓ :

**નદીએ નહાવા જાઉં હવે તો નહાવું ભૂલી જોયા કરતી**
**ખળખળ વહેતું જળ,**
**નોંધારી હું એવી જાણે વેળામાંથી પડી વિખૂટી**
**એક અટૂલી પળ.'** ('પવનના વેશમાં', પૃ. ૧૦૪)

વેળામાંથી વિખૂટી પડેલી પળનું કલ્પન રમણીય છે તેટલું જ આહ્લાદક પણ છે. 'નોંધારી' શબ્દ વિખૂટાપણાના સુદૃઢક તરીકે અહીં સક્રિય બને છે એટલે વિયોગનો ભાવ વધુ તીવ્રતાથી અનુભવાય છે. કલ્પનો પ્રયોજવાની કવિની ક્ષમતા પણ ધ્યાનાકર્ષક છે. ક્યારેક તો બહુ મોટી ફાળ ભરતી દૃશ્યાવલિઓ કવિ રચે છે અને તરત આપણી નજરનું અધિકથી ન્યૂનમાં સંગોપન કરે છે. આ કલ્પન જુઓ :

**'આભ ઘડીમાં ઊતરી હેઠું વગડે મારગ ગોતે,**
**પાંદ પાંદમાં આળોટીને લીલું થાતું પોતે'** ('પવનના વેશમાં', પૃ. ૧૨૪)

ચિત્રાત્મકતા ઉપરાંત ગતિશીલતાનો પણ અનુભવ આપતું આ કલ્પન પ્રકૃતિના બદલાતા રંગોની આહ્લાદક સૃષ્ટિનું હૂબહૂ આલેખન કરે છે. કવિતાની કળ કવિ ક્યારે વાપરી લે છે તેની આપણને જાણે સરત જ રહેતી નથી. બીજું એક એવું જ રોમાંચકારી કલ્પન જુઓ :

**'તાણીને સોડ સૂતી કોતરને આમ જરી**
**ધીરેથી અડકાડું હાથ,**
**અંધારું આખુંયે ડોલે...'** ('પવનના વેશમાં', પૃ. ૪૭)

લગીર સંચારથી પણ નીરવ સુષુપ્તિને પહોંચતી ખલેલને કવિએ બહુ સુંદર રીતે અહીં કલ્પનોની સહાયથી નિરૂપી છે. સ્પર્શ અને દૃશ્ય જેવી ઇન્દ્રિયોની સક્રિયતા શાંત

પળને કેવી ઢંઢોળે છે તેનું ઉત્તમ નિરીક્ષણ અહીં સાંપડે છે. દૃશ્યકલ્પનનું આ ઉદાહરણ પણ નોંધપાત્ર છે :

**'સાહેબની મેડિયુંનાં ચૂવે નેવાં !**
**ગાગર ઝાલી ઊભી હું તો ટીપુંક પાણી લેવા !' ('પવનના વેશમાં', પૃ. ૪૬)**

અહીં 'સાહેબ'ને સાહ્યબાના અર્થમાં લઈએ કે પછી કોઈ અધ્યાત્મદર્શન સુધી ખેંચી જઈને તેનો તાળો મેળવી એ તે વાત પ્રશ્નાર્થ રૂપે જ રહી જાય છે અને કાવ્યસૌન્દર્યની મોહિની આપણને વળગી પડે છે. એવું જ આ કલ્પનમાં પણ અનુભવાશે :

**'ફંગોળે આભમાં થંભેલા કાળને ને**
**વીંધે છે આભની છાતી,**
**અડવાણી વાટ આ ઊભી ને ઊભી**
**તરણાંની અણીએ વીંધાતી' ('પ્રત્યંચાનો કમ્પ' પૃ. ૨૭)**

કવિએ ભાવસાપેક્ષ ગીતરચનાઓ આપી છે તે રીતે જ વિચારોદ્દીપક ગીતરચનાઓ પણ આપી છે. અહીં લયના આશ્રયે કવિ વિચારસૌન્દર્યને ઘાટ આપે છે. પણ તેમાંયે કવિનો ઊર્મિશીલ પુટ તો પૃષ્ઠભૂમિમાં રહે જ છે. થોડાં ઉદાહરણ લઈએ :

**'બહાર જે જામે તે મેદની કહીએ ને**
**ભીતરમાં જામે તે મેળો.**
**દિવસ ઊગે ને મારે એકલા ને એકલા**
**મેદની થઈને ઊભરાવું,**
**દિવસના ઢળતાંમાં ઓસરતા ઓસરતા**
**કોણ જાણે ક્યાંયે ખોવાવું.' ('પવનના વેશમાં', પૃ. ૮૨)**

o

**'એક માછલીને એક દિ' લાગ્યું કેં એમ કે**
**દરિયો આ થઈ ગ્યો આકાશ !' ('પ્રત્યંચાનો કમ્પ', પૃ. ૯૭)**

o

**હરિવર ! તમે છેક શું આમ !**
**તમે વગાડો વંશી, ને ચોપાસ બધું સૂમસામ ! ('પ્રત્યંચાનો કમ્પ', પૃ. ૧૪૫)**

o

**'રણ આખામાં રેતી, એના કણકણમાં આ તરસ...**
**સદીઓથી જે વધ્યા કરે એ તરસ હશે કે રણ ?**
**નિજને ભીતર ભર્યા કરે કયો હશે એ કણ ?' ('પ્રત્યંચાનો કમ્પ', પૃ. ૯૩)**

o

**'છાતીમાં બાઝ્યો છે ડૂમો,**
**તમને સંભળાય એ તો જૂના ભણકારા,**

ક્યાંથી પડે હવે બૂમો ?' ('પ્રત્યંચાનો કમ્પ', પૃ. ૪૮)

વેદના અને અજંપાથી ભરેલા કવિહૃદયનું શબ્દરૂપ અહીં જેટલું લયમાં ઘૂંટાયું છે તેટલું જ ભાવના પુટથી રસાયું પણ છે.

ગીતનું સ્વરૂપ ભાવની પીઠિકાએ જ વિચારી શકાય તેવી શરત દરેક વખતે કામે ન લાગે તે પ્રકારની ગીતરચનાઓનું ભરણું ગુજરાતી ગીતકવિતામાં ઠીક ઠીક પ્રમાણમાં છે. વિચારદ્રવ્યનો સંપૂર્ણ છેદ તો ઉડાડી શકાવાનો નથી, કારણ કે ગીત ભાષાના માધ્યમથી પ્રગટે છે અને વિચારનો પિંડ ભાષાથી જ બનેલો છે. પરંતુ ભાવપ્રવણ ભાષા નિપજાવવામાં જ ગીતકવિનું કૌશલ રહેલું છે તેમ સ્વીકારીએ તો ઘણે અંશે આપણા આ કવિ એ દિશામાં સક્રિય રહી શક્યા છે તે નોંધવું જોઈએ.

ભાષા એ ભાવને પ્રગટ થતો અટકાવનાર મોટો અવરોધ છે. ભાવ તો ભાષાવિહોણો છે. તે સ્થિતિમાં ગીતકવિ પર ભાષાને માધ્યમ નહીં પણ સામગ્રી બનાવી દેવાની જવાબદારી રહેલી છે. આવું થાય ત્યારે શુદ્ધ ગીતનો જન્મ થતો હોય છે. ગીતકવિતામાં ભાષાપ્રયોજન ખુલ્લું પડી જાય અથવા તો કવિની ભાષાચતુરાઈ સામે આવી જાય તો ગીતકાવ્ય તેટલે અંશે ઊણું ઊતરે છે. આ કવિનાં ગીતકાવ્યોને આવી એરણે ચડાવીને પણ તપાસી શકાય.

સરવાળે તો કવિતા નિષ્પન્ન થાય એ જ કવિકર્મનો મહિમા કરનારી બાબત હોય છે. કવિ ધીરેન્દ્ર મહેતા એમની ગીતરચનાઓમાં આ લક્ષ્ય સુપેરે પાર પાડે છે તેને જ આપણી ઉપલબ્ધિ ગણીએ તો તે સર્વથા યોગ્ય ગણાશે.

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**શમા-એ-રૂમી,** આનંદમૂર્તિ ગુરુમા, ૨૦૧૮, નવભારત સાહિત્ય મંદિર, મુબઈ, પૃ. ૪૩, રૂ. ૬૦ **પ્રેમનાં પગથિયા,** આનંદમૂર્તિ ગુરુમા, ૨૦૧૮, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૧, રૂ. ૬૦ **અંતસ્થની ખોજ,** આનંદમૂર્તિ ગુરૂમા, ૨૦૧૮, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૩૨, રૂ. ૬૦ **મનથી આઝાદ,** આનંદમૂર્તિ ગુરુમા, ૨૦૧૮, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૨૫, રૂ. ૬૦ **ગીતા પ્રવેશિકા,** જિતેન્દ્ર દવે, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૮, રૂ. ૭૫ **ગાંધીજીનો આદર્શવાદ,** અંબેલાલ જોશી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦ **ઐતિહાસિક ગાંધી કુટુંબ,** અંબેલાલ જોશી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦ **અદમ્ય આશાવાદ,** અંબેલાલ જોશી, ૨૦૧૯, નબ્વભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦ **પ્રેમાળ મિત્રની પ્રેરક શિખામણ,** અંબેલાલ જોશી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦.

# ‘કથાવિશ્વ’ની સમૃદ્ધિ | હિમાંશી શેલત

[**કથાવિશ્વ** (પાંચ ખંડ) : સંપાદક : શિરીષ પંચાલ, પ્રકાશક : સંવાદ પ્રકાશન, વડોદરા, મૂલ્ય : રૂ. ૪૦૦ / રૂ. ૯૦૦ / રૂ. ૮૫૦ / રૂ. ૯૦૦ / રૂ. ૪૫૦ /- કુલ પૃષ્ઠ : ૨૩૯૪]

**વિ**વિધ વૃક્ષો, લતાઓ અને વનસ્પતિથી ખીચોખીચ ઉપવનમાં પ્રવેશ એટલે ‘કથા-વિશ્વ’માં પ્રવેશ. ફળફૂલથી લચી પડેલી, એકમેકમાં આંટી લઈદઈ રમ્ય આકારો રચતી ડાળીઓની ભુલભુલામણીમાં એક વાર પ્રવેશ્યાં તો પછી બહાર નીકળવાનું ખાસ્સું મુશ્કેલ બનવાનું. પરંતુ આ ઉપવન એટલું તો રંગસુગંધસભર અને આકર્ષક લાગે, કે એમાં દાખલ થવાનું ઈજન નકારી ન શકાય.

સંપાદક શિરીષ પંચાલે આદરેલા તપના ફળ રૂપે ગુજરાતી સાહિત્યને સાંપડેલા ‘કથાવિશ્વ’ના દળદાર ગ્રંથો વિરલ અને મૂલ્યવાન છે. પાંચ ખંડમાં વિસ્તરેલા કથાનકોનું વૈવિધ્ય, એના સામાજિક અને ઐતિહાસિક સંદર્ભો, એનો સાંસ્કૃતિક વૈભવ તથા એની વિશાળ પાત્રસૃષ્ટિનું વૈચિત્ર્ય ભાવકને રસતરબોળ કરી દે એવાં છે. આ સામગ્રીના સુનિયોજન માટે કેટલો સમય અને પરિશ્રમ, કેટલી ધીરજ અને બારીક વાચનાની આવશ્યકતા જોઈએ એ શબ્દમાં દેખાડી શકાય એમ નથી. જે ભાવકો માટે – ખાસ તો હવે પછીની પેઢીના – આ સામગ્રી આટલી ચીવટપૂર્વક અને સુંદર રીતે મૂકી છે તે એમાં ઊંડા ઊતરશે કે કેમ, એવા સંદેહને પ્રાધાન્ય આપ્યા વિના, સંપાદકે જે નિસબત અને વિશ્વાસથી આ મહાકાર્ય સંપન્ન કર્યું છે તે આદરને પાત્ર છે.

કથાઓ માનવસમાજનો મોટો વારસો છે. એક રીતે એ સમાજદર્પણ છે, અને એના સર્જનમાં કલ્પનાનો મોટો ફાળો હોવા છતાં એ મૂળભૂત રીતે સામાજિક અને વૈયક્તિક વલણોનો, રાજકીય અને ધાર્મિક વાતાવરણનો તથા જે તે સમાજની જીવનશૈલીનો વિગતપૂર્ણ પરિચય આપવા સમર્થ છે. વળી કથારસ સર્વકાલીન છે, એમાં સંપન્ન અને વંચિતો, સુલક્ષણા અને અપલક્ષણા, બાહોશ અને મંદગતિ – તમામને રસ પડી શકે. કથાવિશ્વમાં રમમાણ થવું એ માનવજાતની એક રોચક પ્રવૃત્તિ છે, આમ હોવું સકારણ છે. એક તો કથાઓ માનવસમાજની બહુરંગી વિવિધતા ને વિચિત્રતા પ્રગટ કરે છે. એ આપત્તિમાં શાતાદાયક બની શકે છે અને બોધ આપવાની ક્ષમતા ધરાવે છે. માનવસ્વભાવની સંકુલતમ એષણાઓ અહીં આલેખાઈ હોવાથી આ કથાઓ જીવનનો નિકટતમ પરિચય આપી શકે છે. બંગાળના સર્જક બુદ્ધદેવ બસુને ટાંકીને સંપાદક ભારતીય સાહિત્યની યુવાવર્ગ દ્વારા થતી ઉપેક્ષા નોંધે તો છે પણ એ અંગે ખિન્નતા અનુભવવાને બદલે એ આપણી સમૃદ્ધ પરંપરાનું જ્ઞાન આમ પાંચ ગ્રંથો થકી સુલભ કરી આપવાનો

સંકલ્પ હાથ ધરે છે એ અભ્યાસપ્રીતિ અને એકાગ્ર તપનું ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. પ્રાચીન કથાપરંપરાને આતમસાત્ કરી, વેદકાલીન કથાસાહિત્યથી માંડી રામાયણ-મહાભારત, જાતકકથાઓ, વસુદેવ હિંડી, કથાસરિત્સાગર, પંચતંત્ર, હિતોપદેશ ઇત્યાદિ મહાગ્રંથોમાંથી પસાર થઈ આપણી સાહિત્યસમૃદ્ધિને રસિક ભાવક સુધી પહોંચાડવાનો આ ઉપક્રમ વિશિષ્ટ છે.

વિશિષ્ટ એટલા માટે, કે આટલી વિપુલ સામગ્રીને અખંડ રૂપે જોવી, અને વિશ્વ-સાહિત્ય સાથે એનો સંદર્ભ જોડી આપવો સરળ નથી. ઉદાહરણ તરીકે તોલ્સ્તોયની કથા 'હાઉ મચ લૅન્ડ ડઝ અ મૅન રિક્વાયર' સાથે ત્રિજટ ઋષિની કથાનું સામ્ય અથવા તો 'અરેબિયન નાઇટ્સ'ની રોમાંચક કથાઓ સાથે કથાસરિત્સાગરની અદ્ભુતરસથી છલકાતી વાર્તાસૃષ્ટિનું સામ્ય. આ તમામ કથાઓમાં બદલાતા સમય સાથે ન ઓસરતો ઉત્કટ રસ જળવાયો છે. સમયથી ન બંધાતાં સત્યો અને તથ્યો શાશ્વતનો સ્પર્શ પામ્યાં હોવાથી વિશાળ ભાવકવર્ગને એકસૂત્રે સાંકળે છે. આપણી અનેક માન્યતાઓ અને રૂઢિઓમાં આ કથાઓનું સિંચન છે, એટલું જ નહીં, આપણા વ્યવહારજગત સાથે એમાંનાં કેટકેટલાં પાત્રો અને ઘટનાઓ અનાયાસપણે સંકળાયેલાં છે એની નોંધ લેતાં વિસ્મયનો ભાવ જાગવાનો. સત્યકામ, સાવિત્રી, કુબેર, દધીચિ, શિબિરાજા, શિખંડી, હરિશ્ચંદ્ર કે ચ્યવન અથવા દીર્ઘસૂત્રી જેવાં પાત્રો એમનાં લક્ષણોને કારણે વર્તમાન સમયનાં અનેક વ્યક્તિત્વો સાથે શું યાદ કરવામાં નથી આવતાં ? તો લક્ષ્મણરેખા જેવો ઘટનાસંદર્ભ આપણી વાતચીતમાં સતત પ્રયોજાતો રહ્યો છે.

ભારતીય સમાજમાં ઠેઠ આજપર્યંત સેવાયેલી પુત્રેષણાનાં બીજ આ કથાઓમાં જડશે. પુત્રોત્પત્તિ ન હોવાને કારણે પુણ્યલોકનાં દ્વાર બંધ થાય છે, ઋણમુક્તિ અર્થે પુત્ર જરૂરી છે અને પુત્ર માટે યજ્ઞયાગ જેવી વિધિઓના એકાધિક સંદર્ભો પ્રસ્તુત કથાલોકમાં મળશે. કલ્યાણરાજ્યની પરિકલ્પના પણ આપણને અહીંથી જ પ્રાપ્ત થઈ હશે. ધનધાન્ય-સમૃદ્ધિ, પ્રજાની રક્ષા, પશુપાલન અને સુખમય જીવનશૈલી અહીં આલેખાયાં છે. સુવાસિત ઉદ્યાનો, ઘી-દૂધથી છલકાતાં પાત્રો, સજાવેલાં ગૃહમંદિરો અને ઉત્સવપ્રિય પ્રજા કોઈ કાળે નક્કર વાસ્તવ હોઈ શકે.

એક ઉલ્લેખનીય કથા, જે મહાભારતના ઉદ્યોગપર્વમાં કુન્તા કૃષ્ણને સંભળાવે છે, અને જે 'વિદુરોપાખ્યાન' નામે જાણીતી છે, તેમાં માતા વિદુરા પુત્ર સિન્ધુરાજને જે બોધ આપે છે તે અત્યંત ધારદાર અને સમસ્ત પ્રજાજોગ હોય એમ લાગે છે. વિદુરા કહે છે : બે ઘડી પણ સળગતા રહેવું વધુ સારું. પણ લાંબો સમય માત્ર ધુમાડો કરી ધૂંધવાવું સારું નહીં. દાન, તપસ્યા, શૂરવીરતા, વિદ્યા અને ધર્મોપાર્જનની બાબતમાં જેના યશની ગાથા લોકો ગાતા નથી તે માનવી પોતાની માતાનો પુત્ર નથી, કેવળ મળમૂત્ર છે. માટે પ્રજ્વલિત થા !

એક માતાએ પોતાના પુત્રને આપેલો આ બોધ કેટલો અસાધારણ અને સર્વકાલીન છે !

કર્ણપર્વમાં આવતી એક અન્ય પ્રભાવક કથામાં (કૌશિક બ્રાહ્મણની કથા) સાચું બોલવાનું વ્રત લેનાર બ્રાહ્મણ વાણીના દુરુપયોગને કારણે નર્કમાં જાય છે. લૂંટારુઓએ

જેમનો પીછો પકડ્યો છે એ સહુ ક્યાં સંતાયા છે તેનો સાચો ઉત્તર આપનાર બ્રાહ્મણ અનેક નિર્દોષોની હત્યાનું કારણ બને છે. વાણીના અનુચિત ઉપયોગથી વેગળા રહેવાનો બોધ આપતી આ કથા આજેય કેટલી બધી પ્રસ્તુત છે !

શલ્ય રાજાને અધમ પ્રદેશની વાતો કહેતા કર્ણ આ પ્રદેશ કેવો અજબ છે એ વર્ણવે છે. શાકલનગરમાં પ્રજા ગધેડાની હોંચી સાંભળી બહેકી જાય છે, અને ઊંટના ગાંગરવાથી આનંદિત બની નૃત્યમગ્ન થાય છે. લાગે છે આપણને કશુંક પરિચિત આ દૃશ્યમાં ?

જીવનની કપરી દશામાં અને ઉપાધિઓમાં આપણા સમાજે પ્રસ્તુત કથાઓમાંથી સમાધાન મેળવવા મથામણ કરી હશે. ઋષિમુનિઓનાં પતન અને મોહની કથાઓમાંથી કામવાસનાને કારણે થતાં સ્ખલનો અને પડતીને સમજવા સામાન્ય પ્રજાએ સમાધાન મેળવવા પ્રયાસ કર્યો હોય તો આશ્ચર્ય નથી. ભલભલા મુનિઓનું તપબલ કામ ન આવે ત્યાં આપણું શું ગજું, એવો સગવડિયો અભિગમ આજેય ક્યાં હાથવગો નથી ? સુંદરી જોઈ મોહ જાગે તે તો ઠીક, સંવરણ જેવા નૃપોત્તમ સૂર્યપુત્રી તપતીને જઈ એટલા આકર્ષાય છે, કે ભોંય પર ઢળી પડે છે તત્ક્ષણ ! સુંદ-ઉપસુંદ જેવા દૈત્યો તિલોત્તમાને પ્રાપ્ત કરવા માંહોમાંહે ઝઘડી પડે છે ! માનવનિર્બળતાનું વાસ્તવદર્શન કરાવવા આ કથાઓમાં પ્રતાપી વ્યક્તિત્વોને પણ કામેચ્છા દ્વારા મહાત થયેલાં દેખાડ્યાં છે.

ઠેઠ વેદકાળથી આજપર્યંત ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને એમના પરત્વેના અભિગમને સ્પષ્ટ કરવા આ કથાઓ ઠીક ઠીક ખપ લાગે તેવી છે. તમામ કથાઓમાં જ્યાં જ્યાં સુંદરીઓનાં વર્ણન છે તે પુરુષસ્થાપિત સૌંદર્યશાસ્ત્રના માપદંડોને આધારે રચાયાં છે. આંખો, કટિપ્રદેશ, ઉરપ્રદેશ અને નિતંબના સતત ઉલ્લેખો દેહમહિમા સૂચવે છે, જેને વૈચારિક ઉત્તમતા કે આધ્યાત્મિક ઊંડાણ સાથે લેશમાત્ર લેવાદેવા નથી. માતા પુત્રને ભારપૂર્વક કહી શકે છે કે ‘સ્ત્રીઓ બહુ અશુદ્ધ આશયોવાળી હોય છે.’ (પૃ. ૧૬૭/૩) ‘પતિ ધનવાન હોય કે નિર્ધન, સ્ત્રી પતિ સાથે જ સુખેથી રહી શકે છે.’ (પૃ. ૨૦૫/૩) જેવી માન્યતા અથવા લગ્ન સંદર્ભે કન્યાનો વિચારમાત્ર વસ્તુ લેખે થાય, અને જીવંત વ્યક્તિ તરીકે નહીં ત્યારે આપણા પ્રદેશના પુરુષમાનસમાં સ્ત્રીઓ બાબતે કેવા ખ્યાલો પ્રવર્તતા હતા અને હજી સુધી એમાં જોઈએ તેટલું પરિવર્તન નથી આવ્યું એ વાસ્તવિકતા સમજી શકાશે. પોતાની સુંદર કન્યાને જોઈ કોઈ રાજા વિચારે કે, ‘આ કન્યા હું કોને આપું’ તો આ સ્ત્રીનું વસ્તુમાં રૂપાંતર થયું, એમ નહીં ?

પુત્રી માટેનું માતાનું ખેંચાણ દુઃશલાના જન્મની કથામાં પ્રગટ થાય છે. ગાંધારીના ગર્ભના સો ભાગમાંથી સો પુત્રો જન્મશે એની તો એને ખબર છે પરંતુ પોતાને એક પુત્રીની પ્રબળ ઇચ્છા છે એ જણાવ્યા બાદ વેદવ્યાસ પેલા ગર્ભના સો અંશ બાદ બચેલા એક અંશમાંથી પુત્રી દુઃશલા સર્જે છે.

પુરુષ-આક્રમણનો ભોગ બનેલી કન્યા પોતાના કશા વાંક વિના સજા ભોગવે એ આઘાતક વિચારસરણી પાછળ પણ આપણો પ્રાચીન સામાજિક અભિગમ પ્રચ્છન્નપણે સક્રિય હશે એમ અવશ્ય લાગવાનું. શુક્રાચાર્યની પુત્રી અરજા પર દંડરાજા બળાત્કાર કરે અને ક્રોધાવશમાં શુક્રાચાર્ય દંડરાજાને સજા કરે એ તો બરાબર, પણ પુત્રી અરજાને આશ્રમમાં એકલી છોડી દેવાની શિક્ષા શા માટે ? સૌંદર્ય કોઈ અભિશાપ હોય એવી

સ્થિતિ અને સ્ખલનશીલ માનસિકતા પાંગરવા માટેનું નિમિત્ત હોય એવું ચિત્રણ અનેક વિકૃતિઓને જન્મ આપે છે એ વર્તમાન યુગની વાસ્તવિકતાનાં મૂળ ઘણાં ઊંડાં હોય એમ જણાય.

પર્યાવરણવિષયક બે અતિશય વિરલ મુદ્દા આ કથાઓમાં નજરે ચડ્યા. અગ્નિદેવે ખાંડવદહનનો પ્રયાસ કર્યો. ખાંડવવન એ દૈત્યોનો નિવાસ, અને દેવતાઓના કહેવાથી એમણે વનદહન કર્યું. પછી અગ્નિદેવને અરુચિના વ્યાધિએ જકડ્યા અને તે તેજહીન થયા. બ્રહ્મા પાસે આ અંગે કૃપાયાચના કરી તો બ્રહ્માએ એમની અરુચિ દૂર કરવા પ્રાણીઓના મેદનું સેવન કરી સ્વસ્થ થવાનો ઉપાય દેખાડ્યો. હવે આ માટે તો વનને પુનઃ બાળવું પડે. વાયુદેવની સહાયથી અગ્નિદેવે વનને બાળ્યું તો ખરું પણ આ વખતે પ્રાણીઓએ પોતાના પરિશ્રમથી જ અગ્નિને ઠાર્યો. જંગલ પ્રાણીઓનો અધિકાર છે, એમના વસવાટ અને જીવનનો આધાર છે, અને એને જાળવવાની જવાબદારી એ સ્વયં સ્વીકારે છે એમ સૂચવતી આ કથાનાં વિવિધ અર્થઘટન હોઈ શકે.

આવી જ એક અન્ય રસપ્રદ કથા મહાવેસ્સંતરની છે જેમાં જંગલનાં તમામ પ્રાણીઓ અહિંસક થઈ જાય છે. જાતકકથાઓ અહિંસાવિચારને, જીવહત્યા ટાળવાના મુદ્દાને પણ સમાવી લે છે.

કેટલીક કથાઓનાં રહસ્ય પામવાં અઘરાં છે. જેમ કે સરણ્યૂની કથામાં વિવસ્ત સાથે લગ્ન કરનારી સરણ્યૂ પતિની ગેરહાજરીમાં પોતાના જેવી જ બીજી સ્ત્રી સર્જીને, પોતાનાં બે બાળકો યમ-યમીની જવાબદારી એને સોંપીને, ઘોડીનું રૂપ ધારણ કરી ભ્રમણ માટે ચાલી નીકળે છે. વિવસ્તને પેલી છાયા સ્ત્રી અને મૂળ પત્ની (જે ગેરહાજર છે) એમાં ભેદ ન લાગતાં છાયા સ્ત્રી સાથે સંસાર ભોગવી મનુને જન્મ આપે છે. વળી અશ્વનું રૂપ લઈ વિવસ્ત સરણ્યૂને શોધવા પણ જાય છે અને સરણ્યૂ એને જોઈ સમાગમની ઇચ્છા રાખે છે પરિણામે ઢળેલા વીર્યથી જે બે પુત્રો જન્મે છે તે અશ્વિનીકુમાર. આ પ્રકારની વિસ્મયપ્રેરક અને વૈચિત્ર્યપૂર્ણ કથાઓનાં અર્થઘટન પણ ભિન્ન ભિન્ન હોવાનાં.

વસિષ્ઠ અને વિશ્વામિત્ર તપ કરે ત્યારે એમની વચ્ચે સ્પર્ધા પણ થાય અને વેર પણ બંધાય. વસિષ્ઠનું તેજ વધે તો વિશ્વામિત્રને દુઃખ થાય, અને એવી ભાવના સુધ્ધાં થાય, કે સરસ્વતી નદી જો વસિષ્ઠને પોતાના વેગીલા પ્રવાહમાં અહીં સુધી તાણી લાવે તો હું એનો વધ કરી નાખું ! સરસ્વતી એમ કરેય ખરી, પરંતુ વસિષ્ઠની સ્તુતિ સાંભળી પોતાનો પ્રવાહ અત્યંત વેગીલો બનાવી એ વસિષ્ઠને ખૂબ દૂર તાણી જાય, વિશ્વામિત્રની પહોંચ બહાર. વિશ્વામિત્રને આ છલની જાણ થાય ત્યારે એ સરસ્વતીને શાપ આપે કે, રાક્ષસોને પ્રિય એવું તારું પાણી રક્ત સમાન બની જશે. પછી અલબત્ત, સરસ્વતી બ્રાહ્મણોના તપ થકી શાપમુક્ત થાય પણ સ્પર્ધાનો નિમ્ન કક્ષાનો ખ્યાલ વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા તપસ્વીનેય છોડતો નથી એ હકીકત પ્રસ્તુત કથા યાદ દેવડાવે છે.

કથાવિશ્વમાં સમાવેલી અનેક કથાઓ નિશ્ચિત હેતુસર કહેવાઈ છે. જેમ કે બ્રાહ્મણોની મહાનતા જાણવા પાંડવો માર્કંડેય મુનિને પ્રશ્ન પૂછે છે જેના ઉત્તરમાં પરપુરંજયની કથા સાંપડે છે, તો વળી કુન્તા શ્રીકૃષ્ણને વિદુરોપાખ્યાન સંભળાવે છે, અને ભીષ્મ શિખંડી સાથે લડવા નથી ઇચ્છતા તેના કારણ રૂપે જે કથા કહે છે તે અંબોપાખ્યાન, અથવા તો જે

વનમાં શ્વેતરાજાએ તપ કર્યું તે નિર્જન કેમ છે એના ઉત્તરમાં અગસ્ત્યમુનિ રામને જે કથા સંભળાવે છે તે દંડરાજાની કથા.

આમ કોઈ ખાસ હેતુસર કહેવાયેલી કથાના ઉદ્દેશ છે, એમાં બોધ છે, જીવનમીમાંસા છે, અને ક્યારેક દિશાસૂચન પણ. પંચતંત્રની કથાઓના આરંભે પોતાના મૂર્ખપુત્રોને શાણા બનાવવાની ઈચ્છા રાખતા રાજા મંત્રીઓ સમક્ષ અંગત પીડા વ્યક્ત કરતાં કહે છે, કે નહીં જન્મેલા, મરણ પામેલા અને મૂર્ખ એવા ત્રણ પ્રકારનાં સંતાનોમાં પ્રથમ સારા, કારણ કે મૂર્ખ પુત્રો તો આજન્મ દુઃખ આપી શકે. પુત્રોને સમજદાર બનાવવા પંડિત વિષ્ણુ શર્મા જે કથાઓ રજૂ કરે છે તેમાં પ્રાણીચરિત્રો હોવાથી એ વિશેષ રોચક બને છે. મહાભારતના શાંતિપર્વમાં આવતી લોમશ બિલાડા અને પલિત ઉંદર અથવા પૂજની ચકલીની કથા નીતિશાસ્ત્ર અને વ્યવહારશાસ્ત્રની કેટલીક વિચારણીય બાબતોનાં દૃષ્ટાંતો છે. મૈત્રી અને શત્રુતા સ્થાયી નથી અથવા એક વખત અપરાધ થયો હોય ત્યાં ભરોસો કરવો ઉચિત નથી ઈત્યાદિ બોધપ્રધાન વાતો આમ મૂળ કથાનક સાથે વણી લેવામાં આવી છે.

સંસાર અનેક રીતે દુઃખમય છે, મનુષ્ય વિવિધ રીતે ઉપાધિગ્રસ્ત છે છતાં એની સંસાર માટેની આસક્તિ ઘટતી નથી એ જે કથા દ્વારા કહેવામાં આવ્યું છે એનાથી એક લાંબા સમયગાળા સુધી આપણા સમાજની કોઈ પણ વ્યક્તિ ભાગ્યે જ અજાણી રહી હશે ! સ્ત્રીપર્વમાં આવતી આ કથા મૂળ ધૃતરાષ્ટ્રને વિદુર દ્વારા કહેવાઈ છે. સંસારમાં નિમગ્ન બ્રાહ્મણ ભયાનક વનમાં અટવાયો છે, આશ્રય માટે ભાગતાં તે એક કૂવામાં પડે છે પણ માંહે ફેલાયેલા વેલાને આધારે ટકી રહે છ. એ છે તો ઊંધે માથે અને વળી વેલાને ઉંદરો કાતરી રહ્યા છે, કૂવાને થાળે પ્રચંડ હાથી ઊભો છે, સર્પ, વાઘ અને અન્ય ભયાનકતાઓ વચ્ચે પણ બ્રાહ્મણ એને માથે રચાયેલા મધપૂડામાંથી ટપકતું મધ ચાટીને રાજી છે ! અર્થાત્ જોખમો અને અનિવાર્ય મૃત્યુની પાકી ખબર છતાં સંસારીને માટે કામનાઓનું જાળું અભેદ્ય રહે છે. આ રૂપકકથા જે પ્રગટ કરે છે તે સત્ય એટલું તીક્ષ્ણ છે, કે એ આરપાર વીંધે, અને જે એનાથી બંધાય તે વિરક્તિને પામે.

મૃત્યુની આવશ્યકતા અને અનિવાર્યતાને વ્યક્ત કરતી એક અન્ય કથા દ્રોણપર્વમાં છે. બ્રહ્માએ સૃષ્ટિ સર્જી ત્યારે સંહારની યોજના વિચારેલી નહીં. મૃત્યુરહિત જીવનને કારણે સૃષ્ટિ જીવોથી ખદબદી ઊઠી. સંહારનો ઉપાય ન મળતાં બ્રહ્મા ચિંતિત બન્યા અને સંતપ્ત દશામાં એમનાં નેત્રમાંથી અગ્નિ પ્રગટ્યો. અગ્નિસંહારથી ત્રસ્ત રુદ્ર બ્રહ્મા પાસે ગયા અને અંતે બ્રહ્માએ મૃત્યુ નામે નારી સર્જી. મૃત્યુ નારી, મૃત્યુ પામતા જીવોની, અને જીવિત રહેલા જીવોની વેદનાથી ખિન્ન બની ગઈ. બ્રહ્માએ એને સાંત્વન આપી જણાવ્યું કે વિનાશ પણ ધર્મકાર્ય છે, આરંભ સાથે અંત અનિવાર્ય છે. પોતાના જ દેહમાંથી જન્મેલા વ્યાધિ થકી મરણ પામવાની સ્તિતિ અહીં ઉલ્લેખાઈ છે. સમસ્ત જીવોના પ્રાણનું નિયંત્રણ કરવાનું શુભકાર્ય આમ મૃત્યુને સોંપાયું. આ જીવનમૃત્યુ-મીમાંસા ઊંડી અને અર્થપૂર્ણ છે.

'કથાવિશ્વ'ની સૃષ્ટિ ક્યાંક ક્યાંક ભયાવહ છે અને એમાં બીભત્સ રસનુંયે સ્થાન છે. જનમેજય સર્પયજ્ઞ કરી તમામ સર્પોનો નાશ કરે એવા કથાનકમાં હિંસાચાર તો છે

જ, તો ઉરુભંગની કથા પણ જાણીતી છે. યુદ્ધમાં ભીમ કેટલો ક્રૂર થઈ શકે છે એ સર્વવિદિત છે. રાક્ષસોની ક્રૂરતા સાથે એમના વધનાં વર્ણનો પણ જુગુપ્સાપ્રેરક છે. હિંસક વૃત્તિઓનો પ્રભાવ આપણી અનેક કથાઓમાં નોંધી શકાશે.

ભારતીય સમાજરચનાની એક મોટી મર્યાદા-વર્ણવ્યવસ્થા – આ કથાઓમાં અનેક સ્થળે જોવા મળે છે. બ્રાહ્મણોનો મહિમા અને શૂદ્રોના અધિકારોનું હનન સામાન્ય ગણાતાં હશે. શંબૂકવધની કથા તો જાણીતી છે. હજી આજે પણ ભારતીય સમાજ ન્યાયયુક્ત નથી બની શક્યો, અને અનેક અપરાધો પાછળ ઉચ્ચ-નિમ્નતાના ભેદભાવ રહેલા છે એવું વખતોવખત જોવા મળશે. સ્ત્રીઓ પણ પ્રથમ કક્ષાનું નાગરિકત્વ ક્યાં ભોગવે છે ?

'કથાવિશ્વ'ના ગ્રંથોને એકસૂત્રે પરોવનારું તત્ત્વ તે આ કથાઓમાં આવતી તરંગલીલા, એમાં રહેલું કપોલકલ્પિત તત્ત્વ. અહીં ઊંટને પૂર્વજન્મની સ્મૃતિ હોઈ શકે, અહીં રથે ચડેલા મતંગને ગર્દભી 'ચંડાળ'નો ઉપાલંભ આપી શકે, અહીં દિવ્ય વૃક્ષનાં ફળનો આહાર કરતા મનુષ્યોનું ફળમાં રૂપાંતર થઈ શકે, અહીં બાજપક્ષી બુદ્ધિમુક્ત વચનો વદે છે. આમ અદ્ભુત રસમાં રસાયેલી અનેક વિગતો ભાવકને ઠેઠ તળિયે ખેંચી લે છે. અલૌકિક પાત્રો અહીં સામાન્ય માનવીનાં લક્ષણો ધારણ કરે છે. દ્વેષ, કટુતા, વેરઝેર, ક્રોધ જેવાં નિમ્ન, તો ઉદારતા, સ્નેહ અને કરુણા જેવાં ઉચ્ચ લક્ષણો ધરાવતાં 'કથાવિશ્વ'ના પાત્રો ઋષિમુનિઓ, રાજામહારાજા કે દિવ્યલોકમાં વસનારાં ન રહી ભૂમિ પર વિચરતા સામાન્ય મનુષ્યો જેવાં નિકટનાં ભાસે છે. આ કારણે જ માનવસમાજ આ કથાઓમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે, અને એના વૈવિધ્યે અનેક સાહિત્યિક રચનાઓને જન્મ આપ્યો છે.

જ્યાં જ્યાં આવશ્યક લાગ્યું છે ત્યાં ત્યાં પશ્ચિમના સાહિત્ય સાથે ભારતીય પરંપરાના તુલનાત્મક ઉલ્લેખો સંપાદકે કર્યા છે. ગ્રીક ટ્રેજેડીનાં નાયક-નાયિકા અને એમના જીવનસંઘર્ષની વાત આપણી કથાઓ સાથે સાંકળી છે. આ કથાઓનાં અનેક રૂપો, રૂપાંતરો-અર્થઘટનો તથા પ્રાદેશિક ભાષાઓમાં એ કઈ રીતે પ્રગટ થયાં છે એના ઉલ્લેખો પણ અહીં મળશે. રુચિ ભિન્ન હોય, જીવન પરત્વેનાં વલણ ભિન્ન હોય, ધાર્મિક માન્યતાઓ અલગ હોય ત્યારેય આ કથાઓએ વિભિન્ન વર્ગોનું સમારાધન સાધ્યું છે. સમયાંતરે ભારતીય સમાજને મળતાં રહેલાં રામાયણનાં રૂપો અને એમાં જોવા મળતા ફેરફારો, વિવિધ કથાઓમાં પ્રક્ષેપો અને આડકથાઓ વગેરેના ઉલ્લેખો પણ 'કથાવિશ્વ'ના પાંચ સમૃદ્ધ ખંડોમાં મળી રહે છે. જાતકકથાઓના મહોદધિમાંથી આપણી લોકકથાઓને કેટકેટલી સામગ્રી પ્રાપ્ત થઈ હશે એ કલ્પી શકાય એવું છે. એના સંકેતો સંપાદકે આપ્યા છે. ક્યાંક ક્યાંક પાદટીપની અપેક્ષા જાગે, થોડું ન સમજાય એવું અથવા તો અસ્પષ્ટ રહી જતું લાગે ત્યારે તો ખાસ. ઉદાહરણ તરીકે 'કથાવિશ્વ' ખંડ ૧માં આવતી અશ્વિનીકુમારોને લગતી ઋચાઓ.

ભારતીય કથાસાહિત્યની શૈલીની વિશદ ચર્ચા શિરીષ પંચાલે કરી છે, અને મહાકાવ્યની આપણી વિભાવના અને પશ્ચિમી વિભાવના વચ્ચેનો ભેદ પણ આ ચર્ચામાં સ્પષ્ટ થાય છે. એ જ રીતે 'કથાસરિત્સાગર' અને 'વસુદેવહિંડી' જેવી ભ્રમણકથાઓ શી

રીતે અલગ પડે છે એ પણ દર્શાવાયું છે. કેટલાંક લોકપ્રિય કથાનકો, જેવાં કે હરિશ્ચંદ્ર-તારામતી, નળ-દમયંતી, કચ-દેવયાની અને દુષ્યંત-શકુંતલા ભારતીય પ્રજામાનસમાં અને વિવિધ કલારૂપોમાં કઈ રીતે પુનરાવર્તન પામ્યાં છે એ પણ સંપાદકે નોંધ્યું છે. સત્યકામ અને જબાલાની પ્રાણવાન કથા અમરત્વ પ્રાપ્ત કરી શકી છે એ દર્શાવે છે, કે જનસમૂહ આવાં કથાનકોની કેટલો નજીક રહ્યો છે.

આ કથાઓમાં સંગોપિત જ્ઞાનચર્ચા અને ઉત્તમ વ્યવહારવિષયક ચર્ચા ધ્યાનમાં લેવા જેવી છે. શરણાગતની રક્ષા સંદર્ભે બૃહસ્પતિનાં વચનો (પૃ. ૩૨૯/૨) અથવા તો મિથ્યાભાષી માનવોની દુર્ગતિ બાબતે ગાલવનાં વચનો (પૃ. ૩૪૭/૨) આનાં સરસ ઉદાહરણો છે. ખંડ ૧માં 'સતી થવા નીકળેલીને પ્રાર્થના' સમાવિષ્ટ છે. માત્ર ત્રણ વાક્યમાં સતીપ્રથાનો પ્રબળ વિરોધ અહીં દેખાશે. 'તું જીવિત લોકોનો વિચાર કરીને અહીંથી ઊભી થા. તારો પતિ મૃત્યુ પામ્યો છે. એની પાસે તું નિરર્થક સૂતી છે. આવ. પાણિગ્રહણ કરનાર તારા પતિના સંતાનને ધ્યાનમાં રાખી તું એની સાથે રહે.' (પૃ. ૯૩/૧) વેદકાળમાં કુરિવાજો ન ચાલુ થાય એની કેટલી તકેદારી રખાઈ છે !

જોકે 'કથાવિશ્વ'માં જે સમાજદર્શન થાય છે તે પૂર્ણપણે આનંદદાયી નથી. આપણી મર્યાદાઓની ભયાનકતા અને એ મર્યાદાઓને ઉચિત ઠેરવવાની આપણી મથામણ, શ્રેષ્ઠતા અંગેના આપણા પોકળ ખ્યાલોને પ્રગટ કરે છે. ભાવકને દર્પણ નજીક લાવવા કરતાં દર્પણને જ ભાવક જ્યાં હોય ત્યાં એની સન્મુખ ધરી દેવાનો પ્રયાસ સાહસપૂર્ણ અને વિશિષ્ટ છે.

સમાજની વર્તમાન સ્થિતિ અને સરેરાશ પુરુષવર્ગને સમજવામાં 'કથાવિશ્વ'ની સામગ્રી મદદરૂપ થશે. દલિતો સાથેનો આપણો વ્યવહાર અને એમને થતા અન્યાયની આપણા દ્વારા થતી ઉપેક્ષા, સ્ત્રીઓને માત્ર દેહ રૂપે જોવાની માન્યતા, અને સ્ત્રીપુરુષ બંનેનો દેહસૌંદર્યકેન્દ્રી અભિગમ આજની સ્થૂળ વૃત્તિ-પ્રવૃત્તિનું અને હિંસાત્મક આચારનું ઉદ્‌ગમસ્થાન કયું એનો વિચાર કરવા પ્રેરે એવી છે આ સામગ્રી. આજના રોગગ્રસ્ત સમાજને, કથાવિશ્વની કથાઓને આધારે, ધ્યાનથી અવલોકવા જેવો છે. બોધિસત્ત્વનો જીવનબોધ આ સમાજને ઓછો ખપ્યો અને બ્રાહ્મણત્વનો હુંકાર વધુ સ્વીકાર્ય લાગ્યો એ માનસિકતા ચકાસવા જેવી.

એ સાચું કે આ કથાઓમાં થોડું કુત્સિત, કુરૂપ અને વેઠી ન શકાય એવું ક્રૂર પણ વણાયું છે પરંતુ આપણી ભાવક-ચેતના વિશ્વરૂપને જોગવી શકે એવી હોવી ઘટે. જે રમ્ય છે, તે રુદ્ર પણ છે. ભાવુકતા બહેલાવીને નહીં, કુરૂપનો સામનો કરીને વિશ્વ સર્જવાનું છે. જે કુત્સિત અને ભયાવહ છે, તે પણ આપણી જ હયાતીનો અંશ છે. જીવન પરત્વેની સમ્યક, સમતોલ, સ્વસ્થ દૃષ્ટિ કેળવવા પણ છેવટે આપણે કથાસાહિત્ય પાસે શું નથી જવું પડતું ? એથી જ શિરીષભાઈએ સુલભ કરી આપેલી આ વિશાળ કથાસૃષ્ટિ માટે એમને સલામ.

('કથાવિશ્વ'ના પ્રકાશનપર્વ પ્રસંગે સૂરતમાં ૨૦૧૯ની ૮મી ડિસેમ્બરે રજૂ થયેલું.)

# નિષેધોને ઉલ્લંઘી જતી કવિતાનો ‘ળ’ સિદ્ધ કરતો ધ્યાનાર્હ સંગ્રહ... : એક વિહંગાવલોકન | રાધેશ્યામ શર્મા

[**‘ળળળ’** : પ્રતિષ્ઠા પંડ્યા, પ્રકાશક : વિવેક જિતેન્દ્ર દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૧૪. આવરણચિત્ર : અતુલ ડોડિયા, રેખાચિત્રો : રાહુલ રામનાથન, પહેલી આવૃત્તિ, જૂન ૨૦૧૯, પૃ. ૧૪૪, કિં. રૂ. ૨૦૦]

**આ**વું અકલ્પ્ય નામાંકન ગુજરાતી સાહિત્યમાં પ્રથમ વાર.

પ્રતિષ્ઠા પંડ્યા - કવિ સાથે પ્રશ્નોત્તર :

પ્રશ્ન : લગ્નબાહ્ય સંબંધ વિશેનો મત ?

ઉત્તર : લગ્ન એ એક પ્રકારનો સામાજિક વ્યવસ્થામાંથી જન્મેલો સંબંધ છે.

(સમાજશાસ્ત્રમાં પ્રતિષ્ઠાને રસ છે, લેખિકાને. લગ્ન પૂર્વે ‘પ્રેમ’ની અનુભૂતિમાંથી પસાર થયેલાં તેમનું જેમની સાથે લગ્ન થયેલું એમનું નામ વિક્રમ રામાનાથન, પીએચ.ડી.)

પ્ર. લગ્નસંબંધ વગર જ સ્ત્રી સ્વતંત્ર વિકાસ કરી શકે ?

ઉ. લગ્નસંબંધ અને સ્ત્રીસ્વાતંત્ર્ય વિરોધી ન હોવાં જોઈએ.

પ્ર. કુંવારું માતૃત્વ આવકાર્ય ગણો ?

ઉ. સ્ત્રીની ઇચ્છાથી સ્વીકારેલું હોય તો હા.

(વર્ષો પૂર્વે ‘બ્લિટ્ઝ’ નામનું અંગ્રેજી સામયિક પ્રસિદ્ધ હતું. એનો સ્વીકૃત કાયમનો ધ્વજદંડ-સૂત્ર રૂપે દરેક અંકના મથાળે છપાતો ફ્રી, ફ્રૅન્ક, ફિયરલેસ – જે પ્રસ્તુત ઉત્તરને ઘણો લાગુ પડે.)

પ્ર. સર્જનમાં કોઈ પ્રેરણામૂર્તિ હતી ? છે ?

ઉ. જિંદગી.

(રાજકપૂરની ‘આગ’ ફિલ્મમાં મુકેશે ગાયેલું : જિંદા હૂં ઇસ તરાહ કે ગમે જિંદગી નહિ; જલતા દિયા હૂં મગર રોશની નહીં... પ્રતિષ્ઠાબહેનના અભિગમમાં તો રોશની ઑર રોશની હી હૈ...)

પ્ર. પ્રારંભકાળમાં કયા મુખ્ય લેખકોનો પ્રભાવ સ્વીકારેલો ?

ઉ. રમેશ પારેખ, સિલ્વિયાપ્લાથ, ટી. એસ. એલિયટ, સિતાંશુ યશશ્ચન્દ્ર, યુનિસ ડીસુઝા, કવાફી અને ઘણાં બીજાં...

પ્ર. અંગત પુસ્તકાલયમાં કેટલી કિતાબો ?

ઉ. ગણી ગણાય નહીં વીણી વીણાય નહીં.

(જૂના પ્રચલિત ગીતની પંક્તિ હતી, ‘ગણી ગણાય નહીં, વીણી વીણાય નહીં તોયે મારી છાબડીમાં માય...’

પ્ર. સર્વપ્રથમ મૌલિક પ્રકાશિત કૃતિનું નામ ?

ઉ. એકલવ્ય (કવિતા 'લીપી'માં અનુવાદીત) જોડણી લેખિકાની.

('લીપી' વિશે અંગ્રેજીમાં કવયિત્રીની બીજી એક કૃતિ વિશે વાંચીએ. '૧૯૯૯. અ પોએમ 'વન્સ અપૉન અ ટાઇમ' (ટ્રાન્સલેટેડ ઇન ઇંગ્લિશ) ઇન 'લીપી' એડિટેડ બાય જયન્ત મહાપાત્ર.)

પ્ર. ખાદી પહેરવી ગમે ?

ઉ. ખૂબ જ. મા હંમેશાં ખાદી પહેરતી તેથી પ્રેરાઈને.

(પ્રતિષ્ઠાનાં મા, વિશુદ્ધ ગાંધીવાદી ખાદી પ્રેરિત હોવાં જોઈએ.)

પ્ર. લખતાં-વાંચતાં કોઈ અચાનક જ આવી ચઢે ત્યારે કેવું થાય ?

ઉ. અંદર ને અંદર ગુસ્સો.

(આ ઇન્ટ્રોવર્ટેડ ગુસ્સો કુદરતી અને નિખાલસ છે, નિઃશંક.)

પ્ર. આરંભે કયા સામયિકમાં કૃતિ પ્રકાશિત થવાથી હર્ષની લાગણી જન્મેલી ?

ઉ. 'એતદ્' અને અંગ્રેજીમાં 'લીપી'.

(સમ્પાદક કમલ વોરાએ 'ળ' કોઈનો નહીં – નહીં : 'ળ' કવિતાનો... રસાવહ વિસ્તૃત આમુખ આલેખ્યો છે, પણ પંડ્યાનું નિવેદન આ સંચયના મથાળામાં સૂચવી જાય, થોડું... 'ક ખ ગ થી ળ સુધી'... કવિને ગમ્યાં આ વાક્યો : 'ળ'ની મને ખૂબ દયા આવતી, 'ળ'ની શક્તિનો ખરો પરચો થયેલો, આજે વર્ષો પછી મારી અંદર અને બહારથી આવતા મને ચૂપ કરવા મથતા તમામ અવાજો સામે મારું પોતાનું 'ળળળ...' મૂકું છું.)

પ્ર. ગમતા ત્રણ (૩) વિદેશી સર્જકોનાં નામ ?

ઉ. દોતોયેવસ્કી, ક્વાફી, સિલ્વિયાપ્લાથ.

પ્ર. પ્રિય ભારતીય લેખકોનાં નામ ?

ઉ. સદત હસન મંટો (ભારતીય કહીશ/કરીશ), ઇસ્મત ચુગતાઈ, ગિરીશ કર્નાર્ડ. સુરેશ જોશી, ટી. એસ. એલિયટ, ટેરી ઇગલટન, સિતાંશુ.

પ્ર. અપેક્ષિત પારિતોષિક - પુરસ્કાર ના મળે ત્યારે કેવું લાગે ?

ઉ. કર્મણ્યે વાધિકારસ્તે.

(રવીન્દ્રનાથ ટાગોરને એકદા કોઈ ચાહકો મળવા ગયેલા, દર્શનાર્થે. કવિવરે બંગાળની મીઠાઈ સાથે ફળો પણ મૂકેલાં. ચાહકોએ શબરીની જેમ ફળો ચાખ્યાં સુધ્ધાં નહીં ત્યારે ટાગોરે કદાચ મનોમન કહેલું હોઈ શકે, કર્મણ્યે વાધિકારસ્તે... (પ્રતિષ્ઠાની ગીતાપંક્તિ સમાન), પણ 'મા ફલેષુ કદાચન' તો વિનોદમાં પરખાવ્યું હશે. કેમ કે ચાહકો મીઠાઈ ઝાપટી ગયા, પણ ફળો ત્યજી દીધાં, મા ફલેષુ કદાચન.)

પ્ર. કયો સંગીતકાર ગમે ?

ઉ. હેમંતકુમાર.

(સલિલ ચૌધરીએ (રઘુવીરે નહિ) ક્યાંક કહ્યું છે : દેવોને કોઈ ગાયકની વરણી કરી ગીતસંગીત શ્રવણ કરવું હોય તો કેવળ હેમંતકુમારના કંઠને જ માણે !)

પ્ર. વર્ણાશ્રમ વ્યવસ્થા અંગેની માન્યતા ?

ઉ. નથી માનતી. વિરોધ કરું છું.

પ્ર. એક જ પ્રેરક આપવાનું હોય તો કયું ?

ઉ. (અંગ્રેજીમાં) 'ડુ નૉટ આસ્ક ફૉર હમ ધ બેલ ટૉલ્સ, ઇટ ટૉલ્સ ફૉર ધી !'

(હેમિંગ્વે, કવયિત્રીએ - ળળળની જેમ ? - બરાબર પચાવ્યો - સજાવ્યો છે)

પ્ર. આપને ભાવિ જગત કઈ રીતે સ્મરે તો ગમે ?

ઉ. સારી કવિ ને એથીય સારી માણસ.

પ્રતિષ્ઠા પંડ્યા સારાં સહૃદયી માણસ છે. એ તો એમના અભિગમથી સિદ્ધ થાય., પણ સારાં કવિ છે એ તો 'ળળળ' કાવ્યસંગ્રહ સાદ્યન્ત માણ્યા-પ્રમાણ્યા વગર નહિ સમજાય. સંગ્રહના 'ળ' વિભાગમાં - અગિયારની લોકકથાની પાદટીપ-૨ નીચે ગણેશભક્ત પરમ સંત, તમિલ કવિ લગ્ન કરાવાની દબાણમાંથી મુક્ત થવા ભગવાન પાસે વૃદ્ધત્વની યાચના કરે છે અને ભગવાન પણ કેવા ? કે પ્રસન્ન થઈ ભરજુવાનને વૃદ્ધત્વ બક્ષે છે !

કવયિત્રીએ આગળ ઉપર, સર્જનમાં પ્રેરણામૂર્તિ 'જિંદગી'ને પ્રસ્થાપિત કરી છે એ 'અવ્વિચાર'વિષયક કાવ્યમાં 'જિંદગી'ને કેવી સ-રસ સુરક્ષા બક્ષી છે તે જુઓ.

હીબકાં ખાતા અર્થ હો / ના કોઈ સ્વજન સંસારમાં / ડૂબતા મનોબળને ઝાલીને મુઠ્ઠીમાં...

**જિંદગીને કેટલે દૂર લગી**<br>**તું ફંગોળી શકે કહે**<br>**તું કેટલી પ્યાલી ગમની**<br>**ગટગટાવી શકે કહે. (પૃ. ૧૨૫)**

કવિશ્રી કમલ વોરાએ આમુખમાં યથાર્થ નિરીક્ષા કરી છે; કૃતક અને પોચટ લાગણીવેડામાં લપેડાઈને કાવ્યપ્રવૃત્તિમાં રચ્યા રહેતા ઘણા નવલખિયા મિત્રો માટે આ કાવ્યસંગ્રહ - ળળળ - એક ઉદાહરણ છે... આ કવિતા ચળવળની ન હોઈ, મુક્તપણે વિહરે છે અને ભાવકને પણ સહૃદયતાપૂર્વક નિમંત્રે છે !

અતુલ ડોડિયાનું આવરણચિત્ર, એનો સંકેત સમજાય, પરંતુ રાહુલ રામનાથનનાં રેખાચિત્રો હસાવે – ત્યાં તો 'ળળળ'ના ચોથા આવરણપૃષ્ઠ પર પ્રતિષ્ઠાની લેખિની – સિલ્વિયાપ્લાથની અદાથી – આકાંક્ષા કરે છે :

**ઝીણું હું એક ટપકું થઈ જઉં !**

સુજ્ઞ ભાવકોએ, 'ટપકું'ને વામન અવતાર કલ્પી ત્રિલોક પર્યન્ત પ્રસરતું કાવ્ય માણવું...

# ચેખોવનો સર્વાંગી પરિચય કરાવતો ગ્રંથ | અભિજિત વ્યાસ

[**'મારો ગમતો સર્જક ચેખોવ'** : લેખક : ભરત દવે, પ્ર. બાલવિનોદ પ્રકાશન, મુખ્ય વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદવાદ-૩૮૦૦૦૧, પૃ. ૬ + ૧૪૬, કિં. રૂ. ૧૬૫]

**મા**રા સ્નાતકીય અભ્યાસ દરમ્યાન ચેખોવનો મને પરિચય થયો હતો. પણ સાવ એવું નહોતું કે હું ચેખોવને નહોતો જાણતો. ગુજરાતી અનુવાદો દ્વારા ચેખોવની વાર્તાઓ વાંચવાના અવસર મળેલા. અને એ માટે સુરેશ જોશીનો હું આભારી છું. પણ પછી અભ્યાસ દરમ્યાન સીધું અંગ્રેજીમાં ચેખોવને વાંચવાનું બન્યું. એ પછીનાં વર્ષોમાં ચેખોવની એક વાર્તા 'વર્ક ઑફ આર્ટ'ને અનુવાદિત કરવાનું સાહસ પણ કરેલું અને તે અનુવાદ ક્યાંક પ્રગટ પણ થયેલો. પછી 'સત્યજિત રાય પ્રેઝન્ટ્સ' નામની એક ટેલિવિઝન સિરિયલ જોયેલી. જેમાં પણ ચેખોવની આ વાર્તાનું ફિલ્માંતરણ જોવા મળેલું. તેથી આનંદ થયેલો અને એમ પણ થયું કે અભિજિતને જે ગમે છે એવુ કંઈક સત્યજિત રાયને પણ ગમે છે હો. જોકે ભરત દવેએ ચેખોવની કૃતિ ઉપરથી સર્જાયેલી ફિલ્મોમાં (પૃ. ૧૩૨ ૫૨) આ કૃતિનો ઉલ્લેખ નથી કર્યો. કારણ એવું પણ હોઈ શકે કે આ એક નાટક પરથી નહીં પણ વાર્તા પરથી સર્જાયેલી ફિલ્મ છે.

હમણાં નાટ્યકાર-દિગ્દર્શક ભરત દવેએ મને એમનું પુસ્તક – 'મારો ગમતો સર્જક ચેખોવ' વાંચવા મોકલ્યું. અને તેમાં પણ એમ વાંચવા મળ્યું કે નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાના એમના અભ્યાસકાળ દરમ્યાન એમને પણ ચેખોવનો પરિચય થયેલો. આ વાંચીને આનંદ થયો કે ફરી કોઈક મારા જેવું છે જેને ચેખોવનો પરિચય અભ્યાસક્રમ દરમ્યાન થયેલ. પણ મારા અને ભરત દવેમાં એટલો જ ફેર છે કે એમને ઈબ્રાહિમ અલકાઝી જેવા ગુરુ પાસેથી ચેખોવ સમજવા મળ્યો જે માટે હું ભાગ્યશાળી નહોતો.

પ્રસ્તુત સંચયમાં ચેખોવના સમય દરમ્યાનનું રશિયન સાહિત્ય, સમકાલીન સાહિત્યકારો અને તેની મધ્યમાં ચેખોવના સાહિત્યની ચર્ચા થઈ છે. અને આ સાહિત્યમાં પણ નાટકોની જ વિશેષ ચર્ચા થઈ છે. આ સંદર્ભમાં ભરત દવે એમના પ્રાસ્તાવિકમાં લખે છે, 'સામાન્ય વાચકોના ચેખોવ સાથેનો પરિચય વધારે તો લઘુવાર્તાકાર તરીકેનો છે, પરંતુ આ લખનાર સ્વયં એક નાટ્યકલાકાર હોવાને નાતે તેનું સહજ ખેંચાણ વાર્તાકારને બદલે નાટ્યકાર ચેખોવ તરફ રહ્યું છે.' (પૃ. ૮). આમ તે સમયના રશિયન સાહિત્યના કેન્દ્રમાં એક નાટ્યકાર તરીકે ચેખોવની, તેનાં નાટકોની અને તેની પ્રસ્તુતિની ચર્ચા થઈ છે. આપણે ત્યાં ગુજરાતમાં ચેખોવનાં નાટકો ખાસ ભજવાયાં હોય તેવો મને બહુ ખ્યાલ નથી. તેવા સંજોગોમાં આ પુસ્તક અત્યંત મહત્ત્વનું બની રહે છે કારણ કે આ વાંચીને કદાચ કોઈ નાટ્યકારને ચેખોવનાં નાટકોને ગુજરાતીમાં ભજવવાની ઇચ્છા થાય પણ ખરી.

પ્રસ્તુત પુસ્તકમાં પ્રસ્તાવના ઉપરાંત વીસ પ્રકરણ છે. જેમાં ચેખોવના પરિચયથી અંત સુધીનાં પ્રકરણોની વચ્ચે તેના નાટ્યકલા (૬) અને લેખન અંગેના વિચારો (૧૦) અને તેની વિનોદ વૃત્તિ (૧૧), તેની જીવનદૃષ્ટિ, પ્રતીકવાદ, ટૉલ્સ્ટોય (૮) અને સ્ટાનિસ્લાવ્સ્કી (૧૩), અને તેના અંગત જીવન વિષે વિસ્તૃત વાત થઈ છે. ચેખોવ વિશેના અન્ય લોકોના પ્રતિભાવો વિશે પણ એક પ્રકરણ છે. અને પ્રત્યેક પ્રકરણની સાથે સુસંગત ફોટાઓનો પણ સમાવેશ થયો છે.

સાહિત્યમાં અને ખાસ કરીને નાટકોમાં વાસ્તવવાદ પહેલા આવ્યું. અને નાટકમાં જ્યારે વાસ્તવવાદનાં પગરણ થઈ ગયાં હતાં ત્યારે હજી સિનેમાની તો શોધ પણ નહોતી થઈ. અને ફોટોગ્રાફી પણ એના પ્રારંભિક કાળમાં હતી. આધુનિક નાટકના સંદર્ભમાં એમનું નિરીક્ષણ ‘તે `photographic' છે તેવી જ રીતે ‘phonographic’ પણ છે.’ (પૃ. ૭). તે અત્યંત વિચારણીય છે. એટલે કે ઘટના જે રીતે બને છે તદ્દન તેનો જ દૃશ્યશ્રાવ્ય વાસ્તવિક આભાસ ઊભો કરી આપે છે. વાસ્તવવાદી નાટકના સંદર્ભમાં એમનું બીજું નિરીક્ષણ છે તે ‘અહીં પાત્રોની અભિવ્યક્તિ ‘Larger than Life’ નથી. ‘Average or Middle Size’ છે.’

ચેખોવ વ્યવસાયે ડૉક્ટર હતા અને સાહિત્યમાં રુચિ ધરાવતા હોવાથી લખતા હતા. લેખન કરવાનું બીજું એક આકર્ષણ એ પણ હતું કે તેમને આર્થિક સહયોગ પણ તેના કારણે મળતો હતો. આમ દાક્તરી વ્યવસાય અને સાહિત્યસર્જન બંનેને તેમણે સમાંતરપણે ચાલુ રાખ્યાં હતાં. આ સંદર્ભમાં એમણે કરેલું વિનોદભર્યું વિધાન ‘Medicine is my legal spouse, while literature is my mistress, when I get tired of one I go and sleep with other.’ આમ તો મારી બેવફાઈને કારણે ચેખોવ બહુ મોટો આર્ષદ્રષ્ટા હતો તે તેના એક નાટક ‘Uncle Vanya’માં માણસના કુદરત સાથેના અવિભાજ્ય સંબંધની વાત સુંદર રીતે લખે છે : ‘આજે સૌથી મોટી વિકટ સમસ્યા એ ઊભી થઈ છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં રશિયન જંગલો આડેધડ કપાઈ રહ્યાં છે. હજારોની સંખ્યામાં વૃક્ષોની કત્લેઆમ ચાલી રહી છે. પરિણામે ત્યાં વસતાં લાખો પશુપક્ષીઓ નિરાધાર બનીને મરી રહ્યા છે. કેટલીય નદીઓ ઝડપથી છીછરી બનીને લગભગ સૂકી વેરાન થવા લાગી છે. પ્રકૃતિનો વિરાટ સુંદર રમણીય પરિવેશ જાણે અદૃશ્ય થઈ રહેલો અનુભવી શકાય છે. માણસજાતને સર્જનશીલતાનું કુદરતી વરદાન મળેલું છે જેના વડે તેને જે કંઈ વારસામાં મળ્યું છે તે ચાહે તો અનેકગણો વધારો કરી શકે છે. જ્યારે અહીં ઊલટું, કુદરતમાં તેણે પોતે સર્જ્યું નથી તેનો તે બેજવાબદારીથી વિનાશ કરી રહ્યો છે. દેશમાં જંગલો અને હરિયાળી દિવસે દિવસે આઘાતજનક હદે ઘટી રહ્યાં છે. નદીઓ સુકાઈ રહી છે, વન્યજીવોનું નિકંદન નીકળી રહ્યું છે, પર્યાવરણ ભ્રષ્ટ થઈ રહ્યું છે અને આ બધાંને પરિણામે આપણી પૃથ્વી દિવસે દિવસે ગરીબ અને કદરૂપી બનતી ચાલી છે.’ આટલું બોલી લીધા પછી ચેખોવ ઉમેરે છે, ‘Those who come a hundred or two hundred years after us will despise us for having lived our lives so stupidly and tastelessly.’ ચેખોવને નિઃશંકપણે લાગે છે કે આ જગતનો નાશ ડાકુલૂટેરા, યુદ્ધો

કે કુદરતી હોનારતોથી નથી થવાનો પરંતુ માણસનો ઘૃણા, શત્રુતા, દ્વેષ, ઈર્ષ્યા, સ્વાર્થ અને લોભ ન છૂટી શકવાથી થવાનો છે.' (પૃ. ૩૮).

ચેખોવ એનાં નાટકોનાં પાત્રો દ્વારા એનું એક પ્રધાનસૂત્ર વારંવાર રજૂ કરે છે તે 'Each man must work for mankind.' (પૃ. પર). આમ ચેખોવના મનમાં માનવીયતા અને માનવકલ્યાણ મુખ્યત્વે છે. જેનું પુનરાવર્તન તેનાં નાટકોમાં જોવા મળે છે. ભરત દવે આવાં ઘણાં ઇંગિતો દર્શાવે છે.

ચેખોવના લેખન અંગેનાં કેટલાંક મંતવ્યો અત્યંત વિચારણીય છે. જેમ કે, 'દરેક સર્જકને તેની પોતાની શક્તિ અને સ્ફુરણા પ્રમાણે લખવાનો અધિકાર છે. તમારું લખાણ છપાયા પૂર્વે કોઈ સિનિયરને વંચાવીને તેનું પ્રમાણપત્ર લેવાની જરૂર નથી એવું દૃઢપણે માનતો. (પૃ. ૬૧). ઊગતા લેખકોને આત્મવિશ્વાસ વધારવાની શિખામણ આપતો ચેખોવ છીછરા અને બેહૂદા વિવેચકોની હાંસી ઉડાવતાં એક સ્થળે કહે છે કે 'વિવેચકો ઘોડાની આસપાસ બણબણતી બગાઈઓ જેવા હોય છે. ઘોડો પૂંછડું ઉલાળતાં વિચારે કે આ બગાઈઓ શું કામ બણબણતી હશે ? બગાઈઓ જાતે પણ જાણતી નથી, કારણ કે તેનો ઉતપાતિયો સ્વભાવ જ બણબણવાનો છે. કદાચ એ ઘોડા જેવા મોટા પ્રાણીને જણાવવા માંગે છે કે હું પણ છું, મારું પણ અસ્તિત્વ છે. તું પવનવેગે દોડી શકે છે તો હું પણ લાગલગાટ બણબણી શકું છું !' ટૂંકમાં વિવેચકોએ લખેલી ખામીઓથી નવા નવા લેખકોએ નિરાશ થઈ જવાની જરૂર નથી. (પૃ. ૬૩).

લેખક વાસ્તવમાં કેવો હોવો જોઈએ તે અંગે ચેખોવ ટૉલ્સ્ટોયની એક વાર્તા 'તૃષ્ણા'નો દાખલો આપે છે. વાર્તાના અંતમાં ટૉલ્સ્ટોય કહે છે : 'ફક્ત (કબરમાં સૂવા પૂરતા) છ હાથ'. 'Rubbish', 'ચેખોવ અસંમતિ દર્શાવતાં કહે છે, 'It's a corpse that needs six feet of land, but the living needs the entire glob, and particularly the writer...' (વાહિયાત, એ તો મડદાંઓને દટાવા માટે છ ફૂટની જમીન પૂરતી થઈ પડે. બાકી જીવતાઓ માટે તો આખી પૃથ્વીય ઓછી પડે - ખાસ કરીને લેખકો માટે !) – (પૃ. ૬૫).

ભરત દવે નાટ્યકાર અને દિગ્દર્શક છે એટલે એમણે ચેખોવને એક નાટ્યકાર તરીકે જ જોયા છે. એટલે અહીં ચેખોવનું એક નાટ્યકાર તરીકેનું મૂલ્યાંકન વધુ થયું છે. અલબત્ત ચેખોવને જાણવાનો અને જોવાનો એક અલગ કોણ એમણે ખોલી આપ્યો છે જે વિષે કદાચ ખાસ વાત નથી થઈ. જે આ પુસ્તક દ્વારા વાચકોને પ્રાપ્ત થાય છે. અનેક ચિત્રોથી સુશોભિત આ ગ્રંથ નાટ્યકલામાં અને વિશેષે એન્ટોન ચેખોવમાં જેમને રસ છે તેવા અનેકોને ઉપયોગી રહેશે.

❖

# સૌંદર્ય અને સંસ્કૃતિનો વિરલ યોગ : 'પરિક્રમા નર્મદા મૈયાની'

## | ડૉ. વિપુલ પુરોહિત

[**'પરિક્રમા નર્મદા મૈયાની'** : લે. અમૃતલાલ વેગડ, પ્ર. આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ, ૧૯૯૪, દસમી આવૃત્તિ - પુનઃમુદ્રણ ૨૦૧૭, પૃ. ૧૭૫, કિં. રૂ. ૧૫૦]

**ન**ર્મદા ભારતની જ નહિ, જગતની પ્રાચીન નદીઓ પૈકીની એક છે. ગંગા અને હિમાલય પૂર્વે પોતાની હયાતીનાં પ્રમાણો આપતી નર્મદા ગ્રામ હોય કે અરણ્ય સર્વત્ર રમ્ય અને પવિત્ર ગણાય છે. તેના દર્શનમાત્રથી લોકો પુનિત થયાની લાગણી અનુભવે છે. લોકો દ્વારા પરિક્રમા કરવામાં આવતી હોય તેવી ભારતની કે કદાચ વિશ્વની એકમાત્ર નદી નર્મદા છે, તો નર્મદાની પરિક્રમા પૂરી કરી તે અનુભવોનાં ચિત્રો અને ગદ્ય રચી ખરા અર્થમાં નર્મદાના 'બ્રાન્ડ ઍમ્બેસેડર' કોઈ હોય તો એ એકમાત્ર અમૃતલાલ વેગડ છે. ચિત્રકળા અને શબ્દકળા બંનેમાં સવ્યસાચી સિદ્ધ થયેલાં અમૃતલાલ વેગડે નર્મદા પદયાત્રાના અનુભવનું પ્રથમ પુસ્તક આપ્યું 'પરિક્રમા નર્મદા મૈયાની' ઈ.સ. ૧૯૯૪માં. જેને ગુજરાતી સાહિત્ય પરિષદનું કાકાસાહેબ કાલેલકર પારિતોષિક પ્રાપ્ત થયું અને ગુજરાત સાહિત્ય અકાદમીનું પણ પ્રથમ પારિતોષિક મળ્યું. એ પછી તો અમૃતલાલ વેગડે 'સૌંદર્યની નદી નર્મદા', 'થોડું સોનું, થોડું રૂપ', 'સ્મૃતિઓનું શાન્તિનિકેતન', 'નદિયા ગહરી, નાવ પુરાની' અને 'સરોવર છલી પડ્યાં !' જેવાં પુસ્તકોમાં નર્મદાની સાથે પોતાના જીવન-અનુભવનો અનવદ્ય સૌંદર્યલોક આલેખતાં આ સર્જક કાકાસાહેબ કાલેલકર અને સ્વામી આનંદ જેવા સમર્થ પ્રવાસીઓના અધિકારી વારસદાર સાબિત થયા છે. માતૃભાષા ગુજરાતી ઉપરાંત અમૃતલાલજીએ હિન્દીમાં પણ 'સૌંદર્ય કી નદી નર્મદા' અને 'અમૃતસ્ય નર્મદા' રચીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. અમૃતલાલ વેગડેનું લખાણ મુખ્યત્વે નર્મદાકેન્દ્રી ભાવલોકને આલેખે છે. નર્મ એટલે કે આનંદને આપનાર નર્મ-દાનું સૌંદર્ય કળાકારની દૃષ્ટિથી જોઈને તેમાં સંસ્કૃતિનો સંસ્પર્શ અનુબંધિત કરવાનો સર્જકધર્મ પ્રગટ કરતા અમૃતલાલ વેગડ વિલક્ષણ નર્મદાપુત્ર છે. અહીં તેમના જીવનની પ્રથમ નર્મદા-પદયાત્રાનો અનુભવ કે જે 'પરિક્રમા નર્મદા મૈયાની'માં શબ્દસ્થ થયો છે તેના ભાવલોક અને સંસ્કારલોક પ્રતિ આસ્વાદલક્ષી અભિગમથી થોડા સંકેતો કરવાનો ઉપક્રમ છે.

'પરિક્રમા નર્મદા મૈયાની' પુણ્યશ્લોક નદી નર્મદાની પરિક્રમા કરવાની વર્ષોથી ચાલી આવતી પરંપરાની એક મહત્ત્વપૂર્ણ અને વિશિષ્ટ કડી છે. કારણ કે આ પરિક્રમા એક કલાકાર દ્વારા કરવામાં આવી છે. વળી, પારંપરિક રીતે નર્મદા પરિક્રમાના ચુસ્ત નિયમાનુસારની નહિ પરંતુ કલાકારના નિજાનંદથી સર્જક અમૃતલાલ વેગડે ઈ.સ. ૧૯૭૭થી ૧૯૮૭નાં અગિયાર વર્ષો દરમિયાન દસ યાત્રાઓ કરીને તેનું શબ્દરૂપ આ પુસ્તકમાં આલેખ્યું છે. નર્મદાની પદયાત્રા તો એ પછીનાં વર્ષોમાં પણ, કહો કે જીવનપર્યંત

અમૃતલાલ વેગડ કરતાં રહ્યાં અને નર્મદાનાં સૌંદર્ય અને સંસ્કૃતિના ચાહક-પ્રચારક-પ્રસારક તરીકે પ્રસિદ્ધ થયા છે. નર્મદા પરિક્રમાના અનુભવને શબ્દસ્થ કરવાનું ઈજન 'અખંડ આનંદ' સામયિકે આપ્યું. ઈ.સ. ૧૯૮૨ થી ૧૯૮૮ના સમયગાળામાં પ્રગટ તેમની આ લેખમાળાએ વાચકો માટે એક નવો જ સૌંદર્યલોક ઉઘાડી આપ્યો. 'જન્મભૂમિ-પ્રવાસી'ના નિમંત્રણથી વળી એ લેખો સંમાર્જિત થઈને ૨૨ મણકાના રૂપમાં પ્રગટ થયા ને ગુજરાતી સાહિત્યમાં પ્રવાસ-ગદ્યનો નવો અધ્યાય પુરવાર થયો. ઈ.સ. ૧૯૯૪માં 'પરિક્રમા નર્મદા મૈયાની' શીર્ષકથી પુસ્તક પ્રગટ થયું એ પૂર્વે તો અમૃતલાલ વેગડ વિશિષ્ટ અને સામાન્ય વાચકવર્ગમાં ખૂબ જ જાણીતા બની ગયા હતા. ચિત્રકાર તરીકે તો તેમની ખ્યાતિ સમગ્ર દેશમાં હતી જ.

મધ્યપ્રદેશના અમરકંટક પાસેથી નીકળીને મહારાષ્ટ્રની સરહદમાં થોડા માઈલ વહીને ગુજરાતમાં ભરૂચ પાસે સાગરનો સંગમ પામતી નર્મદાની ૧૩૧૨ કિ.મી.ની એકતટીય પદયાત્રાનું સૌંદર્યમૂલક વર્ણન 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તકમાં છે. અમૃતલાલ વેગડે નર્મદાની આ પરિક્રમા ભલે ખંડમાં કરી હોય, પરંતુ નર્મદાયાત્રાનું વર્ણન તો અખંડ આનંદની અનુભૂતિ કરાવે છે. નર્મદા ભ્રમણનો પહેલો તબક્કો જબલપુરથી છેવલિયા, છેવલિયાથી મંડલા, મંડલાથી છિનગાંવ અને છિનગાંવથી અમરકંટક સુધીનો 'ઉત્તરતટ' શીર્ષકથી વર્ણવાયો છે પછી બીજા તબક્કોની 'દક્ષિણ તટ'ની યાત્રા અમરકંટકથી શરૂ થઈને વિમલેશ્વર-મીઠીતલાઈ : સમુદ્રયાત્રા સુધી વિસ્તરે છે. ત્રીજ અને અંતિમ તબક્કા તરીકે પુનઃ મીઠીતલાઈથી કોલીયાદ અને ભરૂચ સુધી 'ઉત્તરતટ'ની યાત્રા સાથે અગિયાર વર્ષમાં નાનીમોટી દસ પદયાત્રાઓ સાથે નર્મદાની એકમાર્ગી પરિક્રમા અમૃતલાલ વેગડ પૂરી કરે છે જેનું આલેખન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. આ સમગ્ર ભ્રમણવૃત્તમાં નર્મદા અને તેનું સૌંદર્ય સાતત્યપૂર્ણ રીતે ભાવક-વાચકની સાથે રહે છે - વહે છે.

નર્મદા પરિક્રમાનું વર્ણન કરતા આ પુસ્તકમાં અમૃતલાલ વેગડે નર્મદા અને તેના કાંઠાની આસપાસનું નિતાંત સૌંદર્ય આલેખ્યું છે. પીંછી, કૅનવાસ અને રંગોનાં વિવિધ પરિણામોને ચિત્રકલામાં આલેખતા આ સર્જક નર્મદાના રમ્ય-રૂપને શબ્દકલામાં પણ પ્રભાવશાળી ચિત્રાવલિ તરીકે ઉપસાવી શક્યા છે. નર્મદાના આકર્ષણને ઓળખાવતા આ સર્જક આરંભે જ લખે છે,

'નર્મદા સૌંદર્યની નદી છે. એ વનો, પહાડો અને ખીણોમાં થઈને વહે છે. એ ચાલે છે રસળતી, રખડતી, હસતી, રમતી, વનોમાં લપાતી, પથ્થરોને કંડારતી, પગલે પગલે સૌંદર્યની સૃષ્ટિ કરતી, ડગલે ડગલે શોભા વેરતી !

'નર્મદા મને બચપણથી જ ખેંચતી રહી છે. એનાં વિવિધ રૂપ જોવા હું સુદૂર ગામડાંઓમાં ગયો છું. એની શોભાને મુગ્ધ થઈને નિહાળતો રહ્યો છું.' (પૃ. ૧૫, 'પરિક્રમા નર્મદા મૈયાની', આવૃત્તિ-૨૦૧૭)

નર્મદાનો સૌંદર્યલોક સર્જકના આ પ્રમાણિક આત્મકથનમાં જ ઊઘડી આવે છે. તેરસો કિલોમીટરનો નર્મદાનો પ્રવાહ તેના કિનારાના ડુંગરાઓ, મેદાનપ્રદેશો અને

અરણ્યને કારણે અદ્ભુત પ્રાકૃતિક સૌંદર્ય રચે છે. નર્મદાની પરિક્રમા કરનારો યાત્રિક પણ આ સૌંદર્યસૃષ્ટિની અનુભૂતિ કર્યા વિના રહેતો નથી. સર્જક અમૃતલાલ વેગડે આ પદયાત્રા દરમિયાન નર્મદાના સૌંદર્યલોકને મનભરીને માણ્યો અને જાણતલની હેસિયતથી અખૂટ રસ વહાવ્યો છે. પ્રમાણમાં કઠણ એવી આ પદયાત્રાનો સૌંદર્યબોધ કરવો જરાય કઠણ નથી. સીધીસાદી ગુજરાતી ભાષામાં, જેમાં હિન્દીની પરિચિત અસર દેખાતી હોય તેવા વર્ણનમાં આલોકિત નર્મદાનું સૌંદર્ય સાચા અર્થમાં ગુજરાતી ગદ્યનો વૈભવ સિદ્ધ થયું છે. નર્મદાની ઓળખ આપતા એક જગ્યાએ લેખક કહે છે, 'પાણી, ચટ્ટાન, પ્રપાત, શોર અને વળાંક – આ પાંચ તત્ત્વ છે, જેનાથી નર્મદાનો પિંડ રચાયો છે.' આ વાતમાં જ નર્મદાનું સૌંદર્ય વ્યક્ત થઈ આવે છે. થોડાં ઉદાહરણોથી નર્મદાના સૌંદર્યલોકને પ્રત્યક્ષ પ્રમાણીએ :

૧. 'હવે અમે સહસ્રધારાની બિલકુલ સામે ઊભા છીએ. પ્રપાતોના ગુચ્છાના ગુચ્છા. દૂધ જેવું સફેદ પાણી પારિજાતનાં ફૂલોની યાદ અપાવતું હતું. નદીની ડાળ પર લાગેલા આ પ્રપાત નદીનાં પુષ્પો જ તો છે. પ્રપાતથી નીકળતો ધ્વનિ જાણે ફૂલો પર ભમતા ભમરાનું ગુંજન હોય. સહસ્રધારા શું છે, પુષ્પવાટિકા છે. નદીનાં સફેદ ફૂલોનો નાનોશો બગીચો. અમે ભાન ભૂલીને જોતા જ રહ્યા. આંખો ધરાતી નથી, કાન થાકતા નથી, મન ભરાતું નથી.

નર્મદા અહીં શિલ્પી બની છે. સહસ્રધારાની કાજળકાળી શિલાઓમાં તરેહતરેહની આકૃતિઓ કંડારી છે. અમૂર્ત શિલ્પોની વિશાળ કલાવીથી છે અહીં. આ કળા કરોડો વર્ષ જૂની છે, પણ એને 'ગૅલેરી ઑફ મૉડર્ન આર્ટ'નું નામ મજેથી આપી શકાય.' (પૃ. ૨૩, 'પરિક્રમા નર્મદા મૈયાની', આવૃત્તિ - ૨૦૧૭)

૨. 'આ જ ધુઆંધારથી નર્મદા સંગેરમરની કુંજગલીમાં પ્રવેશ કરે છે. અહીંથી પાણી અને સંગેમરમરની અનન્ય જુગલબંધી શરૂ થાય છે. સંગેમરમરના ખડકોને ચીરીને નર્મદા ઊંડી સાંકડી ખીણમાં થઈને વહે છે અને એક અદ્ભુત સૌંદર્યપર્વની સૃષ્ટિ કરે છે. પ્રકૃતિએ અહીં નર્મદાને જાણે સંગેમરમરની સ્ફટિક શ્વેત ફ્રેમમાં મઢી દીધી છે. ગુલછડી જેવી નર્મદા એક ઠેકાણે એટલી સાંકડી થઈ છે કે આ સ્થળને બંદરકૂદની કહે છે.' (પૃ. ૫૪, 'પરિક્રમા નર્મદા મૈયાની', આવૃત્તિ-૨૦૧૭)

૩. 'અને નર્મદા – કેવી લચીલી છે આ નદી ! કેવો રમણીય વળાંક લીધો છે એણે અહીં ! ચારે બાજુ ચટ્ટાનોની થપ્પીની થપ્પી ખડકી છે. એક જગ્યાએ ચટ્ટાનો તોરણની જેમ લહેરાતી ચાલી ગઈ છે.' (પૃ. ૮૭, 'પરિક્રમા નર્મદા મૈયાની', આવૃત્તિ-૨૦૧૭)

૪. 'ડુંગર પછી ડુંગર. વળાંક પછી વળાંક અને ઠાંસોઠાંસ ડુંગરાઓમાંથી માર્ગ કાઢતી વાંકીચૂંકી તન્વંગી નર્મદા. આ છે શૂલપાણની ઝાડી. પ્રકૃતિ જાણે અહીં નર્મદાના ધાગામાં ડુંગરાઓનો ગજરો ગૂંથતી ચાલી ગઈ છે.' (પૃ. ૧૦૪, 'પરિક્રમા નર્મદા મૈયાની', આવૃત્તિ-૨૦૧૭)

૫. 'અહીં મીઠીતલાઈમાં કેટલી શાંતિ છે ! ભૂમિ, સાગર ને આકાશ આવરતી અદ્ભુત શાંતિ. સાગર જેવી નર્મદા સાવ જ પાસે છે. નીરવ નર્મદા જાણે ફૂલશય્યામાં

પોઢી છે. એનો રેતાળ કાંઠો અત્યંત સ્વચ્છ છે. સૌથી વધે તો નર્મદાના છેડા પર હોવાની અનુભૂતિ ઉત્તેજનાભરી છે.' (પૃ. ૧૪૯, 'પરિક્રમા નર્મદા મૈયાની', આવૃત્તિ-૨૦૧૭)

નર્મદાનો આવો સૌંદર્યવૈભવ અહીં આદિથી અંત સુધી પથરાયેલો છે. અમરકંટકથી વિમલેશ્વર સુધીની નર્મદાનું રૂપવર્ણન પરિક્રમા નિમિત્તે રચીને અમૃતલાલ વેગડે ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા કરી છે. 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તકમાં પહાડો, જંગલો, ખીણો, કોતરો, તીર્થસ્થાનો, ખેતરો, ઘાટો, બેટ-ભાઠાઓ, ચટ્ટાનો, સીમ-શેઢાઓ, જનપદો, પનઘટો આદિનું કંઈકેટલુંય પ્રાકૃતિક સૌંદર્ય વેરાયેલું નજરે પડે છે. નર્મદાનો રમ્યલોક આ પુસ્તકમાં ઉદ્ઘાટિત બન્યો છે, જે વાચકના મનમાં મા નર્મદા પ્રત્યેની અસીમ શ્રદ્ધામાં વધારો કરે છે.

સૌંદર્યબોધની સમાંતરે સંસ્કૃતિબોધનો વિરલ સંયોગ અમૃતલાલ વેગડે 'પરિક્રમા નર્મદા મૈયાની'માં રચ્યો છે. તેમની સૌંદર્યદૃષ્ટિ નર્મદાની સૌંદર્યસૃષ્ટિનો આહ્‌લાદ પ્રગટાવી શકી છે તેવી રીતે જ તેમની અધ્યાત્મવૃત્તિ નર્મદા પરિક્રમાની વિશિષ્ટ સંસ્કૃતિનો બોધ પણ સહજ રીતે કરાવે છે. નદીકાંઠે સંસ્કૃતિઓનો ઉદય અને વિકાસ થયો એ વાતની પ્રતીતિ નર્મદા પરિક્રમા કરનારને કે 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક વાંચનારને થયાં વિના ન રહે. નદીની પરિક્રમા કરનારી પ્રજાનો નર્મદા સાથેનો અનુબંધ કેવો ભાવાત્મક અને સાંસ્કૃતિક છે તેની ઓળખ આ પુસ્તક દ્વારા મળે છે. પરિક્રમાવાસીઓને આશરો આપવો, સીધુ આપવું, સેવા કરવી એ તો જાણે સમજાય પણ પરિક્રમા દરમિયાન નદી ન ઓળંગવી, બ્રહ્મચર્ય પાળવું, નર્મદા નદીનું જ પાણી પીવું, ક્રોધ ન કરવો, સત્સંગ કરવો વગેરે નિયમો આ પ્રાચીન નદીને કિનારે ભ્રમણ કરનારી પ્રજાનાં વિશિષ્ટ સંસ્કારો અને સંસ્કૃતિનો બોધ કરાવે છે. શૂલપાણેશ્વરની ઝાડીમાંથી પસાર થનાર પ્રત્યેક પરિક્રમાવાસીને લૂંટી લેતા ભીલોની સંસ્કૃતિનો પણ અહીં કશાય ઉપાલંભ વિના સ્વીકાર કરાયો છે. અમૃતલાલ વેગડ આ પરિક્રમા દરમિયાન જે જીવનબોધ અને સંસ્કૃતિબોધ પામ્યા તેનું ખૂબ જ સરળ ભાષામાં તેમણે સંક્રમણ કર્યું છે. નર્મદાની વિશિષ્ટ સંસ્કૃતિનાં પરિચાયક થોડાં દૃષ્ટાંતોથી આ વાતને સમજીએ.

મંડલાથી છિનગાંવ જતાં રસ્તામાં એક ખેડૂતના ખેતરમાં જવા કરે છે ત્યારે ખેડૂત સ્ત્રી જોરથી હાક મારી 'જોડા ઉતારીને ચાલો, મહારાજા !' કહે છે. લેખક અને તેનાં સાથીઓ તેમ કરે પણ છે. પછી તે અંગે પૂછતાં પેલી અભણ ગ્રામીણ સ્ત્રી જવાબ આપે છે, 'ત્યાં અમારું ખળું છે. ખળું ને ખેતર લક્ષ્મી કહેવાય. ત્યાં જોડા પહેરીને ન જવાય.' આ ઉત્તર એક સામાન્ય સ્ત્રીની સમજણ અને સંસ્કારિતાના દર્શન કરાવે છે. અન્ય એક સ્થઆને એક સંન્યાસી પોતાની પરિક્રમાના અનુભવને વર્ણવતાં કહે છે, 'પરિક્રમામાં ત્રણ વરસ, ત્રણ મહિના ને તેર દિવસ લાગ્યા હતા. ત્યારે હું અનાજ નહોતો લેતો. કંદમૂળ, ફળફૂલ અથવા દૂધદહીં જ લેતો. આ પણ માગતો નહીં. વગર માગ્યે મળતું તો જ લેતો.' લેખક પૂછે છે, 'કાંઈ ન મળ્યું તો ?' જવાબમાં સંન્યાસી કહે છે, 'તો માનું દૂધ !' એટલે કે નર્મદાનું પાણી. ધર્મશ્રદ્ધા સાથે પરિક્રમા કરનાર સંન્યાસીઓની આવી આસ્થા એક વિશિષ્ટ સંસ્કૃતિનાં દર્શન કરાવે છે. દિવાઈની રાત્રે નર્મદાકુંડમાં દીપદાન

કરી માના આશિષ મેળવતી સ્ત્રીઓની આસ્થા સાથે પોતાનો એક દીપ પ્રગટાવી અમૃતલાલ વેગડ પણ શ્રદ્ધાવાન બને છે. કિંરગી ગામમાં આંબાનાં વૃક્ષ અને ચમેલીની વેલીનાં લગ્નનો પ્રસંગ નદીકાંઠે વસનારી પ્રજાની પ્રકૃતિદત્ત સંસ્કારિતાને પ્રગટાવે છે. કરમબેટ્ટાની ટેકરી પાસેપાર વિનાના ત્રિશૂળોની ઉપસ્થિતિ તે પ્રદેશ કોઈ વેળાએ તાંત્રિકોનું સ્થાનક હોવાની વિગત પણ એક જુદી સંસ્કૃતિનું દર્શન કરાવે છે. ભારતની ભાવાત્મક એકતા માટે પરિભ્રમણ કરી સનાતન હિન્દુ ધર્મની પુનઃસ્થાપના કરનાર આદિ શંકરાચાર્યને ગુરુ ગોવિંદપાદની શિક્ષા-દીક્ષા જ્યાં પ્રાપ્ત થઈ તે ઓમકારેશ્વર સ્થાન નર્મદા પરિક્રમાનું મુકુટકણિ સંસ્કૃતિસ્થાન છે. મર્દાના ગામમાં સદાવ્રત ચલાવનાર વૃદ્ધને અમૃતલાલ પૂછે છે, 'આ સદાવ્રત ક્યારથી ચાલે છે..?' જવાબમાં તે વૃદ્ધ કહે છે, 'પંચોતેર વર્ષથી.' પછી ઉમેરે છે, 'પંચોતેર વર્ષ પહેલાં મારો જન્મ થયો હતો. એની ખુશીમાં મારા પિતાએ આ શરૂ કરેલું તે આજ સુધી ચાલ્યું આવે છે. મેં મારી બધી જમીન ચારે દીકરાઓને વહેંચી દીધી છે પણ બે એકર જમીન સદાવ્રત માટે જુદી રાખી છે. હું નહીં રહું પણ સદાવ્રત રહેશે.' અમૃતલાલ વેગડની સર્જકદૃષ્ટિ નર્મદા પરિક્રમા દરમિયાન નર્મદાનાં સૌંદર્યને માણી-જાણી શકે છે તેમ નર્મદાકાંઠે જે જીવનસંસ્કૃતિનો ઉલ્લાસ અને ઉમંગ છે તેને પણ જાણી-પ્રમાણી શકે છે. આ પુસ્તક એ અર્થમાં સૌંદર્ય અને સંસ્કૃતિબોધના વિરલ સંયોગનું ઉત્તમ ઉદાહરણ બની રહે છે.

'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તકની ભાષાશૈલી કે ગદ્ય વિશે અલગથી વિચારવિમર્શ થઈ શકે તેવી તેની સમૃદ્ધિ અને સત્ત્વશીલતા છે. મુખ્યત્વે માધુર્ય અને પ્રસાદ ગુણથી શોભતી આ ગ્રંથની ભાષા ગુજરાતી ગદ્યની શોભા સમાન છે. સરળતા અને સહજતા એનું પ્રમુખ લક્ષણ છે તો રસવાહી પ્રવાહીપણું તેનો આગવો વિશેષ બન્યો છે. યાત્રા દરમિયાન અમૃતલાલ વેગડના સાથીઓનું વ્યક્તિત્વ પણ આ પ્રવાસવર્ણનને રસપ્રદ બનાવે છે. અજાણ્યા ગ્રામીણો, સાધુ-સંતો, ગૃહસ્થો વગેરેનાં શબ્દચિત્રો આ ગ્રંથને આસ્વાદ્ય બનાવે છે. પરિક્રમા નિમિત્તે નર્મદાસૌંદર્યનું પ્રાકૃતિક અને સાંસ્કૃતિક મૂલ્ય પ્રસ્થાપિત કરી આપનાર અમૃતલાલ વેગડ ગુજરાતી પ્રવાસલેખનમાં મા નર્મદા જેટલું જ પુણ્યશાળી અને ચિરંજીવ નામ બની રહેશે એવી અતૂટ શ્રદ્ધા છે.

## અનુભવોનું ઐશ્વર્યવાન પ્રવાસરૂપ | જનક રાવલ

[**સાત સમંદર પાર** (પ્રવાસગ્રંથ) : ડંકેશ ઓઝા, આર. આર. શેઠ, ખાનપુર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૮, પૃ. ૧૪૩, કિં. રૂ. ૧૫૦]

ડંકેશ ઓઝા આપણી ભાષાના પ્રતિષ્ઠિત સર્જક છે અનુભૂતિનાં રૂપવલયોથી સદા રસભર સફર કરાવનારા પ્રવાસકાર છે. પ્રવાસ ઉપરાંત સંસ્મરણ, વિવેચન, અનુવાદ, ચરિત્ર, સંપાદન આદિમાં તેમની સર્જકશક્તિ અનોખી રહેલી છે. 'સાત સમંદર પાર' તેમનું બીજું પ્રવાસપુસ્તક છે. પૂર્વોત્તરનો પ્રવાસ ખેડ્યા પછી અહીં ચાર વિદેશપ્રવાસની

અનુભવમૂડી સુચારુ ભાવથી વ્યક્ત કરેલી છે. પ્ર-વાસ દેશ કે વિદેશનો હોય પણ તેને ખેડણહાર સ્થળવિશ્વના કેવા-કેવા ભાવસ્ફુલ્લિંગો અર્પણ કરે છે અને એ કાળનાં પરિણામો કેવાં આવર્તનોથી પ્રમાણે છે તે વિશેષ મહત્ત્વનું રહેલું છે. આ ગ્રંથમાં એવા જ અનુભવોનો આલોક પ્રવાસીએ ખડો કર્યો છે.

લેખક પ્રારંભે કરે છે તેમ : 'શરીર ચાલે ત્યાં સુધી ફરતા રહેવું એવો ઉપક્રમ રાખ્યો છે.' ફરંદા વર્ગમાં પોતાની જાતને મૂકી અહીં તેમણે દેખંદા-પરખંદા આલોક રચી આપ્યો છે. અહીં શ્રીલંકા વિશે ૧૬ ઇન્ડોનેશિયા અને બાલી સંદર્ભે ૭ અમેરિકા અને યુરોપ-દર્શન અંગે ૨-૨ ઉપરાંત લક્ષદ્વીપ વિશે એક પ્રવાસલેખ રહેલો છે. કુલ ૨૮ પ્રવાસલેખોમાં લેખકે વિદેશ સંસ્કૃતિ-સ્થળઅનુભૂતિને વ્યક્ત કરી છે. સૌથી વિશેષ લેખો શ્રીલંકા અંગે રહેલા છે. આપણા દેશની નજીક અને પૌરાણિક કથાઘટક રામાયણ સાથે અનુબંધ ધરાવનારા દેશનાં દુર્લભ સ્થળો-પર્વતો-ગુફાઓ-સ્તંભો-સ્તૂપો-મૂર્તિઓ આદિની સાથે પ્રજાજીવનના રખોપા અંગે નિરીક્ષણશૃંખલા વ્યક્ત કરી છે. પ્રવાસપૂર્વેની પૂર્વતૈયારીના અનુભવોની નોંધ વાચકને વિશેષ સ્પર્શે છે. પ્રથમ લેખમાં લંકાનું પુરાણકાલીન મહત્ત્વ આપી, વિમાની મથકની આંટી-ઘૂંટીવાળી પ્રક્રિયાનું દર્શન સરસ રહેલું છે. વૈષ્ણવજનની છબી ભાવકને એ પરિસરમાં ખેંચી જવા તૈયાર કરે છે. 'પાટનગર-કોલંબો'માં સરોવર-નૌકાવિહારનું તાદૃશ્ય વર્ણન આપી, જૈન મંદિર સાથે બૌદ્ધ ધર્મના ઉદારીમતનું સ્પષ્ટ દર્શન સારી અનુભૂતિથી વ્યક્ત થયું છે. દરિયાકિનારાથી સદા ભેટતો દેશ તેની જળરાશીના ભાવ-વિભાવો, ચાલતાં-ચાલતાં નજરે પડતા પ્રજામાનસના ક્રિયાકલાપો, રસ્તાઓ-પાર્લામેન્ટ-સાધનો-સગવડતાઓ-ઐતિહાસિક તથ્યોની જાણકારી સાથે સલામતીની વ્યવસ્થા લેખકની નજરતળેથી સૂક્ષ્મભાવોથી અભિવ્યક્ત થયેલું છે.

'માઉન્ટ લેવિનીયાનું અદ્‌ભુત લાવણ્ય'માં સૌંદર્યમંડિત કલ્પનદૃશ્યો અદ્‌ભુત અનુભૂતિથી ચિત્રિત કર્યાં છે. તદ્રૂપતા થવાની ઝંખના અહીં વ્યક્ત થઈ છે. જુઓ : 'કિનારો આખો ખડકોથી ખચીત નથી તેથી મજાનો છે. બહુ ખડક હોય તો મજા મારી નાખે, પછી ચાલવાની મજા ન રહે. પરંતુ ક્યાંક એકલદોકલ ખડક હોય તો દરિયાનાં ફેનિલ મોજાં તેની સાથે અફળાતાં હોય તેનું સૌંદર્ય તમે માણી શકો. પેલી દેરીની પછીતે તમે બેસીને દરિયા સાથે તદાકાર થઈ શકો.' (પૃ. ૨૩). બાર દિવસના રોકાણમાં લેવિનીયાનું રમણીય આકંઠ પાન વારંવાર હેતપ્રીત પ્રગટ કરે છે. 'બિનાકા ગીતમાલા અને રેડિયો સિલોન' ૧૯૨૫માં શરૂ થયેલું રેડિયોસ્ટેશન અને પ્રોગ્રામસંયોજક અમીન સયાનીના અવાજની શ્રવણમંજુલતા સંદર્ભોથી વ્યક્ત થયેલી છે. સિલોન સાથે સ્મૃતિપટ પર છાપ પાડતું - વિશ્વના પ્રથમ મહિલા વડાંપ્રધાન સિરિમાવો બંડારનાયકની જીવનયાત્રાનો આછેરો છતાં ઝાઝેરો ઉમદા પરિચય આપે છે. તેમાં આપણાં ઇન્દિરા ગાંધી સાથી તુલના કરી બાહોશ રાજસત્તા-કેન્દ્રસ્થ ધ્રુવો વ્યક્ત કર્યા છે.

'શ્રીલંકા'માં નાળિયેર આકારના ટાપુમય દેશની ભૌગોલિક-ઐતિહાસિક-સાંસ્કૃતિક વિરાસતનું સરસ ચિત્રણ કર્યું છે. અહીં બૌદ્ધ ધર્મનો વધુ પ્રચાર-પ્રસાર હોવા છતાં અન્ય ધર્મનાં પચિહ્નો અંગે સંકેતો મૂકી આ સંસ્કૃતિની રાજકીય યાત્રા – સાંપ્રત સમય સાથે

સાંકળી લીધી છે. સિંહાલી ભાષા અને પાર્લામેન્ટની કાર્યવાહી અંગે લેખકનાં નિરીક્ષણો સચોટ-તલસ્પર્શી છે. શ્રીલંકન સંસ્કૃતિના પ્રજામાનસમાં સુવિચારોના અભિગમની સ્વચ્છતા, રોડ-રસ્તા, આરોગ્ય, સરકાર-સમાજ, શિક્ષણ, ધર્મ આદિ વિષયોમાં પ્રવાસકારનું દર્શન ગુણગ્રહી રીતે પ્રગટ્યું છે. ભારતીય સંસ્કૃતિ સાથે લેખા-જોખા કરી મનુષ્ય-ગરિમાનાં આગવાં દર્શન કરાવ્યાં છે. સંગ્રહમાં સૌથી નાનો છતાં ઉત્તમ પ્રવાસલેખ 'બૌદ્ધ ધર્મ' વિશે છે. બૌદ્ધ ધર્મની મધ્યમાર્ગી વિચારધારાનું ચિંતન — અધ્યાત્મદૃષ્ટિએ ભાવકને સ્પર્શે છે.

'અનુરાધાપુરા'માં સ્થાપત્યકળાનો અભિગમ વ્યક્ત થયો છે. ગુજરાતનાં પાટણ-સિદ્ધપુર સાથે ભોપાલનાં સાંચી કે સારનાથના અશોકસ્તંભ-સ્તૂપોનું સ્મરણ કરી ચાર સરોવરની વચ્ચે મહાવિહાર્ય, ઝેતાવના, અભયગિરિ ત્રણ મહાકાય બૌદ્ધ ધર્મના અમૂલ્ય વારસાનું દર્શન લેખકની આંતરછબી પ્રગટાવે છે. બૌદ્ધ ધર્મના નાભિનાળસંબંધની કડી આ લેખમાં સુપેરે વ્યક્ત કરી છે. 'પ્રાચીન બંદર : ત્રિંકોમાલી'માં સ્થળનો ઇતિહાસ સંક્ષિપ્તમાં આપી, દક્ષિણના કૈલાસ ગણાતા સ્થળનો ભાવમય પરિચય વ્યક્ત કરે છે. 'બ્લૂ મૂન'માં દરિયાના લાંબા પટની ભીની રેતની લટાર સુખદ સ્મૃતિ રૂપે વર્ણવી છે. અનુભૂતિના આગવા ભાવ-વિભાવો સરસ અહીં પ્રગટ્યા છે. તો 'કોણેશ્વર'માં લેખકની હૃદયયાત્રા સંતોષભરી રસમોથી વ્યક્ત થઈ છે. અહીં દરિયો લગભગ બધા લેખોમાં વિષય બનીને રહેલો છે. ક્યાંક આંગળી પકડી ભાવકને કિનારે પ્રક્ષાલન કરાવે છે તો ક્યાંક કાંઠે ઊભા રહી દૂર-દૂરનાં જળરાશિ વમળોની અને તેમાંથી ઊભાં થતાં ભાવતરંગોની કથા વ્યક્ત થઈ છે. જુઓ : 'કુદરતને નીરખીએ. અખિલ બ્રહ્માંડમાં શ્રીહરિ હશે કે નહિ હોય. પણ નિસર્ગ અને તેની લીલા તો સર્વત્ર ચારેકોર પથરાયેલી જ હોય છે.' (પૃ. ૫૦)

'સિગિરિય'માં સિંહખડક પુરાતત્ત્વવિષયક સંસ્કૃતિ-સંપત્તિનો નિર્દેશ લેખકે ચિંતનાત્મક ભાવથી વ્યક્ત કર્યો છે. વિજ્ઞાનની ચિંતા કરનારા લેખક અહીં મિશ્રભાવોથી વ્યક્ત થયા છે. અહીં સ્થળ-ઇતિહાસ સાથે લેખકની દાર્શનિક છબી સારી જોવા મળે છે. તો નાનું ઇંગ્લૅન્ડ ગણાતું 'નુવારા ઇલ્યા હિલ સ્ટેશન'માં અમીર અને તળિયાના માણસ વિશે ચિંતન કરી, ભારતના ગુણ-દોષોનું બયાન વ્યક્ત કર્યું છે. લંકા સાથે જોડાયેલી રામાયણકથાનાં પુરાણ-સ્થળો અંગે લેખકને બહુ સફળતા મળી નથી. માત્ર 'રાવણધોધ' પ્રતીકાત્મ લેખ આપી સંતોષ માન્યો છે. ભાવકને રામાયણકાળની રાવણ-સીતા-અશોકવાટિકા પાત્ર-સ્થળની ઝંખના સંતોષાતી નથી. નાનકડા દેશની મોટી વિરાસતની જાળવણી કે સંશોધનદૃષ્ટિના પુરાવાના કોઈ સગડ અહીં મળતા નથી. લેખકની જેમ ભાવકને કણાની જેમ ખટકે તો છે જ… 'સ્વચ્છતા'માં ભારત-શ્રીલંકા બંને દેશોની મનોવૃત્તિનાં નિરીક્ષણો સત્યદર્શનની ઝાંખી કરાવે છે.

'ઇન્ડોનેશિયા' દેશ સંદર્ભે છ પ્રવાસલેખોમાં પ્રથમ લેખ આયોજન સંદર્ભે છે. અહીં ભાષાની મુશ્કેલી અને ટૂરિસ્ટોને પડતી અગવડતા વાસ્તવથી મૂકેલી છે. લેખકે અહીં કટાક્ષ વ્યક્ત કરેલો છે : 'જે સમાજ પીવાનું પાણી મફત ન પૂરું પાડે, ઝાડા-

પેશાબની સુવિધા મફત ન પૂરી પાડે, તેને વિકસિત અને સમૃદ્ધ સમાજ કહેવાય કે કેમ તે સવાલ છે.' (પૃ. ૮૬). ઇન્ડોનેશિયા દેશના સુષુપ્ત જ્વાળામુખીપર્વતો – લાવારસના કારણે કાળી જમીનની ફળદ્રુપતા-ઇમારતી લાકડું-ખનીજોની સંપત્તિ વિશે ટાંચણો-નિરીક્ષણો સારાં વ્યક્ત થયાં છે. 'જાકાર્તા'માં રાજધાની શહેરની ભૂગોળ-રસ્તાઓ-ઇમારતો-મ્યુઝિયમના અનુભવો પ્રવાસધર્મી ભાવથી મુકાયેલા છે. 'બાલી' રમણીય ટાપુની સહેલગાહ રસપ્રદ-ભાવપ્રદ વ્યક્ત થઈ છે. હિન્દુ ધર્મથી ખચિત પ્રદેશમાં ચોતરફ જંગલો - દરિયાઈ સમૃદ્ધિના ભાવ-વિભાવો આકર્ષક જોવા મળે છે. ટાપુ વિશેનો સંક્ષિપ્ત ઇતિહાસ લેખકની જાણતલ જ્ઞાનસમૃદ્ધિનો નિર્દેશ કરે છે. બાલી પ્રજાની રીત-રસમો અહીં આસ્વાદ્ય છે. સ્ત્રીઓના કાનમાં ચંપાનું ફૂલ-નૃત્ય-સંગીત પૂરી નિસબતથી વર્ણવાયું છે. બાલી કન્યાઓ 'મસાજ' વ્યવસાયમાં જે રીતે સામેલ થઈ રહી છે તેની જાહેરાતોનું બયાન સુખદ સ્મૃતિથી હાસ્યરસિક વ્યક્ત કર્યું છે. શહેરના રાજમાર્ગો પર હિન્દુ સ્થાપત્યદર્શન – અર્જુનરથનો નિર્દેશ ભાવગમ્ય છે. સનાતન ધર્મની મૂલાધાર સ્થિતિનો નિર્દેશ રામાયણકથામાં સતત ભજવાયા કરે છે તેનું પ્રત્યક્ષ દર્શન મંગલકારી જોઈ શકાય છે. બાલીનો રાજાશાહી ઠઠારો તથા પરંપરા અંગેનો વરતારો સુગ્રથિત રીતે છે. 'વૈશાખી મંદિર' - મધર ટેમ્પલની મુલાકાતમાં અનુભૂતિનાં સ્પંદનો રસર ઝિલાયેલાં છે. બાલીના હિન્દુ ધર્મસ્થાનો-ઉપાસનાપદ્ધતિઓ-રહેઠાણ-ઉત્સવો-નૃત્યોની પરંપાર ભારતીયતાથી કઈ રીતે ભિન્ન છે તેનો સારો ખ્યાલ સ્પષ્ટ વ્યક્ત થયો છે. 'બોરોબુદુર'માં વિશ્વ-વિરાસતસ્થળ તરીકે Son બુદ્ધ પ્રતિમાઓનું દર્શન અધ્યાત્મલક્ષી જોવા મળે છે. 'લક્ષદ્વીપ' ટાપુઓમાં પથરાયેલી માનવવસ્તીની મુલાકાત ઐતિહાસિક તથ્યોથી સભર રીતે વર્ણવાયેલી છે.

'અમેરિકા' અંગેના બે લેખમાં તેની સમૃદ્ધિ-પરંપરાનાં કારણો - તારણોની તપાસ માવજતની રીતે લેખકે મૂકી આપી છે. અહીં 'યુરોપદર્શન'ના બે લેખોમાં સ્વર્ગલીલાનું પારાયણ વ્યક્ત થયું છે. ખાસ કરીને સ્વિટ્ઝરલૅન્ડની પર્વતમાળાનું અલૌકિક વર્ણન પ્રવાસકારની વર્ણનશક્તિનાં દર્શન કરાવે છે. ટૂંકમાં આ પ્રવાસગ્રંથમાં વિદેશી સંસ્કૃતિના આગવા ભાવ-વિભાવો સૌષ્ઠવલક્ષી રીતે વ્યક્ત કર્યા છે. અહીં લેખકનું ભાવ-ભાષાનું સંયોજન વિષયાનુરૂપ – વાસ્તવદર્શી છે. સંગ્રહમાં કેટલાક ગદ્યખંડો ઉત્તમ ચિંતકની ગરિમાનાં દર્શન કરાવે છે. સંગ્રહમાં દરેક દેશનાં નકશા-સ્થળ અંગોનો નિર્દેશ આકર્ષક અને માહિતીપ્રદ જોવા મળે છે. પ્રવાસલેખોમાં લેખના અંતે મુકાયેલી પ્રતિષ્ઠિત સર્જકોની કાવ્યરચનાઓ કે ગદ્યખંડો-ચિંતનલકીરો ગ્રંથગરિમા વધારે છે. ગ્રંથમાં દરેક લેખમાં મુકાયેલા સ્થળસંદર્ભો કે લોકપ્રિય કૃતિઓના ઉલ્લેખો ભાવકને રસલક્ષી વિભાવ અર્પે છે. ક્યાંક-ક્યાંક લેખોમાં માહિતીનો અતિરેક અથવા પ્રવાસ અંગેનાં ટાંચણોની નોંધ રસભંગ કરાવે છે જરૂર. છતાં તે તો લેખકની મનોભાવનાનું પરિણામ ગણાવી શકાય. સમગ્રદર્શી રીતે આ પ્રવાસગ્રંથ ડંકેશ ઓઝાના અનુભવોનું ઐશ્વર્યવાન રૂપવૈવિધ્ય અર્પણ કરે છે. તે પ્રવાસસાહિત્યમાં વિશેષ રૂપે સર્જકને સ્થાપે છે.

❑

# પરિષદ પરિવારની શોકાંજલિ



પરિષદ પરિવારના વિશાળ ચણતરમાં જેને ‘કોર્નર સ્ટૉન’ કહી શકાય એવા દંપતીમાંથી એકે, પારુલબહેન ચૌધરીએ વિદાય લીધી. પરિષદની સર્વ પ્રવૃત્તિઓને પોતાની અચૂક ઉપસ્થિતિથી એક સાતત્ય જાણે પૂરું પાડનારાં એ સુહૃદય સન્નારીની ખોટ હવે વરતાશે. સમર્થ સાહિત્યકાર અને દૃઢમન વ્યક્તિ, છતાં રઘુવીરભાઈને એ ખોટ આંતરબાહ્ય કેવી ભારે વરતાશે, એ તો એમના અંતરંગને દશકોથી કંઈકે ઓળખનાર સહુ સમજી શકે. દંપતી પરસ્પરના અંતરનું સ્મિત હતું અને એકબીજાના ચહેરા પરના વિનોદને પિછાણનારું જ્ઞાન પણ હતું. એ દામ્પત્યમાધુરી હવે અંતઃસ્રોતા બની.

દસકાઓ સુધી, ગૂજરાત વિદ્યાપીઠના એમના ફ્લૅટથી શરૂ કરી, પારુલબહેન-રઘુવીરનું એકે નિવાસસ્થાન એવું નહીં હોય જ્યાં અંજની અને હું મહેમાન, બલ્કે મિત્ર રૂપે રહી ન આવ્યાં હોઈએ. નર્મમર્મ, હેત અને સમજણભરી વાણી રઘુવીરભાઈના લેખનમાં વાંચીએ એ પહેલાં અનેક વાર પારુલબહેનના કંઠે અમે સાંભળી હશે. સહિયારાપણાનાં સ્મરણો અનેક છે - હવે તો એ જ.

પરિષદ પરિવાર પોતાના રઘુવીરભાઈના આ ઊંડા શોકમાં શક્ય એટલો સાથ પુરાવે છે અને પરિષદસ્નેહી પારુલબહેનને વંદન કરે છે.

**સિતાંશુ યશશ્ચન્દ્ર,**

પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ

❑

# સહુના આત્મીય પારુબહેન ચૌધરીની ચિરવિદાય | પ્રફુલ્લ રાવલ

તેર માર્ચે આવેલા હેમરેજના હુમલા પછી સવારે નવ-દસ વાગે ઊઠતો હું ૨૯ મે ની સવારે દસ વાગે ઊઠીને મેઈન રૂમમાં આવ્યો ત્યારે દક્ષાની મોબાઈલ પરની વાત પૂરી થઈ ને એ મારી સામે જોઈને બોલી : 'પ્રફુલ્લ, પારુબેન ગયાં.' એ ત્રણ શબ્દોમાં વિષાદનો એક સૂર હતો. એમને હૉસ્પિટલમાં દાખલ કર્યાં ત્યારથી દક્ષા એમની વાતો કર્યા કરતી હતી. એને આણંદ, મગરવાડા, કે સિકંદરાબાદમાં સંમેલનોની યાદ તાજી થતી હતી અને સાથે પારુબહેનની વાતોનું સ્મરણ થતું હતું. આ ક્ષણે ઉત્તર ગુજરાતની લઢણમાં 'કેમ છો તમે ?' એમ બોલતાં પારુબહેનની છબી મારી સામે તરી રહી છે. જ્યારે પણ પૂછે ત્યારે વ્યવહાર તો ખરો જ પણ વિશેષ તો ભાવ છલકે. જેને સામાજિક નિસબત કહેવાય તે એમનામાં સહજ હતી. એટલે તો એ આત્મીય લાગતાં. હતાં પણ ખરાં. કશોય દેખાડો નહીં. બધુંય સીધું ને સરળ-સાહજિક. છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન પરિષદના કાર્યક્રમોમાં દક્ષા પારુબહેન સાથે જ બેસતી. એટલે બન્ને વચ્ચે સંબંધનો સેતુ રચાયો હતો. એમાં નિર્વ્યાજ સ્નેહનું તત્ત્વ ઉમેરાયું. આથી સંબંધમાં મીઠાશ ભળી. પછી અન્યોન્યની ચિંતા સેવતાં થયાં. ભાવનું બિન્દુ વિસ્તરતું થઈ વર્તુળ બન્યું.

વર્ષોથી રઘુવીરભાઈના સંગાથી બની પારુબહેન પરિષદનાં પ્રત્યેક સંમેલનમાં આવતાં, પહેલી હરોળમાં બેઠાં હોય - લગભગ વક્તવ્યો પૂરાં થાય ત્યાં સુધી એમની હાજરી હોય. ક્યારેક વક્તા વિષેનો એમનો અભિપ્રાય અનેક શ્રોતાઓની હૃદયવાણી જેવો બની રહે. એમની વાતમાં માધુર્યનો ઓપ ન હોય પણ અંતરનો સાચો રણકો અવશ્ય સંભળાય ! આડંબર એમનાથી જોજનો દૂર રહેતો. એ માણસપારખું હતાં. નિખાલસ અભિપ્રાય આપતાં. એમની જીવનસમજ પાકી. વ્યવહારજીવન સમાજધર્મી. સહુની ચિંતા કરે. કોઈને ઉપયોગી થવામાં આનંદ અનુભવે. પૂર્ણેશ્વરમાં સહુને એમનો સધિયારો હતો. કોઈના પણ સારા-માઠા પ્રસંગમાં એમની હાજરી અવશ્ય હોય જ. કેવળ વિવેક નહીં પણ ઊભા રહે. કોઈને એકલવાયાપણું કે નોધારાપણું ન અનુભવવા દે. એવી જ ભાવના રઘુવીરભાઈમાં પણ ભારોભાર. પારુબહેનના જવાથી જે સૂનકાર પૂર્ણેશ્વરવાસીઓ અનુભવશે એથી વિશેષ સૂનકાર તો રઘુવીરભાઈ અનુભવશે. સંતાનો યાદ કરશે. સમાજે ચૂડી-ચાંલ્લા સાથે ચિરવિદાય લેનાર સ્ત્રીને સૌભાગ્યવતી માની છે - લેખી છે. પારુબહેન એ પંક્તિમાં છે. હવે તો એમના આત્માની શાંતિ માટે જગતનિયંતાને પ્રાર્થના જ કરવાની રહી. કોરોનાએ સામાજિક અનુબંધને શિથિલ કરી નાંખ્યો છે. હવે સહુએ એકલતાને આત્મીય માનવી પડશે.

❑

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ સુધીના પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| પ્રમુખપદ માટેની દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ : | ૦૧-૯-૨૦૨૦ | મંગળવાર |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારોની સંમતિ મંગાવવાની તારીખ : | ૦૫-૯-૨૦૨૦ | શનિવાર |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારે સંમતિ આપવાની છેલ્લી તારીખ : | ૧૧-૯-૨૦૨૦ | શુક્રવાર |
| ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ : | ૧૬-૯-૨૦૨૦ | બુધવાર |
| કાર્યાલયમાંથી મતપત્રો રવાના કરવાની તારીખ : | ૧૮-૯-૨૦૨૦ | શુક્રવાર |
| મતપત્રો પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૧૯-૧૦-૨૦૨૦ | સોમવાર |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ : | ૨૪-૧૦-૨૦૨૦ | શનિવાર |

પ્રમુખપદ માટે પરિષદના બંધારણનો વિભાગ-૯ : કલમ-૫૦થી ૫૫ અન્વયે

વિભાગ : ૯ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ના પ્રમુખ તથા વિભાગીય પ્રમુખો

કલમ ૫૦ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ના પ્રમુખપદ માટે પરિષદના દસ આજીવન સભ્યો સંયુક્ત રીતે પોતાની પસંદગીનું એક નામ સૂચવી શકશે.

***નોંધ :*** *** પ્રમુખના નામની દરખાસ્ત પરિષદના દસ આજીવન સભ્યોની સહી કરેલો પત્ર સ્કેન કરી ઈમેઈલ દ્વારા મોકલી શકાશે.**

કલમ ૫૧ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર) ભરવાના ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ ચૂંટણી અધિકારી પરિષદ કાર્યાલય દ્વારા પરિષદના તમામ પ્રકારના સભ્યોને પરિપત્ર મોકલીને અથવા ‘પરબ’માં એ પરિપત્ર છાપીને પ્રમુખનું નામ સૂચવવાનું જણાવશે.

કલમ ૫૨ આ પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓને, પ્રમુખની ચૂંટણી માટેના મતપત્રકમાં તેમનું નામ સામેલ રાખવા બાબતની સંમતિ અંગે ચૂંટણી અધિકારી પુછાવશે અને જેમની સંમતિ આવી હશે તેમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

કલમ ૫૩ સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ની તારીખના ઓછામાં ઓછા બે માસ પહેલાં પ્રમુખની ચૂંટણી થઈ જાય એ રીતે ચૂંટણી સમિતિ આખો કાર્યક્રમ ગોઠવશે.

કલમ ૫૪ કલમ ૫૧, ૫૨, ૫૩ પ્રમાણે પ્રમુખપદ માટે મળેલાં નામોને વર્ણાનુક્રમે ગોઠવીને ચૂંટણી અધિકારી મતપત્રક તૈયાર કરશે અને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા વાર્ષિક સામાન્ય સભ્ય, નોંધાયેલા આજીવન સભ્ય, આજીવન સંસ્થા સભ્ય, દાતા સભ્ય તથા સંવર્ધક સભ્ય (જે ત્રણ વર્ષ પૂર્વે થયેલા હશે)ને ટપાલ/સ્પીડ પોસ્ટથી મતપત્રક મોકલી આપશે.

કલમ ૫૫ પ્રમુખની ચૂંટણીમાં મત આપવા સંબંધમાં કઈ પદ્ધતિને અનુસરવું તેનો નિર્ણય મધ્યસ્થ સમિતિ કરશે.

# જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ : | ૧૭-૮-૨૦૨૦ | સોમવાર |
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ : | ૧૨-૯-૨૦૨૦ | શનિવાર |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ : | ૧૬-૯-૨૦૨૦ | બુધવાર |
| કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ : | ૧૯-૯-૨૦૨૦ | શનિવાર |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૧૯-૧૦-૨૦૨૦ | સોમવાર |
| મતગણતરી અને પરિણામની તારીખ : | ૨૫-૧૦-૨૦૨૦ | રવિવાર |

વિભાગ : ૩ પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ ૫-અ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે :

ક. પરિષદના જે તે સમયના પ્રમુખ

૧. જે-તે સંમેલનના પ્રમુખ ગુજરાતી સાહિત્ય પરિષદના તેમજ તેની કાર્યવાહક-મધ્યસ્થ સમિતિના પણ પ્રમુખ ગણાશે.

૨. કોઈ પણ કાર્યવાહી દરમિયાન નીતિનિયમોના અર્થઘટન અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩. પ્રમુખની મુદ્દત તેઓ પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષની રહેશે.

ખ. પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો. (નોંધ : આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવાયેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ અને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

ગ. સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમજ ચૂંટણીના ત્રણ વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો.

ઘ. ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રવાહકોમાં વધુ ને વધુ સાહિત્યકાર અને સાહિત્યસેવી સામેલ થાય તે દૃષ્ટિએ મધ્યસ્થ સમિતિના ચૂંટાયેલા ૪૦ સભ્યો ઉપરાંત બીજા ૫ સભ્યોની નિયુક્તિ નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ ચૂંટણી થયા બાદ અને નવી મધ્યસ્થ સમિતિ કાર્યરત થાય તે પૂર્વે કરશે. આ માટે મહામંત્રી નિવૃત્ત થતી મધ્યસ્થ સમિતિના સભ્યો પાસે છેલ્લી ચૂંટણીમાં ઊભા રહ્યા ન હોય તેવા અને સર્જન તથા સ્વાધ્યાય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી ધરાવતા હોય તેવા સાહિત્યકારોનાં નામ મંગાવશે. મળેલાં નામોમાંથી કાર્યવાહક સમિતિ પાંચ સભ્યોની વરણી કરશે. આ ૫ સભ્યો મધ્યસ્થ સમિતિના નિમંત્રિત સભ્યો ગણાશે. (નિમંત્રિત સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર રહેશે. મતાધિકાર રહેશે નહીં.)

ચ. દાતાઓના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

છ. સંવર્ધકોના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

જ. સભ્યસંસ્થા વિભાગમાંથી ચૂંટાયેલા પાંચ સભ્યો

નોંધ : ઉપર્યુક્ત સભ્ય સંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના પાંચ સભ્યોની જગ્યાઓ ઉપર એ જ સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સંસ્થાઓએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે ફોટો, ઓળખપત્ર અને સહીનો નમૂનો મોકલ્યાં હશે. સંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.

(નોંધ : આ ત્રણેય (ચ, છ અને જ) વિભાગોમાં ઊભા રહેલા સભ્યોને પણ સમગ્ર મતદારો મત આપશે.)

ઝ. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

ટ. મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઑપ્ટ કરી શકશે.

## જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ : | ૨૭-૧૦-૨૦૨૦ | મંગળવાર |
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ : | ૦૭-૧૧-૨૦૨૦ | શનિવાર |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ : | ૦૯-૧૧-૨૦૨૦ | સોમવાર |
| કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ : | ૧૭-૧૧-૨૦૨૦ | મંગળવાર |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૦૫-૧૨-૨૦૨૦ | શનિવાર |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ : | ૦૭-૧૨-૨૦૨૦ | સોમવાર |

મધ્યસ્થ સમિતિમાં ચૂંટાયેલા સભ્યોમાંથી કાર્યવાહક સમિતિની ચૂંટણીથી થનાર રચના

(૧) ચૂંટાયેલા પ્રમુખ

(૨) બે ઉપપ્રમુખ

(૩) છ મંત્રીઓ આ પ્રમાણે રહેશે :

૧. મહામંત્રી
૨. પ્રકાશનમંત્રી
૩. પ્રસારમંત્રી
૪. વિકાસમંત્રી
૫. ગ્રંથાલયમંત્રી
૬. સ્વાધ્યાયપીઠ મંત્રી

(૪) કોષાધ્યક્ષ

(૫) સાત સામાન્ય સભ્યો

ચૂંટણી અધિકારી

# નવાં આજીવન સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ભાવિન ગોપાણી | અમદાવાદ |
| ૨. | રાજેશ એમ. રબારી | અમદાવાદ |
| ૩. | ધવલકુમાર એન. પટેલ | અમદાવાદ |
| ૪. | મિતેશ પ્રજાપતિ | અમદાવાદ |
| ૫. | ચૈતન્ય કે. બુચ | અમદાવાદ |
| ૬. | મહેશજી બી. ઠાકોર | રાંચરડા |
| ૭. | ફાલ્ગુની ભટ્ટ | અમદાવાદ |
| ૮. | ઉર્વીશ એસ. ચૌહાણ | મહેસાણા |
| ૯. | ધ્રુવિન આર. પટેલ | સચીન |
| ૧૦. | ડૉ. ધવલકુમાર કે. પટેલ | સુરત |
| ૧૧. | મિતેષા એન. પ્રજાપતિ | અમદાવાદ |
| ૧૨. | રાકેશકુમાર દેસાઈ | અડાલજ |
| ૧૩. | ચેતન ચંદુલાલ ફ્રેમવાલા | મુંબઈ |
| ૧૪. | તન્મય તિમિર | અમદાવાદ |
| ૧૫. | સિદ્ધાર્થ એમ. આચાર્ય | અમદાવાદ |
| ૧૬. | યોગેશકુમાર એ. પટેલ | ગોધરા |
| ૧૭. | પ્રાચી હિમાંશુ જાની | અમદાવાદ |
| ૧૮. | દર્શિત ભટ્ટ | અમદાવાદ |
| ૧૯. | નીતા પટેલ | અમદાવાદ |
| ૨૦. | કાજલ ડી. પટેલ | અમદાવાદ |
| ૨૧. | દર્શિત પી. ઠાકોર | અમદાવાદ |
| ૨૨. | ધીરેન્દ્ર પટેલ | અમદાવાદ |
| ૨૩. | વસંતકુમાર નાડિયા | અમદાવાદ |
| ૨૪. | બીના એ. દેસાઈ | મુંબઈ |
| ૨૫. | જસ્મિન શાહ | મુંબઈ |
| ૨૬. | ભાવેશ શાહ | મુંબઈ |
| ૨૭. | રોહિત પી. રાઠોડ | મુંબઈ |
| ૨૮. | દીપક આઈ. શેઠ | મુંબઈ |
| ૨૯. | સ્મિતા વાય. શુક્લ | મુંબઈ |
| ૩૦. | મેહુલકુમાર ચૌહાણ | અમદાવાદ |
| ૩૧. | મહીપતસિંહ બી. ચૌહાણ | અમદાવાદ |
| ૩૨. | રાજેન્દ્રપ્રસાદ ઉપાધ્યાય | અમદાવાદ |
| ૩૩. | સ્નેહા મનીષ વર્મા | અમદાવાદ |
| ૩૪. | શીતલ બી. રાઠોડ | અમદાવાદ |

| | | |
|---|---|---|
| ૩૫. | પ્રદીપ પી. શેઠ | અમદાવાદ |
| ૩૬. | પરેશ બી. સોની | અમદાવાદ |
| ૩૭. | જૈમિની શાસ્ત્રી | ગોધરા |
| ૩૮. | રિન્કુ વી. રાઠોડ | ગોધરા |
| ૩૯. | રાકેશકુમાર બી. હાંસલિયા | રાજકોટ |
| ૪૦. | જ્યોતીન્દ્ર એમ. પંચોલી | સુરેન્દ્રનગર |
| ૪૧. | કિશોરકુમાર કે. જોશી | પાલનપુર |
| ૪૨. | હર્ષદકુમાર આર. પરમાર | ગાંધીનગર |
| ૪૩. | સપનકુમાર કે. પાઠક | બારડોલી |
| ૪૪. | કમલ જે. થોભાણી | અમદાવાદ |
| ૪૫. | રાજેન્દ્રપ્રસાદ એન. ઉપાધ્યાય | અમદાવાદ |
| ૪૬. | સ્નેહા મનીષ વર્મા | અમદાવાદ |
| ૪૭. | શીતલ બી. રાઠોડ | અમદાવાદ |
| ૪૮. | કલ્પના સુરસિંહ ગોંદિયા | અમદાવાદ |
| ૪૯. | કલ્પેશ આર. ત્રિવેદી | અમદાવાદ |
| ૫૦. | અભિષેક બી. દરજી | ગાંધીનગર |
| ૫૧. | ગંગારામ ઝેડ. વાઘેલા | અમદાવાદ |
| ૫૨. | પ્રવીણ જે. શાહ | અમદાવાદ |
| ૫૩. | અજય ઉમટ | અમદાવાદ |
| ૫૪. | ડૉ. ભાવેશ જે. ચાંદેગરા | બાલાચડી |
| ૫૫. | મયંક જે. વ્યાસ | અમદાવાદ |
| ૫૬. | ડૉ. પ્રવીણ આર. દવે | ગાંધીનગર |
| ૫૭. | જ્યોતિ પરશુરામ વૈષ્ણવ | પાલ્લા |
| ૫૮. | પાયલ બી. રબારી | અમદાવાદ |
| ૫૯. | કોમલ જે. ઉંઝાકર | ઊંઝા |
| ૬૦. | પિંકલ સી. ઝવેરી | અમદાવાદ |
| ૬૧. | પ્રીતેશ સી. ચૌધરી | લીમડદા |
| ૬૨. | થોભણ પરમાર | સુરત |
| ૬૩. | અમિતાભ મડિયા | અમદાવાદ |
| ૬૪. | ભ્રીજલકુમાર જે. પંડ્યા | અમદાવાદ |
| ૬૫. | વલ્લરી મુકેશ ગોર | અમદાવાદ |
| ૬૬. | સ્તુતિ એમ. વોરા | અમદાવાદ |
| (૧) | દર્પણ ઍકેડેમી ઑફ પરફૉર્મિંગ આર્ટ્સ | અમદાવાદ |
| (૨) | બાર્ટન પુસ્તકાલય | ભાવનગર |

❑

# આવરણચિત્ર : સંદર્ભનોંધ

**સંકલન અને પ્રસ્તુતિ : પીયૂષ ઠક્કર**

શિલ્પકાર : ધ્રુવ મિસ્ત્રી (જ. ૦૧ જાન્યુઆરી ૧૯૫૭, કણજરી, જિ. ખેડા, ગુજરાત)
શિલ્પનું શીર્ષક : બેઠેલી એક પર્પલરંગી સ્ત્રી (Seated in Purple)
માધ્યમ : Epoxy on 3mm SS304 • માપ : ૨૩.૬ × ૧૬ × ૧૧.5 inches •
વર્ષ : ૨૦૦૩-૨૦૧૨

**ક**ળાસાહિત્યમાં આઠમા દાયકાનો દૂરગામી પ્રભાવ વર્તી શકાય છે. આ દાયકામાં ઊભરીને આવેલાં કળાકારો – સાહિત્યકારો પોતાની આગવી મુદ્રા ઉપસાવી શક્યા છે. શિલ્પકાર ધ્રુવ મિસ્ત્રી એમાંના એક વિચક્ષણ કળાકાર. ખેડા જિલ્લાના નાના એવા કણજરી ગામથી આરંભાયેલી એમની કળાયાત્રા વડોદરા થતી દેશાવરનો પ્રવાસ ખેડે છે. વડોદરાની વિખ્યાત ફાઇન આર્ટ્સ ફૅકલ્ટી, મ. સ. યુનિવર્સિટીમાંથી વર્ષ ૧૯૭૪-૮૧ દરમિયાન તેઓ શિલ્પકળાનો અભ્યાસ કરે છે. ૧૯૮૧માં બ્રિટિશ કાઉન્સિલની શિષ્યવૃતિ મળતાં લંડનની રૉયલ કૉલેજ ઑફ આર્ટમાં વધુ અભ્યાસાર્થે દાખલ થાય છે. ઉત્તરોત્તર દેશ-પરદેશના વ્યાપક પ્રવાસો ખેડે છે. અનેક મહાત્ત્વાકાંક્ષી શિલ્પોની રચના કરે છે અને અધ્યાપનાર્થે કળાસંસ્થાનો સાથે જોડાય છે. વર્ષ ૧૯૮૧માં એમનું પહેલું એકલ પ્રદર્શન યોજાય છે. એમને મળેલાં સન્માનોમાં કેટલાંક : ૧૯૯૧માં રૉયલ અકાદેમી ઑફ આર્ટ્સમાં એમની વરણી થાય છે. રાણી એલિઝાબેથ તરફથી ૨૦૦૧માં ઓનરેરી કમાન્ડર ઑફ બ્રિટિશ એમ્પાયરની ઉપાધિ પ્રાપ્ત થાય છે. વર્ષ ૨૦૦૭માં બર્મિંઘામ યુનિવર્સિટી ઓનરરી ડૉક્ટરેટની પદવી અર્પણ કરી એમનું ગૌરવ કરે છે. ૧૯૯૯માં તેમની ફાઇન આર્ટ્સ ફૅકલ્ટી, વડોદરામાં શિલ્પકળાના પ્રોફેસર તરીકે નિમણૂંક થાય છે. અને પછીના વર્ષે એમને ફૅકલ્ટીના ડીનની પણ જવાબદારી સોંપવામાં આવે છે. તેઓ ૨૦૦૨ની સાલમાં સ્વેચ્છાએ યુનિવર્સિટી છોડે છે. ધ્રુવ મિસ્ત્રીની કળાકૃતિઓ યુકે, જાપાન અને ભારતનાં અનેક અંગત સંગ્રહાલયો અને જાહેર જગાઓ શોભાવે છે. આકારા આર્ટ ગૅલેરીએ "ન્યૂ યૉર્ક : ૧૯૯૦ – ૨૦૧૯" નામે તાજેતરમાં ધ્રુવ મિસ્ત્રીનાં શિલ્પોનું એકલ પ્રદર્શન યોજ્યું હતું. એ નિમિત્તે ધ્રુવ મિસ્ત્રીની કળા વિશે થોડીક વાત.

ધ્રુવ મિસ્ત્રીની કળાસૃષ્ટિમાં માનવ કેન્દ્રમાં છે. આ માનવનું હોવાપણું એમનાં વિવિધ શિલ્પોમાં આવિર્ભાવ પામે છે. જાગતિક ઇતિહાસો અને મિથિકલ કથાનકોને એમાં તેઓ સાંકળે–સંયોજે છે. બહુધા એમની શિલ્પકળામાં પોત્તીકી–સીધેસીધી આપકથાનું નિરૂપણ નથી મળતું. નામ બદલીને વેશ બદલીને અવાંતર રૂપે તેઓ પોતાની વાત રચે છે. એ રીતે માનવીના મનની રહસ્યમયતાને તેઓ ઘૂંટે છે. દાખલા તરીકે 'મેરુ બાબા' નામે એક કાલ્પનિક પાત્રની તેઓ રચના કરે છે. સભ્ય-નગરવાસી અને જેને

આપણે આદિમ કહીએ છીએ એ બે વચ્ચેનું એ એક કાલ્પનિક પાત્ર. એના માથે શિંગડીઓ છે, ને ઉઘાડું રીંછડીયાળું શરીર છે. સભ્યતાનાં માનવીય સર્જનો વચ્ચે એ દિગ્મૂઢ ને શાંત છે. કળાકારે ફરી ફરીને આ ચિત્રોમાં પોતાને આદિમ પરિવેશમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. મો. ક. ગાંધી, શાલભંજિકા અને પિકાસોનું ગુએર્નિકા એમની સર્જનસૃષ્ટિનાં કેટલાંક અન્ય પ્રેરકબિંદુઓ છે. એમ પણ કહી શકાય કે પ્રત્યક્ષ બૃહત માનકો/ વિરાટ વ્યક્તિત્વો સાથે અને પરોક્ષપણે વ્યાપક કળાઇતિહાસ સાથે તેઓ કળાસંવાદ રચે છે.

એમનાં એકાધિક શિલ્પોમાં નક્કર પદાર્થોમાં નિહિત અવકાશની શોધ ચીંધી શકાય છે. જાણે ઘનતા અને વાયવ્યતા સંયોજતી તરલ છતાં મનનશીલ જગાની શોધ! મકાનોના વિચારને લઈને રચાયેલાં એમનાં શિલ્પોની માંડણીમાં મકાન પણ છે અને સઘળાં માળખાંઓને અતિક્રમી જતો અવકાશ પણ છે. એમનાં શિલ્પોની અન્ય એક વિશેષતા શિલ્પના રંગોની પસંદગીમાં અને એના વિવિધ એકમોના પડછાયાઓમાં જોઈ શકાય છે. દિવસના બદલાતા પ્રહરોમાં રંગ, સપાટી અને પડછાયાઓની લીલા આપણા આસ્વાદને વિસ્તારે છે.

મોટાભાગે આપણે એમ માનીએ છીએ કે શિલ્પ છે તો એને ત્રિપરિમાણો હોય જ. અથવા તો જેને ત્રિપરિમાણો હોય એ શિલ્પ જ હોય. ધ્રુવ મિસ્ત્રી એવી છેતરામણી સંરચનાઓને સહેજે શિલ્પ માનતા નથી. તેઓ કહે છે કે શિલ્પનું આયોજન એવું હોવું ઘટે કે જેને ચારે તરફથી ફરીને દર્શકે જોવું પડે. શિલ્પનો ત્રણે પરિમાણોમાં સક્રિય સંચાર હોવો જોઈએ કે જેથી દર્શક એ શિલ્પને જોતાં ધરાય નહીં. શિલ્પનો કોઈ એક જ ચહેરો નથી હોતો બલ્કે એનો પ્રત્યેક અંશ/એકમ શિલ્પકળાને ઉજાગર કરતા હોય છે. દાખલા તરીકે આડે પડખે સૂતેલી કે બેઠેલી એક સ્ત્રી એમનો મનગમતો વિષય છે. આ જ શિલ્પશ્રેણીના આપણે કેટલાક તબક્કાઓને જોઈશું તો કળાકૃતિની રચનાપ્રક્રિયાના વિધવિધ તબક્કા અંકે થશે. એ સાથે કળાકારની સર્જનપ્રક્રિયાનો પણ અંદાજ બંધાશે.

આવરણશિલ્પમાં ‘બેઠેલી એક પર્પલરંગી સ્ત્રી’ છે. રંગ અને આકારને, ઘનતા અને અવકાશને, વિગતો અને અણસારોને અપૂર્વ રીતે સંયોજતું એક શિલ્પ. ઈશાવાસ્ય ઉપનિષદની એક પંક્તિનું સ્મરણ થઈ આવે છે : પૂર્ણથી પૂર્ણ લેતાં યે પૂર્ણ રહે અવશેષમાં. (અનુવાદ : રાજેન્દ્ર શાહ).

અંતે એક વાત એ પણ નોંધવી જોઈએ કે તારીખ ૩૧ મે ૨૦૦૮ના રોજ પક્ષાઘાતના હુમલામાં ધ્રુવ મિસ્ત્રીનું આખેઆખું ડાબું અંગ નિષ્ક્રિય થઈ ગયું હતું. સાતસાત વર્ષના વિવિધ ઉપચારોને કારણે ફરીથી તેઓ હરતાફરતા થાય છે.પુનઃ સક્રિય થાય છે. પોતાનું સર્જનકાર્ય ઑટોકેડ જેવા સૉફ્ટવેરની સહાયે તેઓ શરૂ કરી શકે છે. એમની અખૂટ જિજીવિષાને સાદર વંદન! વડોદરા અને ગુજરાતમાં ધ્રુવભાઈની ઉપસ્થિતિ આપણાં માટે ગૌરવની વાત છે.

•

શિલ્પકારનું સરનામું : પ્રો. ધ્રુવ મિસ્ત્રી, ‘મેરૂ’ — ૧૬, કસ્તુરબા નગર, નૂતન વિદ્યાલય અને અય્યપા મંદિરની પાછળ, ચાણક્ય માર્ગ, સમા, વડોદરા-૩૯૦ ૦૨૪.
ઈમેઈલ : dhruvamistrysculptor@gmail.com

## આ અંકના લેખકો

| | |
|---|---|
| અનિલ ચાવડા | : સી/૨૦૩, અર્જુનવિલા, ક્રિષ્ના બંગલોઝ પાછળ, આનંદ પાર્ટી પ્લૉટ પાસે, ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦ |
| અનિલ જોશી | : ડી/૫૧, દ્વારકેશ ધામ, એલ. એમ. માર્ગ, નવાગામ, દહીંસર (વે.), મુંબઈ-૪૦૦૦૬૮ |
| અભિજિત વ્યાસ | : ગુલાબકુંજ, રણજિત મેમોરિયલ પાછળ, સત્યનારાયણ મંદિર રોડ, જામનગર-૩૬૧૦૦૧ |
| ચંદ્રકાન્ત શેઠ | : બી/૯, પૂર્ણેશ્વર ફ્લૅટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| જનક રાવલ | : મુ. ખાંભડા, તા. બરવાળા, જિ. બોટાદ-૩૬૪૭૧૦ |
| દેવયાની દવે | : ૪/સી, બિંદિયા સોસાયટી, સંગશારદા સામે, લીલાવતી હૉસ્પિટલ પાસે, રેક્લેમેશન રોડ, બાંદરા (પ.), મુંબઈ-૪૦૦૦૫૦ |
| પીયૂષ ઠક્કર | : ૧૦૩, યોગીસૃષ્ટિ ઍપાર્ટમેન્ટ, વહાણવટી માતા મંદિર પાસે, ઓઢવપુરા રોડ, ઈલોરા પાર્ક, વડોદરા–૩૯૦૦૨૩ |
| પ્રફુલ્લ રાવલ | : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈ.ઓ.સી. કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦ |
| બકુલ દવે | : બ્રહ્મ સોસાયટી, શેરી નં. ૧, જૂના રેલવે ક્રોસિંગ પાસે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. |
| મનીષા જોષી | : manisha71@gmail.com |
| યામિની વ્યાસ | : E/6/B Palm Avenue Opp. White House, Nr. Nandanvan II, VIP Road, Vesu, Surat-395007 |
| રવીન્દ્ર પારેખ | : ૧, યુનિયનધારા, મોદી બંગલા, અઠવાલાઇન્સ, સૂરત-૩૯૫૦૦૭ |
| રાજેશ પંડ્યા | : એ/૫, ઋતરાજ નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ |
| રમણીક સોમેશ્વર | : C/o. ડૉ. દર્શના ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ (કચ્છ)-૩૭૦૦૦૧ |
| રાજેશ વણકર | : મુ. રામપુરા, જોડકા, તા. ગોધરા, જિ. પંચમહાલ-૩૮૯૩૪૦ |
| રાધેશ્યામ શર્મા | : ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨ |
| વિનોદ જોશી | : 'પ્રયાગ', ૩૨, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧ |
| વિપુલ પુરોહિત | : ગુજરાતી ભાષાસાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ગૌરીશંકર સરોવર માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧ |
| Vipasha | : 600, South San Fernando Blvd., Burbank, CA. |
| સિતાંશુ યશશ્ચંદ્ર | : ૩૦૨, ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, કૉસ્મિક ઍન્કલેવ, સમા રોડ, વડોદરા–૩૯૦૦૨૪ |
| હર્ષદ ત્રિવેદી | : સુરતા, એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન પાસે, મુ. અમિયાપુર-૩૮૨૪૨૪ |
| હિમાંશી શેલત | : 'સખ્ય', ૧૮, મણિબાગ, અબ્રામા, વલસાડ–૩૯૬૦૦૭ |

**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## વર્ષ ૨૦૧૯માં પ્રકાશિત થયેલ કેટલાક સાહિત્યિક પ્રકાશનો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| ચિંતનયાત્રા (ચિંતનકણિકાઓ) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૦૦.૦૦ |
| અનીતા (નવલકથા) | નવનીત સેવક | ૨૮૦.૦૦ |
| વટ (નવલકથા) | નવનીત સેવક | ૧૯૫.૦૦ |
| લાલીને બદલે વ્હાલી (નવલકથા) | નવનીત સેવક | ૧૯૦.૦૦ |
| ગુલમોરની મોસમ (ગઝલસંગ્રહ) | ડૉ. વિરંચિ ત્રિવેદી | ૧૨૫.૦૦ |
| પક્ષીવિજ્ઞાન (પક્ષી અભ્યાસના લેખો) | ડૉ. બેન્જામિન સુવાર્તિક | ૧૦૦.૦૦ |
| ભાષાનું ઘરેણું : રૂઢિપ્રયોગો (ભાષા-રૂઢિપ્રયોગો) | સાંકળચંદ પટેલ | ૧૧૦.૦૦ |
| ઝાડવાં ફળ નથી ખાતાં રે (એજન્સી) (બાળનાટકો) | કનુ આચાર્ય | ૬૦.૦૦ |
| માય ડીયર ગાંધી (જીવન પ્રસંગો) | દિનેશ દેસાઈ | ૧૧૦.૦૦ |
| પ્રેરણાપુરૂષ સરદાર (જીવન પ્રસંગો) | દિનેશ દેસાઈ | ૧૨૫.૦૦ |
| મોહન પરમારની દીર્ઘ વાર્તાઓ (મોહન પરમારની વાર્તાઓનું સંપાદન) | સંપા. અજિત ઠાકોર | ૨૫૫.૦૦ |
| સાક્ષરનો સાક્ષાત્કાર (ભાગ-૨૭) (લેખકોના ઇન્ટરવ્યૂ) | રાધેશ્યામ શર્મા | ૪૦૦.૦૦ |
| સાક્ષરનો સાક્ષાત્કાર (ભાગ-૨૮) (લેખકોના ઇન્ટરવ્યૂ) | રાધેશ્યામ શર્મા | ૪૦૦.૦૦ |
| તમે જ કહો (ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૦૫.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| વ્હાલાનો વિજોગ (કાવ્યસંગ્રહ) | ભરત કવિ | ૫૫.૦૦ |
| પંચતંત્ર (પંચતંત્ર આધારિત કથાકાવ્યો) | વિનોદ જાની | ૧૭૦.૦૦ |
| કથાઓનો ઉજાગર કરતી કહેવતો (કહેવતો આધારિત કથાઓ) | પોપટલાલ મંડલી | ૧૯૦.૦૦ |
| પ્રેરક બોધ-પ્રસંગો (પ્રેરક પ્રસંગો) | પોપટલાલ મંડલી | ૨૦૦.૦૦ |
| ક્વિઝ ટાઈમ (સામાન્ય જ્ઞાન) | અવિનાશ પરીખ | ૮૦.૦૦ |
| વિરાટ વિશ્વ, વિરાટ વિજ્ઞાનીઓ (પ્રેરક પ્રસંગો) | નટવર ગોહેલ | ૧૧૦.૦૦ |
| સાચવેલી ક્ષણો (કાવ્યસંગ્રહ) | આકાશ ઠક્કર | ૧૯૫.૦૦ |
| મોજ-મજા-મસ્તી(શૈક્ષણિક પ્રવૃત્તિઓ) | કાન્તિલાલ જો. પટેલ | ૨૧૦.૦૦ |
| જેમનો જોટો જડે નહી(પ્રેરક પ્રસંગો) | નટવર ગોહેલ | ૧૩૦.૦૦ |
| ઊંચુ શિખર, ઊંચી શીખ (બાળવાર્તાસંગ્રહ) | હરીશ નાયક | ૧૨૦.૦૦ |
| આ વૃક્ષને સલામ કરો (બાળવાર્તાસંગ્રહ) | હરીશ નાયક | ૧૨૦.૦૦ |
| કાળા : ધોળા (બાળવાર્તાસંગ્રહ) | હરીશ નાયક | ૧૨૦.૦૦ |
| દયા ધરમકા મૂલ હૈ (બાળવાર્તાસંગ્રહ) | હરીશ નાયક | ૧૨૦.૦૦ |
| ટારઝન : ખોવાયેલી દુનિયામાં (કિશોર સાહસકથાઓ) | નવનીત સેવક | ૧૦૦.૦૦ |
| ટારઝન : દિવાનાઓના દેશમાં (કિશોર સાહસકથાઓ) | નવનીત સેવક | ૭૦.૦૦ |

## રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009
ફોન નંબર : 079-27913344, વેબ સાઇટ : http://www.rangdwar.com

**નવલકથા**

| | | |
|---|---|---|
| લાગણી | રઘુવીર ચૌધરી | 100 |
| ઉપરવાસ કથાત્રયીનો સેટ | રઘુવીર ચૌધરી | 700 |
| ઇચ્છાવર | રઘુવીર ચૌધરી | 150 |
| થોમાકાકાની ખોલી (Uncle Tom's Cabinનો અનુવાદ) | અનુ. રેમંડ પરમાર | 350 |
| વચલું ફળિયું | રઘુવીર ચૌધરી | 180 |
| વેણુ વત્સલા | રઘુવીર ચૌધરી | 150 |
| વિહંગા | રાધિકા પટેલ | 140 |
| ગોકુળ, મથુરા, દ્વારકાનો સેટ | રઘુવીર ચૌધરી | 520 |
| અમૃતા | રઘુવીર ચૌધરી | 250 |
| બદલાતી મોસમ | રક્ષા દેસાઈ | 180 |
| વિજય બાહુબલી | રઘુવીર ચૌધરી | 120 |
| લોકલીલા | રઘુવીર ચૌધરી | 160 |
| એક મુઠ્ઠી આસમાન (The Great Expectationનો અનુવાદ) | અનુ. રેમંડ પરમાર | 200 |
| સોમતીર્થ | રઘુવીર ચૌધરી | 200 |
| આવરણ | રઘુવીર ચૌધરી | 150 |
| આજની ઘડી તે... | કંદર્પ ર. દેસાઈ | 160 |
| અંતર | રઘુવીર ચૌધરી | 120 |
| કોતરની ધાર પર, ડહેલું | કાનજી પટેલ | 90 |
| મનનું માણસ લે. સુનીલ ગંગોપાધ્યાય | અનુ. પ્રીતિ સેનગુપ્તા | 100 |

કવિ જેટલો નિમ્ન કક્ષાનો તેટલો તેને વધારે પ્રયાસ કરવો પડે. ઉત્તમ કવિ કવિતા બનાવતો નથી પણ તેની કવિતા તત્ક્ષણ બને છે. કવિતા તેના માટે રચના નથી પણ સ્વભાવ છે. એ જે બોલે છે તે કવિતા છે. જેમ વૃક્ષમાં પાંદડાં ફૂટે તેમ તેનામાંથી કવિતા નીકળે છે. એના માટે એને કોઈ ખાસ પ્રયાસ કરવો પડતો નથી. કવિ જેટલો ઉચ્ચ કક્ષાનો તેટલો પ્રયાસ ઓછો કરવો પડે છે. કવિતા આપોઆપ વહેવા લાગે. કવિતા કોઈ પ્રયોજન સાથેનું નિર્માણ નથી. પણ કવિતા શ્વાસની જેમ સહજ ચાલે છે.

**– આચાર્ય રજનીશ**

પ્રજ્વલિત પ્રેમાગ્નિથી જ શબ્દાખ્ય જ્યોતિ સંભવે છે. સર્જનના રસીલા છોડવાનાં મૂળિયાં કોણ જાણે એવી કરુણતાએ જ રસાયાં હોય છે. દર્દ, વ્યથા, વિરતિ અને મૂંઝારાના ખાતર-પાણીએ સીંચાયાં હોય છે. જોકે ઘણુંયે સરજ્યા પછી સર્જકને જીવન હંમેશાં હંફાવે છે. પણ એક રીઢા જુગારીની જેમ જીવનના જુગારમાં સર્જક ઝંપલાવ્યે જાય છે. એને લાગે છે કે જીવન અને સર્જન વચ્ચે સાપ-સીડીનો સબંધ છે.

**– સુમન શાહ**

મારું માનવું છે કે પ્રતિભાશાળી માણસ મોટા ભાગે ઑલરાઉન્ડર હોય છે. તે એક વિષયનો તજજ્ઞ હોય તોપણ બીજા વિષયોથી સાવ કોરો ન હોય.

**– સ્વામી વિવેકાનંદ**

આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે છે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર થતી નથી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી.

**– મહાત્મા ગાંધી**

મંગળ-અમંગળના ભેદ વ્યવહાર માટે ભલે કામ લાગતા હોય પણ સાહિત્યસસર્જનની પ્રાણશક્તિ પામવા માટે ઉપયોગી નથી.

**– મનુભાઈ પંચોળી 'દર્શક'**

---

: સ્થાનસમર્પિત :

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

## વચનપાલન અને શીલપાલન : આ બન્નેમાં દૃઢતા લાવો

વચનપાલન અને શીલપાલન : આ બન્ને તત્ત્વોમાં આજે ચોતરફ નિર્બળતાનાં દર્શન થઈ રહ્યાં છે ! આવું અચાનક તો ન બને; તો વિવેકનો આવો અભાવ કેમ ? આનો જવાબ છે :

નિત્ય પ્રભાતે ઊઠીને માતાને પ્રણામ કરવાથી શીલપાલનનું બળ મળે છે અને પિતાને પ્રણામ કરવાથી શક્તિ પ્રગટે છે.

પ્રણામ કરવાથી તેઓના ઉપકારના સ્વીકાર સાથે 'કૃતજ્ઞતા' નામનો ઉત્તમ ગુણ પ્રગટે છે – પોષાય છે. નમ્રતા, નિરભિમાનતા વગેરે ગુણો પણ એ રીતે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. ચક્રવર્તી ભરત રાજા જેવા માનવમાં દેવ સમા ગણાય; તેવા મહારાજા પણ મરુદેવા માતાને નિત્ય પ્રણામ કરતા હતા.

આપણે પણ આપણા જીવનમાં ભક્તિ અને શુદ્ધિ ખીલવવા માટે આ કર્તવ્ય રોજ કરવું જ જોઈએ. (અંક : ૭૯)

### સેવો ઉત્તમને સદા યદિ ચાહો ઉત્કર્ષ પોતા તણો

આગ્રહશક્તિ એ જીવનને દિશા દેનારી શક્તિ છે.

તમે આ વાત તો સાંભળી જ હશે કે વનના રાજા સિંહ માટે કહેવાય છે :

'મરે ભૂખે ભાવે મૃગપતિ કદા તૃણ ન ચરે.'

સિંહ ગમે તેવો ભૂખ્યો હોય તોય ઘાસમાં મોં ન ધરે. આ એની કુલવટ છે. વિશ્વ ઉત્તમ તત્ત્વોથી વાંઝિયું નથી હોતું. હા, તેની સંખ્યામાં વધ-ઘટ થતી રહે છે. નહીંતર ઉત્તમની સાથે જ જન્મારો જાય છતાં તેને ઓળખી ન શકે. બહુલતા એ લોકોનેય परप्रत्ययनेयबुद्धि હોય છે. બીજાના અભિપ્રાય ઉપર વજન દેનારા હોય છે. આપણે એવી ટેવ પાડી દઈએ કે ઉત્તમ સિવાયનું કશું ન ભાવે. જે શ્રેષ્ઠ હોય, ગુણવત્તામાં આગળ હોય તેના ઉપર જ પસંદગી ઊતરે. અવેજી ન ચાલે; વિકલ્પ ન ચાલે. જો ઉત્તમની જ શોધ હોય તો વહેલું-મોડું તે મળે જ મળે. (અંક : ૬૯)

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

**ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર • અમદાવાદ**

## સ્પૃહા ભાર છે, તે ઉતારો હળવાશ છે

મનને કોઈ પણ, ચાહે લોખંડના, ચાંદીના કે સોનાના પિંજરે પૂરનાર સ્પૃહા છે. પછી તે સત્ વિષયક હોય કે અસત્ વિષયક.

સ્પૃહા કરી કે પુણ્ય ઓછું પડ્યું. તે મેળવવા, આંબવા પનો ટૂંકો પડ્યો.

મનની વિચિત્ર ખાસિયત છે : જે ન મળે તેને જ મેળવવા મથ્યું રહે. તે નિષ્ફળતાના કારણરૂપ પુણ્યની ખામી જુએ તો જ પુણ્ય-સંપત્તિ વધારવા તરફ તે વિચારે. પણ... वो दिन कब ? તે તો તેને હાંસલ કરવા જ લાગ્યો રહે.

તો, એવી સ્પૃહાનો ભાર લઈને જીવવાને બદલે હળવું જીવન જીવવા માટે કવિ ઉમાશંકરનું એક સૂત્ર ગાંઠે બાંધવા જેવું છે :

‘જે જે થતો પ્રાપ્ત ઉપાધિ યોગ,
બની રહો તે જ સમાધિ યોગ.’

સહજતાથી જીવવું – સારા સંકેતો મળે તો તે તરફ જીવન વાળવું. પ્રત્યેક સંકેતમાં ઈશ્વરની લિપિ જોવી. તેને ઉકેલવાની કોશિશ કરવી. આપણું જીવનકાર્ય શું હોય તેની આપણને ખબર ન હોય તેમ બને, પરંતુ ‘એને’ ખબર છે. તે જે રીતે જીવન દોરે તેની વચ્ચે દખલગીરી ન કરીએ અને ‘તેના’ દોરવાયા દોરવાઈએ. તેના ઈશારાને સમજવા ભરપૂર મહેનત કરીએ. એ સમજાય તો તે તરફ વળીએ. કાંઈક નક્કર મેળવ્યાના અહેસાસ સાથે જિંદગીની ચોપડીના બીજા પૂંઠાને પણ બંધ કરીએ. કો’ક તેને માથે મૂકશે એ શ્રદ્ધા રાખવી ગમે છે એ માટે.

મનને સમજાવવું પડે છે કે સ્પૃહા ન રાખો. પુણ્ય પ્રમાણે સામેથી જ આવશે. જાણો છો ? એના ઉપર આપણું નામ કોતરાયું છે ! બીજું કોઈ એની માલિકી નહીં કરે. મળશે, આપણને જ મળશે. – પણ તેના સમયે અને આપણા કિસ્મત પ્રમાણે.

ભરોસો રાખજો અને તૈયાર રહેજો.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

❄


સ્થાનસમર્પિત

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્‌ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | 'સાવિત્રી'ના કાવ્યખંડો | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| | (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | | | |
| ૨૩. | દક્ષિણા-૨ | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |
| | (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | | | |

**આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :**

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫**
**(૧૮૯૫-૧૯૩૫) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ**
સંપાદક : રમેશ ર. દવે
સંપાદન સહાય : પારુલ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૧૪+૪૯૪, કિંમત રૂ. ૪૨૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૬**
**(ઈ. ૧૮૯૫-૧૯૩૫)**
**ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો**
સંપાદક : રમેશ ર. દવે
પાકું પૂઠું, પૃ. ૧૮+૭૩૪, કિંમત ૪૨૫/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૭**
**(ઈ. ૧૯૧૦-૧૯૩૫) સ્વાતંત્ર્યોત્તર યુગ-૧**
સંપાદક : રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિંમત રૂ. ૪૧૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૧**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, પૃ. ૪૫૬, કિં. રૂ. ૫૬૦/-
‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ’ ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં કવિઓ, નાટ્યકારો, નિબંધકારો અને બાળસાહિત્યકારોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૨**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, ૪૮૬, કિં. રૂ. ૬૨૦/-
‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ’ ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં નવલકથાકારો, વાર્તાકારો, ચરિત્રકારો, અનુવાદકો, વિવેચકો, સંશોધકો અને સંપાદકોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

**PARAB 2020** June
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2018-2020 valid upto 31-12-2020
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
ISSN : 0250-9747

